શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૩મું

સપ્ટેમ્બર : ૨૦૧૯ ● અંક : ૩

પાના નં. ૧ ● કુલ પેજ : ૪૮

૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯ પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૯-૨૦૧૯ કિંમત : રૂા. ૧૮/-



તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) ● દિનેશભાઈ આર. મહેતા ● ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ● ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪

Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.



Sunil R. Suthar, SID, CEPT : 97237 50005
Mansukh R. Suthar : 98250 14528
Ratilal M. Suthar : 93742 04600

**HOME DESIGN**
**FURNITURE**
Showroom & Mfg. of Wooden Furniture

Office : Shop No. 102, 1st Floor, Sarthak-II, Opp. Rajpath Club, S.G. Highway, Ahmedabad-380 051.
Factory : Plot No. 64-65-66, Swagat, 3, Industrial Estate, Kuha - Kanbha Road, Kuha, Ta. : Dascroi, Dist. : Ahmedabad.
E-mail : homedesign3202@gmail.com

*Specialist for*
Dining Table
Sofa Set
Bedroom Set

**જીવદયા પ્રેમીઓ.... દાનવીર દાતાઓ.....**

શ્રી કચ્છ જિલ્લા પાંજરાપોળ ગૌશાળા સંગઠન

મુંબઈ ઓફિસ :

**મૂકેશભાઈ સાવલા : ૯૮૨૫૦ ૩૪૫૬૯**
**સાગર સાવલા : ૯૪૨૭૧ ૧૩૦૬૪**

**શ્રી કચ્છી સમાજ - અમદાવાદને**
**તથા તેના મુખપત્ર 'કચ્છશ્રુતિ'ને શુભેચ્છા....**

**શ્રી મૂકેશભાઈ એમ. સાવલા**
૧૦, શૈલજા બંગ્લોઝ, આસપલાસ બંગ્લોઝ,
ફન રીપબ્લિકની પાછળ,
રામદેવનગર, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

Maheshbhai
M. : 92272 11715

SGI

Parag Kataria
M. : 99247 19527

**SWASTIK GUM INDUSTRIES (INDIA)**

■ Manufacturers & Exporters of ■
Premium Quality Gluten Free Rice Flour,
Guar Gum Powder, Guar Meal & its Variants
Spices & Other Agro Products

Registered Office
328, G.V.M.S.A.V., Odhav, Ahmedabad-382 415, Gujarat, India.
Tel. : +91 79 22900063/64 Fax : +91 79 22900065
E-mail : swastikgum@gmail.com Web : www.swastikgum.com

iolite

**SCHOOL MANAGEMENT SOFTWARE**

**IOLITE SOFTWARES PRIVATE LIMITED**
406, Tilakraj Complex, B/h Center Point, Panchavati,
Ellisbridge, Ahmedabad - 380 006, Gujarat, India.
T +91-79-2646 4846, 2644 1050, M +91-92270 00105
E rahul@iolitesoftwares.com, www.iolitesoftwares.com

**INDOTEX**
**PAINTS**
• DURABLE • DECORATIVE • PROTECTIVE

Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajasthan, Maharashtra, Karnataka, Goa, Andhra Pradesh

જીવદયા કરુણા અહિંસા ગુંદી પાંજરાપોળ

**શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર**

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનું દવાખાનું
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
ISO 9001:2008, Certified Company



**DISTRIBUTION TRANSFORMER**
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Conforming to
IS-2026, IS-1180, 2014

OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Transformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA

WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB

**COMFORT INSTA-POWER LTD.**

| Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323 | Works 1 (Anjar - Kutch) Mo. : 9925283409 | Works 2 (Waghodia - Vadodara) |
| --- | --- | --- |


www.artnirman.com
A Project by: ART Nirman Ltd.
श्री विष्णुधारा
GARDENS
2&3 BHK | SHOPS | OFFICES
WITH ALL BRANDED FITTINGS
FOR THOSE
WHO CARE FOR QUALITY
The Limitless Luxury Living
The landmark housing project @ Gota.
SAMPLE HOUSE READY
100%* LOAN PAPERS AVAILABLE
ALL USEFUL AMENITIES
Lush Green Landscaping | Affordable Luxury | Blissful Living
WITH ALL USEFUL LUXURIOUS AMENITIES
Attractive Garden
Kids Play Area
Club House
Community Hall
Jogging Track
4 Star Guest House
Basement Parking
Multi Purpose Court
SITE OFFICE : BEHIND EULOGIA HOTEL, OFF. S.G. HIGHWAY, GOTA, JAGATPUR, AHMEDABAD.
FOR BOOKING / INQUIRY CALL › 88 66 71 44 99 | 88 66 38 44 99

રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા

# યોગાસન

## યોગાસન–પ્રાણાયામ કરો અને નીરોગી રહો

### ડૉ. પી. ડી. શર્મા



આપણા ઋષિમુનિઓએ યોગનાં આઠ અંગો – સોપાનો કહ્યાં છે : યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. યમ અને નિયમનું પાલન કરી આસનોની સાધના કરવાથી શરીરની નાડીઓની શુદ્ધિ, સ્વાસ્થ્યવૃદ્ધિ અને મનઃસ્ફૂર્તિ પ્રાપ્ત થાય છે. સર્વે યોગાસનોમાં પ્રાણાયામનું મહત્ત્વ અતિવિશેષ મનાયું છે. યોગાસનોનો અભ્યાસ પ્રાણાયામ વગર અધૂરો ગણાય છે.

આ બાબતને ધ્યાનમાં રાખીને આ **પુસ્તક તૈયાર કરવામાં** આવ્યું છે. જેમાં સરળ ભાષા અને યોગાસનોનાં સુરેખ **ચિત્રો** વડે **યોગાસન** તથા પ્રાણાયામની મદદ વડે **શરીરને** નીરોગી શી **રીતે રાખી** શકાય તે **સમજાવવામાં આવ્યું** છે.

**શરીરને** નીરોગી અને સ્ફૂર્તિલું રાખવા યોગાસનો જરૂરી છે **અને** યોગાસનો સહેલાઈથી શીખવા માટે આ પુસ્તક જરૂરી છે.

**આ પુસ્તકની વિશિષ્ટતાઓ :**

- સુંદર **ચિત્રો અને સરળ** ભાષા દ્વારા **યોગાસનો** કરવાની **સુસ્પષ્ટ સમજણ**. કોઈ પણ ગુરુના માર્ગદર્શન વિના **પણ, આ પુસ્તકની મદદથી તમે** યોગાસનો અને **પ્રાણાયામ સચોટ રીતે** કરી શકશો.
- સુંદર **ચિત્રો અને સરળ** ભાષામાં પ્રાણાયામ **કરવાની સ્પષ્ટ** સમજણ.
- સરળ **ભાષામાં ચિત્રો સાથે** સૂર્યનમસ્કારની **સ્પષ્ટ સમજણ.**
- ક્યા **રોગો દૂર કરવા માટે ક્યાં ક્યાં** આસનો ઉપયોગી થાય તે અંગેની તાલિકા.
- સુંદર, **ક્ષતિરહિત મુદ્રણ અને વાજબી** કિંમત.
- શુભ પ્રસંગોએ ભેટ તરીકે આપવા માટે.

NAVNEET®

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

## વાર્ષિક સામાન્ય સભા અંગેનો પરિપત્ર

શ્રી કચ્છી સમાજ - અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા **રવિવાર, તા. ૧૩-૧૦-૨૦૧૯ના રોજ સવારમાં ૧૦.૦૦ વાગે** શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઑફિસ : ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, પાલડી ખાતે નીચેના એજન્ડા અનુસાર મળવાની છે. જ્યાં સમાજના દરેક સભ્યને ઉપસ્થિત રહેવા આગ્રહભરી અપીલ કરવામાં આવે છે.

### એજન્ડા

૧. રવિવાર, તા. ૧૬-૯-૨૦૧૮ના રોજ મળેલ વાર્ષિક સામાન્ય સભાની મીટિંગની મિનિટ્સનું વાંચન અને તેની બહાલી.
૨. વર્ષભરની કાર્યવાહી વિશે મંત્રીશ્રીના અહેવાલની રજૂઆત અને તેના પર ચર્ચા વિચારણા.
૩. વર્ષ ૨૦૧૮-૨૦૧૯ના ઑડિટેડ હિસાબોની રજૂઆત અને તેની બહાલી.
૪. વર્ષ ૨૦૧૯-૨૦૨૦ માટે ઑડિટરશ્રીની નિમણૂક.
૫. બંધારણની કલમ-૫(ખ-૪) અનુસાર દાતા કેટેગરીના સભ્યમાંથી નિવૃત્ત થતા ૧ ટ્રસ્ટીશ્રીની જગ્યાએ તથા માનદ્ કેટેગરીના સભ્યમાંથી નિવૃત્ત થતા ૨ ટ્રસ્ટીશ્રીઓની જગ્યાએ, તથા આજીવન કેટેગરીના સભ્યમાંથી નિવૃત્ત થતા ૨ ટ્રસ્ટીશ્રીઓની જગ્યાએ નવા ટ્રસ્ટીશ્રીઓની ચૂંટણી / વરણી કરવા બાબત.
૬. બંધારણની કલમ-૫(ગ-૩) અનુસાર કાર્યવાહક સમિતિના નિવૃત્ત થતા ૫ સભ્યોની જગ્યાએ નવા કાર્યવાહક સભ્યોની ચૂંટણી / વરણી કરવા બાબત.
૭. પ્રમુખશ્રીની અનુમતિથી રજૂ થતી બાબતો પર ચર્ચા વિચારણા કરવા બાબત.

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

- **નોંધ :**

૧. કોરમના અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ ફરી તે જ સ્થળે મળશે ત્યારે તેને કોરમનો બાધ રહેશે નહીં.
૨. બંધારણની કલમ-૫ (ખ-૪) અનુસાર દાતા કેટેગરીના સભ્યમાંથી નિવૃત્ત થતા એક ટ્રસ્ટી :
(૧) શ્રી કુણાલ નરેન્દ્ર છગનલાલ શાહ
૩. બંધારણની કલમ-૫ (ખ-૪) અનુસાર માનદ્ કેટેગરીના સભ્ય ગ્રુપમાંથી નિવૃત્ત થતા બે ટ્રસ્ટીશ્રીઓ :
(૧) શ્રી હરીશભાઈ રણજીત રંગવાલા
(૨) શ્રી જગદીશભાઈ રવજીભાઈ ઠક્કર
૪. બંધારણની કલમ-૫ (ખ-૪) અનુસાર આજીવન કેટેગરીના સભ્ય ગ્રુપમાંથી નિવૃત્ત થતા બે ટ્રસ્ટીશ્રીઓ :
(૧) શ્રી હિમાંશુભાઈ ભાઈલાલભાઈ ઠક્કર
(૨) શ્રી મનુભાઈ વિઠ્ઠલદાસ કોટડિયા
૫. બંધારણની કલમ-૫ (ગ-૩) અનુસાર કાર્યવાહક સમિતિમાંથી નિવૃત્ત થતાં ૫ કારોબારી સભ્યશ્રીઓ :
(૧) શ્રી ચિત્રસેન રવજીભાઈ શાહ
(૨) શ્રી જયમીન જેઠાલાલ સોની
(૩) શ્રી જેન્તીભાઈ કરમશીભાઈ લાકડાવાલા
(૪) શ્રી અમિત ભવાનજીભાઈ સુરાણી
(૫) શ્રીમતી રેખાબેન વિનોદભાઈ પટેલ
૬. ચૂંટણીમાં ઊભા રહેનાર ઉમેદવારે મોડામાં મોડા તા. ૧૦-૧૦-૨૦૧૯ સુધીમાં સાદા કાગળ પર પોતે કઈ કેટેગરીમાં ઉમેદવારી કરવા માંગે છે તેની વિગત જણાવતો પત્ર માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ, ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, આશ્રમ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ પર મોકલી આપવાનો રહેશે.

*જેનામાં ખોટ ખાવાની તાકાત હોય, એ જ નફો કરી શકે. પછી એ ધંધો હોય કે સંબંધ.*

વર્ષ-૩૩ ● અંક - ૩
૧૫ સપ્ટેમ્બર, ૨૦૧૯

**માનદ્ સલાહકાર**
શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**
**અશોક મહેતા - મુખ્ય તંત્રી**
મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦
**દિનેશ આર. મહેતા**
મો. ૯૯૨૪૩૪૨૬૨૮
**ભોલાભાઈ ગોલીબાર**
ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**
**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**
મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮
**શ્રી ભરત ઓઝા - સભ્ય**
મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩
**શ્રી સુનીલ દાવડા - સભ્ય**
મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**
વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર

**પત્ર વ્યવહારનું સરનામું**
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

| | | | |
|---|---|---|---|
| ૨ વર્ષ | : | રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : | રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : | રૂા. | ૧૫૦૦/- |

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.

'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી

## આ અંકમાં....

● શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : વાર્ષિક સામાન્ય સભા અંગેનો પરિપત્ર ....૫

**તંત્રી લેખ**
● વર્લ્ડ બેંકનું સ્માર્ટ વિલેજ બનાવવાનું આયોજન ..... **અશોક મહેતા**....૭

**નવરાત્રી**
● ગરબા અને નવરાતની વિવિધ પરંપરાઓ ..... **ડૉ. મિહિર એમ. વોરા**....૯

**કચ્છ**
● ખાનગી સંગ્રાહકો સાચવી બેઠા છે કચ્છની ધરોહર ..... **સુચિતા બોઘાણી કનર**...૧૩
● કચ્છી નરપુંગવો ..... **ધનજી ભાનુશાલી 'કડક બંગાલી'**...૧૫

**ગુજરાત**
● ગુજરાતની આબોહવા, વરસાદ અને જમીનનાં પ્રકાર ..... **પ્રા. ડૉ. લુબના શેખ**...૧૯

**શિક્ષણ**
● આઝાદીના સંક્રાંતિ કાળથી વીસ વર્ષ સુધી કચ્છ - માંડવીની ઉત્કૃષ્ટ શૈક્ષણિક સંસ્થાઓનો વિદ્યાર્થીઓના વિકાસમાં સિંહફાળો ..... **વી. જે. ઠાકર**...૨૧

**સત્ય ઘટના**
● જિંદગીની એક અજબ કહાની ..... **પારુલ આર. પટેલ**....૨૩

**સ્વાસ્થ્ય**
● "મારા દીકરાને ભણવાનું મન થતું નથી" ..... **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દીપ્તિ શાહ**....૨૫

**નોલેજ કોર્નર**
● અસલી કેસરની પરખ ..... **અતુલ સોની (ફૂડ એનાલિસ્ટ)**....૨૭

**ગુજરાતી કથાગીતો**
● સત્ય ઘટનાનું હૃદયસ્પર્શી લોકગીત : વેરણ વીજળી ..... **સંકલન : જીના વીરેન શેઠ**....૨૯

**અપૂર્વ સિદ્ધિ**
● માત્ર દસ વર્ષના યશની અપૂર્વ સ્મૃતિઓ અને સિધ્ધિઓ ..... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૩૩

**જબાન**
● શબ્દબોધ : અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૨) ..... **તુલસીદાસ કંસારા**...૩૪

**વાર્તા**
● લાગણીનો દાખલો ..... **નવીન ત્રિપાઠી 'અલ્પ'**...૩૫
● વહેમ ..... **ધીમંતકુમાર પ્રાણશંકર ભટ્ટ**...૩૬

**પ્રતિભાવ**
● પ્રતિભાવ ....૩૭

**અન્ય સંસ્થાના સમાચાર**
● સ્વાતંત્ર્ય પર્વ ૨૦૧૯ના અનુસંધાને ઉમા યોગ કેન્દ્ર દ્વારા યોગ સેશન ..... ૩૯
● યોગ પ્રશિક્ષણ આપવા બદલ સન્માન ..... ૩૯
● પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓને બૃહદ્ ગુજરાતી મુંબઈ સમાજની મદદ ..... ૩૯
● સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યા પુરસ્કાર અને પસંદગી મેળો યોજાયો ..... ૩૯
● ઈંગ્લેન્ડના જૈન સમાજ દ્વારા ગાંધી જયંતિની ઉજવણી રૂપે થશે પીસ-ગાર્ડન અને અહિંસા-પીસ ફોરેસ્ટ ..... ૪૦

**કાવ્યો**
● કાવ્યો ..... ૪૦-૪૧

**વિવિધતા**
● શબ્દ શોધ : ક્રમાંક-૮૭ ..... **પ્રદીપ જોષી - આદિપુર**....૪૨

**સમાજ સમાચાર**
● શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ...૪૩

તંત્રીલેખ

# વર્લ્ડ બેંકનું સ્માર્ટ વિલેજ બનાવવાનું આયોજન



અશોક મહેતા

*દુનિયાભરના લોકોનું જીવનધોરણ ઊંચું લાવવા વર્લ્ડ બેંક પોતાની રીતે પ્રયાસ કરી રહેલ છે. વર્લ્ડ બેંકની યોજના પ્રમાણે ગામડાંની પ્રજાનું જીવનધોરણ ઊંચું લાવવા ગામેગામમાં ઈન્ટરપ્રિન્યોર અને સ્કીલ્ડ વર્કર તૈયાર કરી એ ગામને "સ્માર્ટ વિલેજ" બનાવવાના આયોજનો વિચારાયેલ છે અને તેનું અમલીકરણ પણ કરી દેવામાં આવેલ છે.*

*આ આયોજન પ્રમાણે વર્લ્ડ બેંક ભારતભરમાં ૧૫૦ ક્લસ્ટરને પ્રોત્સાહન પૂરું પાડી રહેલ છે અને સાથે સાથે જરૂરી ફંડ પણ પૂરું પાડી રહેલ છે. આ પ્રોજેક્ટ છેલ્લા કેટલાયે વર્ષોથી અમલમાં આવી ચૂકેલ છે.*

*આ પ્રોજેક્ટના અનુસંધાને ગુજરાત સરકારશ્રીને રૂા. ૧૦૦ કરોડ ફાળવવામાં આવેલ છે કે જેના અમલીકરણની કાર્યવાહી ગુજરાત સરકારશ્રીના એક વિભાગ 'ગુજરાત ઈકોલોજી કમિશન' (જી.ઈ.સી.)ને સુપ્રત કરવામાં આવેલ છે. ગુજરાત ઈકોલોજી કમિશને ગુજરાતના દરિયા કિનારાના ગામોના અલગ અલગ ૭ ક્લસ્ટર બનાવી ૧૧૨ ગામોમાં આ યોજના દાખલ કરવાના અમલીકરણના પંથે છે. આ ૭ ક્લસ્ટર એટલે કચ્છમાં દયાપર, નલિયા અને અંજાર તેમજ મોરબી, જામનગર, દેવભૂમિ દ્વારકા અને દાંડીનો સમાવેશ કરવામાં આવેલ છે.*

*દયાપર ક્લસ્ટરમાં ૨૨ ગામ, નલિયા ક્લસ્ટરમાં ૨૨ ગામ, અંજાર ક્લસ્ટરમાં ૧૭ ગામ, મોરબી ક્લસ્ટરમાં ભચાઉ, માળિયા અને મિયાણા તાલુકાના ૧૩ ગામ, જામનગર ક્લસ્ટરમાં ૧૧ ગામ, દેવભૂમિ દ્વારકા ક્લસ્ટરમાં ૧૯ ગામ અને દાંડી ક્લસ્ટરમાં ૮ ગામોની પસંદગી કરવામાં આવેલ છે. આ રીતે કચ્છના ૬૮ ગામ અને અન્ય વિભાગોના ૪૪ ગામોને આવરી લેવામાં આવેલ છે.*

*આ યોજના અનુસાર દરિયા કિનારાના ગામોની પસંદગી એટલા માટે કરવામાં આવેલ છે કે માછીમારનો વ્યવસાય કરતા માછીમારોને તથા સૂકી ખેતીનો ધંધો કરતા ખેડૂતોને વર્ષમાં અમુક જ મહિના કામ રહે છે અને બાકીનો સમય તેઓ કાર્યવિહીન તરીકે પસાર કરે છે. પરિણામે તેઓને ભરણપોષણની અનેક તકલીફોમાંથી પસાર થવું પડે છે. આ યોજના અનુસાર દરેક ગામમાંથી ૨ની સંખ્યામાં નાના ઉદ્યોગકાર - ઈન્ટરપ્રિન્યોર બનાવવામાં આવશે અને દરેક ગામની ૧૦ વ્યક્તિને સ્કીલ્ડ વર્કર બનાવવામાં આવશે કે જેથી તેઓ પોતાનું જીવન વ્યતીત કરવા બારેમાસ ઉદ્યમી રહી શકે.*

*નાના ઉદ્યોગકારને જરૂરી તાલીમ આપવામાં આવશે. રૂા. ૧ લાખથી રૂા. ૧ કરોડ સુધીના મૂડી રોકાણવાળો ઉદ્યોગ સ્થાપી આપવામાં આવશે કે જેમાં ૨૦ ટકા સબસિડી, ૪૦ ટકા બેંક લોન અને ૪૦ ટકા ઉદ્યોગકારના પોતાના રોકાયેલ હશે. જરૂરી મશીનરી મંગાવી આપવામાં આવશે અને તેઓએ બનાવેલ માલના વેચાણની પ્રક્રિયા પણ શરૂઆતમાં કરી આપવામાં આવશે.*

*સ્કીલ્ડ વર્કર માટે વ્યક્તિ ઈચ્છે તે પ્રમાણેના કામની તેને ટ્રેઈનિંગ આપવામાં આવશે. દા.ત. ટ્રક ડ્રાઈવર, ક્રેઈન ઑપરેટર, કોમ્પ્યુટર નોલેજ વગેરે. એ રીતે ટ્રેઈનિંગ પામેલ વર્કરને સ્થાનિક ઉદ્યોગમાં જરૂરી નોકરી પણ અપાવી દેવામાં આવશે.*

***વિવેક જીવનનું મીઠું છે અને કલ્પના જીવનની સાકર છે. એક તેને સુરક્ષિત રાખે છે, બીજું તેને મધુર બનાવે છે.***

*આ રીતે કચ્છના ૬૮ ગામની ૧૨ (૨ + ૧૦) વ્યક્તિ એટલે કે ૮૧૬ વ્યક્તિ અથવા તો ૮૧૬ પરિવાર પોતાના જીવનનો નિર્વાહ આરામથી કરી શકે અને બાકીની જિંદગી સુખચેનથી પસાર કરી શકે તેવા આયોજનો નક્કી કરી દેવામાં આવેલ છે અને તેના અમલીકરણના તરતમાં પગલા પણ લેવામાં આવી રહેલ છે.*

*અગર આ યોજનાનો સફળતાપૂર્વક અમલીકરણ થઈ શકે તો વર્લ્ડ બેંક અને ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા ગુજરાત સરકારશ્રીને ધન્યવાદ આપવા ઘટે. તેના કારણે લોકો ગામડાંમાં જ રહી શકશે અને શહેરીકરણનો ભાર હળવો કરી શકાશે.*

*આ યોજનાના અમલીકરણને વિસ્તૃત સ્વરૂપ પણ આપી શકાય.*

*કચ્છમાં અનેક સેવાભાવી સંસ્થાઓ છે તેમજ લાયન્સ ક્લબ કે રોટરી ક્લબો પણ અસ્તિત્વ ધરાવે છે. કચ્છથી બહાર પણ કચ્છની અનેક સંસ્થાઓ અસ્તિત્વ ધરાવે છે. અન્ય સ્થળોએ ઠરીઠામ થયેલ કચ્છી ઉદ્યોગકારો તથા વ્યાપાર વિભાગના માધાંતાઓ પણ છે. સાથે સાથે કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગો પણ છે. અગર આ દરેક સંસ્થાન એક એક ગામને પસંદ કરી તેને સ્માર્ટ વિલેજ બનાવવાનું બીડું ઝડપી લે તો આવતા દિવસોમાં કચ્છ ક્યાનું ક્યાંયે પહોંચી જાય.*

*આ જ ધોરણે સમગ્ર ગુજરાત અને સમગ્ર ભારતનું પણ વિચારી શકાય.*

*અગર આ આયોજનમાં કોઈ માંધાતા સહભાગી બનવા આગળ આવે તો તેણે સમગ્ર ભારતનું જીવનધોરણ ઊંચું લાવવા પ્રયાસ કરેલ છે તેવી ગણના કરવામાં આવશે. કચ્છમાં સ્થાપિત થયેલ ઉદ્યોગોની સંસ્થા "ફેડરેશન ઑફ કચ્છ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન – ફોકિયા" પણ આ લાઈન પર યોગ્ય રાહે વિચાર કરી શકે.*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***

## કચ્છશ્રુતિ : ઓક્ટોબર-૨૦૧૯ અંક

૨૭મી ઓક્ટોબરે દિવાળીનો તહેવાર હોવાથી કચ્છશ્રુતિનો હવે પછીનો અંક એટલે કે ઓક્ટોબર-૨૦૧૯નો અંક **"વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક – ૨"** તરીકે પ્રસારિત કરવામાં આવશે કે જેની વાચક વર્ગે નોંધ લેવા વિનંતી.

જે સભ્યોને 'કચ્છશ્રુતિ' પહોંચતું નથી અને જેઓને "વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક - ૨"માં રસ હોય તેવા મિત્રોને પોતાના અંકના ઓર્ડર અગાઉથી કચ્છશ્રુતિ કાર્યાલય પર મોકલી આપવા વિનંતી કરવામાં આવે છે.

કચ્છશ્રુતિના લવાજમના દર નીચે મુજબ છે :


| | | |
|---|---|---|
| ***બે વર્ષનું લવાજમ*** | : | *રૂા. ૫૦૦/-* |
| ***પાંચ વર્ષનું લવાજમ*** | : | *રૂા. ૧,૦૦૦/-* |
| ***પંદર વર્ષનું લવાજમ*** | : | *રૂા. ૧,૫૦૦/-* |

'કચ્છશ્રુતિ'નું લવાજમ ડાયરેક્ટલી બેંકમાં ભરાવવા શ્રી કચ્છી સમાજ - અમદાવાદના બેંકના ખાતાની વિગત નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| ***ખાતાનું નામ*** | : | શ્રી કચ્છી સમાજ - અમદાવાદ / Shri Kacchhi Samaj - Ahmedabad |
| ***બેંક*** | : | ભારતીય સ્ટેટ બેંક, પાલડી, અમદાવાદ |
| ***એકાઉન્ટ નંબર*** | : | ૧૦૦૧૧૩૧૫૦૩૯ |
| ***IFS કોડ*** | : | SBIN005306 |

નવરાત્રી

# ગરબા અને નવરાતની વિવિધ પરંપરાઓ



ડૉ. મિહિર એમ. વોરા

ગરબા, એ ગુજરાતી સાહિત્ય અને સંગીતની અનોખી શૈલી છે. તે ગુજરાતી સંસ્કૃતિ સાથે એટલો ગાઢ સંબંધ ધરાવે છે. ગુજરાતી સંગીતની વાત આવે એટલે ગરબા એવું અર્થઘટન આપોઆપ કરી લે છે. ગુજરાતભરમાં માતાજીના વિવિધ રૂપોની સ્મૃતિમાં અનેક લોક-ગરબાઓ ગવાય છે. કેટલાયે કવિઓ અને સંગીતકારોએ આધુનિક ગરબાઓ પણ રચ્યા છે. 'ગરબો' શબ્દનો મૂળ અર્થ થાય છે કાણાવાળી મટકી કે જેમાં જ્યોત પ્રગટાવીને દીવા તરીકે માતાજીની પૂજામાં મૂકવામાં આવે છે. ગરબો શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ 'ગર્ભદીપ' પરથી આવેલો છે. ભગવદ્ ગોમંડળમાં 'ગરબો' શબ્દનો અર્થ નીચે પ્રમાણે કરાયો છે :

*'અંદર દીવો હોય એવો કાણાવાળો માટીનો કે ધાતુનો નાનો મોરિયો. દીવો ઠરી ન જાય અને તેના કિરણ ચારેબાજુએ નીકળી શકે તે માટે તેને ઘણા કાણા રાખવામાં આવ્યા હોય છે. દેવીપ્રસાદન માટે નવરાત્રીમાં ઘરમાં પૂજાર્થે તે રાખવામાં આવે છે. તાળીઓ પાડતા દીવા કે માંડવીની આસપાસ ફરતા ગાવું તે. મોટી ગરબી, લહેકાવીને ગાવાનો એક રાગ; રાસડો.*

નાદ અને નર્તન આદિમાનવના આંતરિક આવેગ અને ઉર્મિઓની અભિવ્યક્તિ છે. ભય અને રક્ષાભાવમાંથી આદિમાનવ પૂજા કે ધર્મ તરફ વળ્યો ત્યારે એ ધર્મ કે રક્ષાભાવ એણે બલિદાન, નાદ અને નર્તન રૂપે જ વ્યક્ત કર્યો. ગરબો સર્વાંશે ધર્મનું પ્રતીક છે. ગરબા સાથે શક્તિની પૂજા, શક્તિનું મહાત્મ્ય જોડાયેલું છે. નવરાત્રીનો ગરબા ઉત્સવ એ શક્તિપૂજાનો જ ઉત્સવ છે.

'ગરબો' શબ્દની વ્યુત્પત્તિ માટે આપણા વિદ્વાનો હજુ સુધી પૂરેપૂરા એકમત નથી પરંતુ दीपगर्भो घट: / दीपगर्भो / गभो / गरभो / गरबो (ગરબો) આ ક્રમે ગરબો શબ્દ વ્યુત્પન્ન થયો હોવાનું જણાય છે.

ગરબાને તાલરાસકનાં પ્રકાર તરીકે સ્વીકારતાં શ્રી ગોવર્ધન પંચાલ લખે છે કે, "ઐતરેય આરણ્યક પરંપરાના અનુસંધાનરૂપે તાલરાસક તાલ વગાડીને થતો કોઈ નર્તન પ્રકાર ઉષાના સમયમાં પ્રચલિત હોવાનું સમજાય છે. ઉષાનું લાસ્ય તાલરાસક કે ગરબા જેવો કોઈ પ્રકાર તો નહીં જ હોય ને? ઇ.સ.ની ૧૩મી સદીના શારદાતનય રાસકને લાસક પણ કહે છે ને એ રાસક કે લાસક લાસ્ય સાથે સામ્ય ધરાવે છે. અથવા તો જો બંને સ્વીકારીએ તો ઉષાના લાસ્યને ગરબા જેવા નર્તન પ્રકાર સાથે જોડી શકાય, કારણ કે ઉપર કહેલી ઐતરેય આરણ્યકની પ્રણાલિકા સ્ત્રીઓના તાલરાસક જેવા પ્રકારનો ઉલ્લેખ તો કરે છે. આમ જોતાં ગરબા જેવા કોઈ પ્રકારની નર્તન પ્રણાલિકા ગુજરાતમાં જ પ્રથમ ઉષા દ્વારા પ્રચારમાં આવી હોય એમ દેખાય છે.

'ગરબો' સંજ્ઞાની અર્થછાયાઓ ક્રમશઃ વિસ્તાર પામતી રહી. 'ગરબો લખાય', 'ગરબો છપાય', 'ગરબો ગવાય', 'ગરબે ઘુમાય', 'ગરબો ખરીદાય' – આવા બધા અર્થો ગરબા શબ્દમાં સમાયેલા છે. નવરાત્રીમાં છિદ્રવાળા માટીના ઘડામાં દીપ પ્રગટાવીને એની સ્થાપના કરીએ, એ ઘટ તે 'ગરબો'. આ ઘટને મધ્યમાં મૂકીને, એની આસપાસ સ્ત્રીઓ ગોળાકાર ઘૂમે તે નર્તન પ્રકાર પણ 'ગરબો.' પછી આ નર્તન સાથે ગવાતું ગીત પણ 'ગરબો' સંજ્ઞા પામ્યું અને અંતે તો, મધ્યમાં ગરબાની સ્થાપના ના થઈ હોય તો પણ એ પ્રકારે વર્તુળાકાર થતું સામૂહિક નર્તન અને એની સાથે ગવાતું ગીત 'ગરબો' તરીકે પ્રચાર પામ્યા.

ગરબો એ એક લોક સંસ્કૃતિ છે. ગામડાંમાં જ્યારે અનાજ પાકી જાય, ને આનંદના દિવસો આવે ત્યારે લોકો ભેગા થઈને દેવી દેવતાની સ્તુતિ કરીને આભાર વ્યક્ત કરતા હતા. આમાંથી એક લોક સંગીતનો પ્રકાર ઉભો થયો જેને ગરબો કહેવાયો. આનું આધુનિક સ્વરૂપ એટલે ગરબા નૃત્ય. જૂની પરંપરામાં રાસ, દાંડિયા રાસ, ગોફ, મટકી, ટીપ્પણી વગેરે પ્રકાર ઊભા થયા. જુદા જુદા પ્રદેશમાં જુદી જુદી રીતે ગરબા લેવાતા થયા ને એમાં જુદા તાલ અને પગલા લેવાતા થયા.

ગરબાના બે પ્રકાર છે : પ્રાચીન ગરબો અને અર્વાચીન ગરબો. લોકવાદન, લોકસંગીત અને લોક નર્તનમાંથી પ્રાચીન ગરબો પ્રગટે છે. આ નર્તનમાં સહિયારા સમાનવેગ, સમાન અંગભંગ, સમાન ગતિ, સમાન સ્ફુર્તિ, હાથની તાળી અને હાથના હિલ્લોળની સાથે લયબદ્ધતા અને

તાલબદ્ધતા હોવી જરૂરી છે. પ્રાચીન ગરબામાં ગીત, લય, સૂર અને તાલની મિલાવટ હોય છે. માત્ર તાલીઓના તાલ આપી સંગીતપૂર્વક પગના ઠેકા સાથે સ્ત્રીઓ - સ્ત્રીઓ, પુરુષો - પુરુષો કે સ્ત્રીઓ - પુરુષો ગોળાકારે સાથે ફરીને રાસ નર્તન કરે તેને તાલીરાસક કે મંડલરાસક કહેવાય છે. જે હલ્લીસકનૃત્તનો એક પ્રકાર છે. 'અભિનય દર્પણ' ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે પાર્વતીજીએ બાણાસુરની પુત્રી ઉસાને લાસ્ય શીખવ્યું. ઉષાએ દ્વારકાની ગોપીઓને શીખવ્યું અને દ્વારકાની ગોપીઓએ સૌરાષ્ટ્રની સ્ત્રીઓને શીખવ્યું. આ રીતે પરંપરાગત રીતે લાસ્યનૃત્ય લોક જીવનમાં પ્રતિષ્ઠિત બન્યું.

એક અનુમાન પ્રમાણે શ્રીકૃષ્ણના હલ્લીસકનૃત્યના પદગતિ અને હલન ચલનમાં ઉષાએ હાથતાળીનું નર્તન ઉમેર્યું તેમજ પુરુષોને તેમાંથી દૂર કર્યા. કારણ એકલી સ્ત્રીઓ હશે તો લાસ્ય સવિશેષ લલિત, લાવણ્યમય અને સૌંદર્યયુક્ત પ્રસ્તુતિ થશે. તાલ, તાલી, ચપટી, લચક, ઠેસ, લાસ્ય અને વર્તુળાકાર તાલી રાસના મુખ્ય અંગો ગણી શકાય. ગરબામાં એક તાલી, બે તાલી, ત્રણ તાલી સાથે ચપટીના ને સંધોર્મિના અનેક પ્રકાર પ્રચલિત છે. તાલી, ચપટી અને પગની ઠેસના વિવિધ પ્રકારો તેને તાલ અને લય આપે છે એટલે વાદ્યની જરૂર રહેતી નથી (ન હોય તો પણ ચાલે). નર્તન ગોળાકારે પૂર્ણ હોય છે. બબ્બે, ચાર ચારની ગુંથણી કે અર્ધવર્તુળમાં રચાતા રચાતા ગોળાકાર થાય છે. આ લોકનર્તન ગોળાકારનું સ્વરૂપ જાળવી રાખતાં રાખતાં તેની પ્રવેશ અને પ્રસ્થાનની રચનાઓ અનેકવિધ તાલ, શબ્દો અને તેમાંથી ઊઠતા વિચારો દ્વારા સર્જાતું રહે છે. આવું પ્રવેશ અને પ્રસ્થાનનું નાવિન્ય વિશ્વના લોકનર્તનમાં અનન્ય છે. પ્રાચીન ગરબામાં હાથતાળી નર્તન મુખ્ય છે. આ ઉપરાંત માથા પર એકથી વધુ બેડાં લઇ ગરબી, માંડવડી, દીવા, દીવડી, દાંડિયા, મંજીરા વગેરે લઈ અને વિવિધ અંગમરોડ અને ચાલવૈવિધ્ય સાથેનું નર્તન જોવા મળે છે. તાલીરાસમાં ગવાતા વૃંદગીતોમાં ગરબે ઘૂમતી વખતે એકનું એક ગીત પ્રથમ વિલંબિત પછી મધ્ય અને ત્યાર પછી દ્રુત લયમાં સામાન્ય રીતે લેવાય છે.

પ્રાચીન લોકકૃતિ, લોકગીત અથવા દયારામ સુધીના કવિઓની કૃતિઓનો સમાવેશ પ્રાચીન ગરબામાં થાય છે. વિષયવસ્તુ વિશેષતઃ ભક્તિપ્રધાન હોય છે. શક્તિની આરાધના, શ્રી કૃષ્ણની લીલાઓ તેમજ લોકજીવનને સ્પર્શતા વિષયોના સાધારણ લોક સમુદાય સહજતાથી ગાઈ શકે તેવા ગેયતા પ્રધાન લોકઢાળના વૃંદગીતો જ હોય છે. મહાકાળી, અંબા, બહુચર, ચાચર, આશાપુરા વગેરે અસંખ્ય દેવીઓનું સ્મરણ કરીને ગરબો ગવાય છે. ઇ.સ. ૧૭૨૧માં ભાણદાસજીએ રચેલી ગરબી **"ગગન મંડળની ગાગરડી ગુણ ગરબી રે, તેણી રમિ ભવાની રાસ ગાઉં ગુણ ગરબી રે"** મળે છે અને ઇ.સ. ૧૭૮૦માં વલ્લભ મેવાડાએ રચેલો ગરબો **"ગગન મંડળની કરી ગાગરી રે મા, સકલ શોભા ભરી રે મા"** મળે છે.

વલ્લભ મેવાડો પ્રાચીન ગરબાઓના પર્યાયરૂપ ગણાય છે. તેના ગરબા (ગરબારૂપે લખાણ)નું કેન્દ્ર માતાની પ્રગટ ભક્તિ છે. **"મા તું પાવાની પટરાણી..."** એ તેનો અતિ પ્રસિદ્ધ પ્રાચીન ગરબો છે. આ ઉપરાંત કડીના સાંકળેશ્વર, જુનાગઢના દીવાન રણછોડજી, શામળ, પ્રેમાનંદ, દયારામ, પ્રીતમ વગેરે સર્જકોએ ગુજરાતીમાં ગરબા અને ગરબીઓ આપ્યા છે. ગરબાની મધ્યકાલીન રચનાઓ સુધી ગરબામાં ભક્તિ કે ધાર્મિક ઓચ્છવોનું પ્રતિબિંબ જોવા મળે છે. પછી ધીમે ધીમે ધાર્મિક ગરબો સામાજિક થતો ગયો. લોકગીતો અને લોકસાહિત્ય તેમાં ભળતા ગયા. મુખ્યત્વે લોકસંગીત જેના તાલોમાં એકતાલ, દાદરા, દીપચંદી, કેરવા, ઘુમાળીને હીંચ વિશેષ લેવાય છે. ત્રણ-ચાર માત્રાના પણ લોકતાલો હોય છે. રાગોમાં સારંગ, ઝીંઝોટી, બાગેશ્રી, માંડ, કાફી, કાલીંગડા, દેશ, ગારા, ખમાજ વગેરેની છાયા હોય છે. રાગની સંપૂર્ણતા નહિવત્ હોય છે. આ પ્રકારના પ્રાચીન ગરબાને અનુરૂપ સાદા લોકતાલ, લોકરાગ, લોકઢાળ હોય છે અને એવા જ સાદા લોકવાદ્યો હોય છે. **ભારતમાં** નવરાત્રીની વિવિધ રીતે ઉજવણી કરવામાં આવે છે. **ગુજરાતમાં** શરદ નવરાત્રી અને ચૈત્રી નવરાત્રીની સવિશેષ ઉજવણી થાય છે. શરદ નવરાત્રી ઉત્સવ તરીકે જ્યારે ચૈત્રી નવરાત્રી વ્રત-તપ માટે વધુ પ્રચલિત છે. ઉત્તર ભારતમાં તમામ ત્રણ નવરાત્રીઓમાં નવ દિવસોના ઉપવાસ અને દેવી માતાના વિવિધ સ્વરૂપોની પૂજા સાથે આ ઉત્સવની ઉજવણી થાય છે. ચૈત્ર નવરાત્રીનો અંત **રામ નવમી**થી થાય છે અને શરદ નવરાત્રીનો અંત **દુર્ગા પૂજા** અને **દશેરા**થી થાય છે. ઉત્તરમાં ખાસ કરીને **હિમાચલ પ્રદેશ**માં કુલુના દશેરા ખૂબ જ પ્રખ્યાત છે.

પૂર્વ ભારતમાં શરદ નવરાત્રીના છેલ્લા ચાર દિવસોને **પશ્ચિમ બંગાળ**ના રાજ્યમાં વિશેષ રીતે ઉજવવામાં આવે છે, જેને તેઓ **દુર્ગા પૂજા** કહે છે. આ રાજ્યમાં તે ઉત્સવને વર્ષનો સૌથી મોટો ઉત્સવ કહેવાય છે. દુર્ગા દેવીની સુંદર નકશીકામ કરેલી અને સજાવેલી માણસના કદની માટીની મૂર્તિઓ કે જેમાં તે મહિસાસુર રાક્ષસનો વધ કરતી દર્શાવી હોય તેવી મૂર્તિઓની ગોઠવણ મંદિરો

*મારું ને તારું કરનાર લોકો અસ્તિત્વ હારી ગયા; જતું કરનારા લોકો જ, દુનિયા જીતી ગયા.*

અને અન્ય જગ્યાઓ પર કરવામાં આવે છે. આ મૂર્તિઓની પૂજા પાંચ દિવસ માટે કરવામાં આવે છે અને પાંચમા દિવસે તેને પાણીમાં પધરાવવામાં આવે છે. પશ્ચિમ ભારતમાં, ખાસ કરીને **ગુજરાત** રાજ્યમાં નવરાત્રીની ઉજવણી ત્યાંના જાણીતા ગરબા અને દાંડિયા રાસના લોકનૃત્યથી થાય છે. ગુજરાતભર અને વિદેશમાંથી પણ લોકો આ નવ દિવસના ઉત્સવોમાં ભાગ લેવા આવે છે. તે ભારતભર અને યુ.કે. અને યુ.એસ.એ.ની સાથોસાથ દુનિયાભરના ભારતીય સમુદાયોમાં લોકપ્રિય છે.

**ગોવા**માં નવરાત્રી દરમ્યાન જાત્રાની શરૂઆત થાય છે. આખા એન્ટ્રીઝને અતિશય સજાવવામાં આવે છે. સારસ્વત બ્રાહ્મણ મંદિરોને સુંદર રીતે સજાવવામાં આવે છે અને મૂર્તિઓને પૂજા માટે બહાર લાવવામાં આવે છે. મૂર્તિઓને વસ્ત્રો અને ફૂલોથી સુશોભિત કરવામાં આવે છે. તેમના પર **ચંદન, હળદર, કંકુ** લગાવવામાં આવે છે. નવરાત્રી દરમિયાન ભક્તોને ખાસ દર્શન કરવા મળે છે અને મોટાભાગના ભક્તો કોલ પ્રસાદ માટે રાહ જોતા હોય છે કારણકે આ પ્રસાદ ભગવાન અને દેવીને પણ આપવામાં આવતો હોવાથી તેનું ભક્તોમાં બહુ મહત્ત્વ છે. દેવીઓની ઢાલની પૂજા ભક્તો કે પૂજારીઓ દ્વારા સતત ફુલો ચઢાવીને કરવામાં આવે છે. આ ફુલોને બદલવામાં નથી આવતા. ઉત્સવની છેલ્લી રાતે આ ફુલોને ભક્તોમાં પ્રસાદ તરીકે વહેંચવામાં આવે છે. સારસ્વત બ્રાહ્મણની દશ મૈત્રિકા (ગોવાની દસ બહેનો)ની મૂર્તિને મંદિરમાંથી બહાર લાવીને તેમની પૂજા કરવામાં આવે છે. આ દેવીઓના નામ આ મુજબ છે : શાંતાદુર્ગા, આર્યદુર્ગા, મહાલાસા, કાત્યાયની, મહામાયા, કામાક્ષી, વિજયાદુર્ગા, ભૂમિકા, મહાલક્ષ્મી અને નવદુર્ગા. **દક્ષિણ ભારતમાં** લોકો પગથિયા ગોઠવે છે અને તેની પર દેવીની મૂર્તિઓ મૂકે છે. તેને ગોલુ તરીકે ઓળખવામાં આવે છે. ગોલુની લાક્ષણિક છબીઓને તામિલનાડુની શૈલીમાં ભારતના મહારાષ્ટ્રમાં નવી મુંબઇના નેરૂલના ઘરમાં બાજુની જગ્યામાં રજૂ કરવામાં આવે છે.

**કેરળમાં** શરદ નવરાત્રીના છેલ્લા ત્રણ દિવસો એટલે કે અષ્ટમી, નવમી અને વિજ્યા દશમીની ઉજવણી સરસ્વતી પૂજા તરીકે કરવામાં આવે છે. જેમાં ચોપડીઓની પૂજા કરવામાં આવે છે. અષ્ટમીના દિવસે તેઓ પોતાના ઘર, પરંપરાગત બાલવાડીઓ કે મંદિરમાં પુસ્તકો મૂકીને તેની પૂજા કરે છે. વિજ્યા દશમીના દિવસે, સરસ્વતીની પૂજા બાદ ચોપડીઓને ઔપચારીક રીતે વાંચન અને લખાણ માટે બહાર કાઢવામાં આવે છે. વિજ્યા દશમીને બાળકોના લખવા કે વાંચવા માટેની નવી શરૂઆત તરીકે શુભ માનવામાં આવે છે. તેને વિદ્યાઆરંભ પણ કહેવાય છે. **કેરળમાં** આ દિવસે દસ હજાર બાળકો શબ્દની દુનિયામાં દાખલ થાય છે. **આંધ્ર પ્રદેશમાંથી છૂટા પડેલા તેલંગાણા રાજ્યમાં** નવ દિવસોના આ સમયમાં બથુકામ્મા નામનો ઉત્સવ લોકો દ્વારા ઉજવવામાં આવે છે. તે એક નવરાત્રી ઉત્સવ જેવો જ હોય છે. નવરાત્રી ત્રણ દિવસોના ભાગોમાં વિભાજિત કરવામાં આવ્યા છે જેથી દેવી કે દેવીઓના વિવિધ ભાવોની પ્રેમપૂર્વક પૂજા કરી શકાય. નવરાત્રી દરમિયાન દુર્ગા માતાના કેટલાક ભક્તો ઉપવાસ અને પ્રાર્થના કરે છે. જેથી તેમના સ્વાસ્થ્ય અને સમૃદ્ધિને દેવી તરફથી રક્ષણ મળતું રહે. આ સમય આત્મનિરીક્ષણ અને પવિત્રતાનો છે. કોઈ પણ નવું કાર્ય કરવા માટે પરંપરાગત રીતે નવરાત્રીનો આ સમય એક માંગલિક અને ધાર્મિક સમય છે. ધાર્મિક વ્રતના આ સમયે એક છિદ્રોવાળા માટલાને, જેને ગુજરાતીમાં ગરબી કહે છે, ઘરની પવિત્ર જગ્યાએ મૂકવામાં આવે છે. જેને ઘટસ્થાપન પણ કહેવાય છે. નવ દિવસ માટે આ ગરબીમાં દીવો પ્રગટાવેલો રાખવામાં આવે છે. આ માટલાને વિશ્વનાં પ્રતીક તરીકે વ્યક્ત કરવામાં આવે છે. અખંડ દીવો એક માધ્યમ છે જેનાથી આપણે તેજસ્વી આદિશક્તિની પૂજા કરીએ છીએ. ઉદાહરણ તરીકે શ્રી દુર્ગાદિવી. નવરાત્રીના સમયે વાતાવરણમાં શ્રી દુર્ગા દેવી સિદ્ધાંતો વધુ સક્રિય હોય છે. ભારતીય સમાજોમાં નવરાત્રી મોટી સંખ્યામાં ઉજવાય છે. દેવી માતા ૯ સ્વરૂપોમાં પ્રગટ થઈ અને એક એક દિવસ માટે એક સ્વરૂપની પૂજા કરવાનું કહેવામાં આવ્યું છે. દેવીના નવ સ્વરૂપો મહત્ત્વપૂર્ણ રીતે વિવિધ લક્ષણો સાથે આપણા પર પ્રભાવ પાડે છે. દેવી માહાત્મ્ય અને અન્ય લખાણમાં સંબોધેલા દેવતાઓ જે રાક્ષસોને તાબે થયા હતા તેમની ટીકા કરવામાં આવે છે. આઠમા કે નવમા દિવસે કન્યા પૂજામાં કુમારિકાઓની પૂજા કરવામાં આવે છે. ગરબા, **ભારતના** ખૂબ લોકપ્રિય ધાર્મિક **લોકનૃત્ય**નો ઉત્સવ છે. ગરબા **આસો માસની શુક્લ પક્ષની** એકમથી નોમ સુધીની તિથિઓ દરમિયાન ગવાય છે. આ રાત્રીઓ **નવરાત્રી** તરીકે જાણીતી છે. આ નૃત્ય દ્વારા દેવીની આરાધના કરવામાં આવે છે. આ ભારતના સૌથી જાણીતા તહેવારોમાંનો એક છે. નૃત્ય ઉપરાંત નવરાત્રીમાં કાણાંવાળી **મટકીમાં** અંદર **જ્યોત** મૂકીને બનાવાતા દીવાઓને પણ ગરબા કહે છે. નવરાત્રી દરમિયાન **માતાજીની સ્તુતિમાં** ગવાતા ગીતોને પણ ગરબા કહે છે.

તો હાલો ગરબા રમવા...

*(માહિતીનો સંદર્ભ : વીકીપીડિયા અને વિવિધ નવરાત અને ગરબા વિશેના અખબારી લેખો.)*

---

*સંસારમાં મનુષ્ય જ માત્ર એક એવું પ્રાણી છે, કે જેનું ઝેર તેના દાંતમાં નહીં પણ ઉચ્ચારેલા શબ્દોમાં છે.*




# ઝાડ હોય કે ડાળ,
# શાર્પેક્સ કરે શ્રેષ્ઠ દેખભાળ !

શાર્પેક્સની શ્રેષ્ઠ ક્વૉલિટીની ડાળી કાપવાની કાતરોથી આંબો, બોર, લિંબૂની ડાળીઓ ખૂબ સરળતાથી અને ઝડપી કાપાય છે. જેના સારા કટીંગ અને ફીનીશીંગ સાથે ઝાડમાં સડો, જીવડા થવાની અથવા ફૂગ લાગવાની સમસ્યા રહેતી નથી.

શાર્પેક્સના આધુનિક મશીનોથી નિલગિરિ, સુબાબુલ અને મીલીયા દુબિયાના ઝાડ ૧૦૦ ગણી ઝડપથી કાપી શકાય છે.

નકામી ડાળીમાંથી સરળતાથી ખાતર બનાવતા ચીપર, શ્રેડર અને ઝડપથી ખાડા ખોદવાના મશીનો પણ ઉપલબ્ધ.



બ્રાંચ કટર



પેટ્રોલ ચેઈન સો




ગ્રીન વેસ્ટ શ્રેડર

**શોરૂમ :** શાર્પેક્સ શોપ, 105, આરોહી કોમ્પ્લેક્સ, વર્લ્ડ ઑફ ટાઈટનની ઉપર, રસરંજનની પાસે, વિજય ચાર રસ્તા, અમદાવાદ.

**ફેક્ટરી :** પ્લોટ નં 1-5, એલ ટાઈપ એસ્ટેટ, જી.આઈ.ડી.સી, ઓઢવ,અમદાવાદ, 382 415, ગુજરાત. Toll-free: **1800-313-3303 | +91-9998333933**

# ખાનગી સંગ્રાહકો સાચવી બેઠા છે કચ્છની ધરોહર

• સુચિતા બોઘાણી કનર •

*કચ્છ કરોડો વર્ષ જૂનો ઈતિહાસ સંગ્રહી બેઠું છે. સજીવ સૃષ્ટિના પદચિહ્નો જેવા અશ્મિઓના જતન માટે સરકાર બેદરકાર છે. સિમેન્ટ કંપનીઓ દ્વારા મોટા પાયે અશ્મિઓ નાશ પામે છે. ત્યારે ભાવિ પેઢી માટે ભૂતકાળને સાચવી રાખવાની કપરી કામગીરી ખાનગી પ્રકૃતિપ્રેમીઓ બજાવી રહ્યા છે. જો સરકાર કચ્છમાં ફોસિલ પાર્ક બનાવી શકે તેમ ન હોય તો ખાનગી સંગ્રાહકોને તે માટે પ્રોત્સાહન આપવું જોઈએ. જેથી કચ્છના સ્થાનિક લોકો અને પ્રવાસીઓ કુદરતની કરામતથી વાકેફ થઈ શકે.*

આજે ઓછા વરસાદથી પીડાતા કચ્છમાં કરોડો - હજારો વર્ષ પહેલાં ભરપૂર વરસાદ પડતો હતો. સિંધુ જેવી નદીઓના પાણી ઘૂઘવતા હતા. અમુક વિસ્તારોમાં ગાઢ જંગલો પણ હતા. અમુક વિસ્તારમાં દરિયાના પાણી પણ હતા. આજના કચ્છનું ભૂપૃષ્ઠ કરોડો વર્ષોની ધરતીની ઉથલપાથલનું સાક્ષી રહ્યું છે. આ ભૂપૃષ્ઠ પર ઠેર ઠેર તેના પુરાવા પડ્યા છે. કરોડો વર્ષ પહેલાંના સજીવોના અશ્મિઓ આજે પણ બહુ સહેલાઈથી મળી શકે છે. **જે પુરાવા મેળવવા દુનિયાના અન્ય ભાગોમાં દરિયો ખૂંદવો પડે કે જમીન ઊંડે સુધી ખોદવી પડે, તેવા પુરાવા કચ્છમાં ધરતીના ઉપરના સ્તર પરથી સહેલાઈથી મળી શકે છે.** કચ્છની આવી વિશિષ્ટતા જો સાચવી નહીં શકાય તો ફરી ક્યારેય તેનું સર્જન થઈ શકશે નહીં.

કચ્છમાં પૃથ્વીની ઉત્પત્તિ પછી અલગ અલગ સમયગાળામાં ભૂપૃષ્ઠમાં થયેલ ફેરફારો, જે-તે સમયે અસ્તિત્વ ધરાવતી વનસ્પતિ અને જીવસૃષ્ટિના અવશેષો કચ્છમાં જોવા મળે છે. સરકાર આ અવશેષો જાળવી રાખવા માટે જરા પણ ગંભીર નથી. અહીં અનેક ઉદ્યોગો આવ્યા છે. તેમાં પણ વિવિધ ખનીજોના ખોદકામ થકી આ અવશેષોનો નાશ થઈ રહ્યો છે, પરંતુ સરકાર દ્વારા આ અવશેષો બચી શકે તેટલા માટે અમુક એટલો વિસ્તાર અનામત રાખવાનો આદેશ ઉદ્યોગોને અપાતો નથી. **કચ્છને જીઓ પાર્ક જાહેર કરવા માટે કે આધુનિક રીતે ફોસિલ પાર્કની રચના કરવા માટે સરકાર દ્વારા કોઈ પગલાં લેવાતા નથી.** કચ્છના અમુક પ્રકૃતિપ્રેમીઓ વિવિધ પ્રકારના અશ્મિઓનો સંગ્રહ કરીને તેને બચાવવાની કવાયત કરી રહ્યા છે. પરંતુ સરકાર દ્વારા આવા સંગ્રાહકોને પ્રોત્સાહન પણ અપાતું નથી.

અશ્મિઓની કિંમત સામાન્ય લોકો સમજી શકતા નથી, પરંતુ તેની કિંમત પુરાતન મૂર્તિ કે હડપ્પન અવશેષો કરતાં પણ અનેક ગણી વધારે હોય છે. મૂર્તિ કે અવશેષો તો અમુક સો કે હજાર વર્ષ જૂના હોય જ્યારે અશ્મિઓ તો કરોડો વર્ષ જૂના હોય છે. આજે માનવ જ્યાં વસે તે જીવસૃષ્ટિના નિર્માણ વખતના નિશાન છે. અમુક વખતે તો કહેવાય છે કે વિધાતા પથ્થરની જબાને બોલે છે, તે અશ્મિઓને ધ્યાનમાં લઈને જ કહેવાય છે.

કચ્છની જમીન સેડીમેન્ટેશન પ્રકારના ખડકોથી બનેલી છે. અહીં જમા થયા કરતો કાંપ લાખો વર્ષો પછી ખડકમાં ફેરવાય છે. દરેક સ્તર એટલે દર ચોમાસામાં જમા થતો કાંપ હોય છે. તેમાં અશ્મિઓ મળી આવે છે. આ અશ્મિઓના અભ્યાસથી તે સમયે કેટલો વરસાદ પડતો હતો? ત્યારે વાતાવરણ કેવું હતું? કેવા પ્રાણીઓ ત્યારે હતા? તે કેવી રીતે મૃત્યુ પામ્યા? તેનું સ્ટ્રક્ચર કેવું હતું? તેનામાં ઉત્ક્રાંતિ કેવી રીતે થઈ? તેનો ખ્યાલ મળી શકે. અતિ મહત્ત્વના એવા અશ્મિઓ આજે મોટી-મોટી હોટેલોમાં કે એવી જગ્યાએ સુશોભન કરવા માટે પણ લઈ જવાય છે. **જો ફોસિલ પાર્ક બનાવાય તો તે અભ્યાસુઓને તો ઉપયોગી થઈ જ શકે, ઉપરાંત પ્રવાસન માટે પણ તે ખૂબ ઉપયોગી સાબિત થાય તેમ છે.**

મોરક્કો જેવા દેશમાં પ્રવાસીઓને ફોસિલ ટૂર કરાવાય છે. બાલી અને ઈન્ડોનેશિયામાં કાયદેસર રીતે અશ્મિઓ વેચી શકાય છે, પરંતુ ભારતમાં આવી જોગવાઈ ન હોવાથી કુદરતી રીતે ગમે ત્યાં પડેલા અશ્મિઓ ગમે તે વ્યક્તિ લઈ જાય છે.

**કચ્છના મોહનસિંહ સોઢા, જુગલકિશોર તિવારી, ડો. પુલીન વસા જેવા ગણ્યાગાંઠ્યા પ્રકૃતિપ્રેમી સંગ્રાહકો પોતાની સુઝબૂઝ, આવડત, મહેનતથી આ સદીઓ જૂનો ઇતિહાસ સાચવવા પ્રયત્ન કરી રહ્યા છે.** જોકે તેમને કોઈ જાતની સહાય કે પ્રોત્સાહન મળતું નથી. આવા સંગ્રાહકોને થોડું પ્રોત્સાહન મળે, પ્રવાસીઓ અને સ્થાનિક લોકોમાં તેના વિશે જાગૃતિ લાવવા પ્રયત્ન કરવામાં આવે તે જરૂરી છે.

૮૦ વર્ષની વયના અને પાકિસ્તાનમાં

જન્મીને મોટા થયેલા મોહનસિંહજી સોઢા કચ્છમાં મળતા અશ્મિઓ અંગે વાત કરતા કહે છે, 'અશ્મિઓ એ સજીવ સૃષ્ટિનો ઈતિહાસ છે. પાકિસ્તાનથી હું ૧૯૭૦માં ભારતમાં આવ્યો હતો અને **૧૯૭૨માં મને પહેલું અશ્મિ મળ્યું હતું. જે ૧૨ કરોડ વર્ષ પહેલાં થઈ ગયેલા એમેનાઇટ્સ નામના પ્રાણીનું હતું. આજે મારી પાસે ૧૦ હજારથી વધુ અશ્મિઓ છે. ૩ હજારથી વધુ ફોટોગ્રાફ્સ છે. ૫૦ લાખનો ખર્ચ કરીને મેં ફોસિલ પાર્ક બનાવ્યો છે.** નખત્રાણા તાલુકાના અંતરિયાળ ગામ ગોધિયારમાં સવા એકરમાં મારું ફોસિલ પાર્ક બનાવ્યું છે. ફોસિલ પાર્કમાં વનસ્પતિના અશ્મિ - પ્લાન્ટ અને વુડ ફોસિલ ઉપરાંત પ્રોટોઝુઆ, ગેસ્ટ્રોપાડા વગેરે નાના જીવોના અશ્મિઓ છે. તેવી જ રીતે પાણીના મોજાનું - વોટર લેયરનું પણ અશ્મિ મારા સંગ્રહમાં છે. સી-કાઉ - દરિયાઇ ગાયની પાંસળીઓના અશ્મિ પણ છે. આઈ.આઈ.ટી. રૂરકી દ્વારા મારી આ શોધને મારું નામ અપાયું છે. આ અશ્મિઓ ડોમનીય જી.વાય. સોઢાના નામથી હવે ઓળખાય છે. મેં ૪૫ વર્ષના સમયગાળામાં કચ્છના તમામ ડુંગર, નદી-નાળા ખૂંદી નાખ્યા છે. તેના તમામે તમામ કાંકરે કાંકરા ઊથલાવી નાખ્યા છે. આવા જ અશ્મિની શોધમાં જ્યારે હું કિરો નામના ડુંગર પર ગયો હતો ત્યારે ટોચ પરથી નીચે પડ્યો અને પગ ગુમાવ્યો હતો. આજે ૮૦ વર્ષની ઉંમરે પગ ઉપરાંત આંખ પણ કામ આપતી નથી. હવે મારું આગળનું કામ મારો પુત્ર વિક્રમસિંહ સંભાળે છે.'

તેઓ વધુ વાત કરતાં જણાવે છે કે, 'કચ્છના લોકો અશ્મિઓ અને તેના મહત્ત્વથી તદ્દન અજાણ છે. સ્થાનિક લોકો પથ્થર સમજીને અશ્મિઓ લઈ જાય છે. અનેક વખત અશ્મિ વેચાય પણ છે. કંપનીઓ દ્વારા ખોદકામ કરતી વખતે તેનો નાશ થાય છે. ત્યારે મારી પાસે જે સંગ્રહ છે તેને વ્યવસ્થિત રાખવાની જરૂર છે. **જો ભુજ પાસે કે ભુજિયા કિલ્લાની અંદર થોડી જમીન ફોસિલ પાર્ક માટે અપાય તો સંગ્રહ માટે વધુ સારી રીતે મ્યુઝિયમ બનાવી શકાય અને વધુ લોકો તથા પ્રવાસીઓ તેનો લાભ લઈ શકે.** આ માટે મેં ઉચ્ચ કક્ષાએ વારંવાર રજૂઆત કરી છે, પરંતુ તેના પ્રત્યે ધ્યાન દેવાતું નથી તેનો મને અફસોસ છે.'

**અન્ય એક અશ્મિ સંગ્રાહક પ્રકૃતિપ્રેમી જુગલકિશોર તિવારીએ તો કચ્છમાં મ્યુઝિયમ ઓફ નેચરલ હિસ્ટ્રી બનાવવાની ઇચ્છા વ્યક્ત કરીને જણાવ્યું હતું કે, 'કચ્છમાં ૬થી ૧૮ કરોડ વર્ષ જૂના અશ્મિઓ જોવા મળે છે.** તે જમાનામાં પાનન્ધ્રો વિસ્તારમાં ગાઢ જંગલ હતું. **કચ્છમાં ચાર ફોસિલ રેન્જ છે : છારી - ફૂલાય, પચ્છમ - ખાવડા - કાળા ડુંગર, ઉમિયા - વાંટાય અને ભુજ પાસેનો ડુંગર ખાત્રોડ. આ ચાર જગ્યાએ મોટી સંખ્યામાં અશ્મિઓ જોવા મળે છે.** મારી પાસે ક્રેબના અશ્મિઓ છે. ઉપરાંત ૩૦-૪૦ પ્રકારના એમોનાઇટ્સ, ૧૪ કરોડ વર્ષ જૂના શંખ, વુડ ફોસિલ, સ્ટાર ફિશ, સેન્ડ ડૉલર, પેન્સિલ જેવા બેલેમ્નાઇટના અશ્મિઓ છે. સાવ નાના નખ જેવડાથી માંડીને ૨૦ કિલો વજનના ફોસિલ પણ મારા સંગ્રહમાં છે. ખૂબ વરસાદ જ્યાં પડતો હોય ત્યાં ઊગે તેવા ફર્ન વનસ્પતિના ફોસિલ પણ મને મળ્યા છે. સી કાઉની પાંસળી, મણકા, હાડકાંના અશ્મિઓ પણ છે. આ ઉપરાંત મારી પાસે કચ્છના અલભ્ય પશુ, પક્ષીઓના ફોટાઓ છે, ખડકોનો સંગ્રહ છે. **આથી જ મને કચ્છ મ્યુઝિયમ ઓફ નેચરલ હિસ્ટ્રી બનાવવાની ઇચ્છા છે.** જેમાં અભ્યાસુઓને પશુ, પક્ષી, જીવસૃષ્ટિ વિશેની તમામ ઉપલબ્ધ વિગતો મળી શકે. તેના વિષયના લેખો, પુસ્તકો, માહિતી, ફોટા, ચિત્રો, અશ્મિઓને તેમાં પ્રદર્શિત કરી શકાય. આ મ્યુઝિયમ અભ્યાસુઓ, વિદ્યાર્થીઓ ઉપરાંત પ્રવાસીઓ માટે પણ ઉપયોગી બની શકે. મારી સાથે મારો પુત્ર શિવમ પણ આ કામ ખૂબ ધગશથી કરી રહ્યો છે.

**જ્યારે માંડવીના ડો. પુલીન વસા પાસે અશ્મિઓનો મોટો સંગ્રહ છે.** તેઓ પણ માને છે કે કચ્છના અશ્મિઓને કદી ન પૂરાય તેવું નુકસાન થઈ રહ્યું છે. આ અશ્મિઓને ભાવિ પેઢી માટે, ભૂતકાળના અભ્યાસ માટે અને તેના પરથી ભવિષ્યના અનુમાન માટે પણ તેને સાચવવા જોઈએ. ડૉ. વસા કહે છે, 'જે વિસ્તારમાં સિમેન્ટ ફેક્ટરીઓ છે તે નલિયાથી નારાયણ સરોવરના પટ્ટાની જમીન સફેદ રંગની દેખાય છે. આ સફેદ રંગ એમોનાઈટ વર્ગના જીવાશ્મિઓના કારણે છે. આ જીવાશ્મિઓ કેલ્શિયમથી ભરપૂર છે. હાલ તો હજારો ટનના હિસાબે આ અશ્મિઓ ખોદાઈ રહ્યા છે. **જુરાસિક સમયગાળાના એમોનાઇટ, સ્ટારફિશના અશ્મિઓ સામાન્ય રીતે દરિયાના તળિયે જોવા મળે છે. પરંતુ કચ્છમાં તે જમીન પર છે. અહીં થતુ નુકસાન અટકાવવા ખાણનો અમુક વિસ્તાર અનામત રાખવો જોઈએ. જો આમ નહીં કરાય તો અમુક પ્રકારના ફોસિલ્સ ૧૦ વર્ષમાં જ નાશ પામશે.**'

ડૉ. વસા પાસે એમોનાઇટ્સ, સી શેલ, વુડ ફોસિલ, કરચલા, હાડકાં વગેરેના અશ્મિઓ તો છે જ, ઉપરાંત ખૂબ મહત્ત્વના એવા ડાયનોસોરનાં ઈંડાંના પણ ફોસિલ છે. તેના સી.ટી. સ્કેન પછી તેમાં ગર્ભ પણ દેખાય છે. તેઓ ભવિષ્યમાં પોતાનો સંગ્રહ માંડવી નગરપાલિકા અથવા કચ્છ યુનિવર્સિટીના ભૂસ્તરશાસ્ત્ર વિભાગના મ્યુઝિયમને આપવા ઇચ્છે છે.

**સરકાર જો પોતે અશ્મિઓની જાળવણી માટે કંઈ કરી શકતી ન હોય તો આવા ખાનગી સંગ્રાહકોને પ્રોત્સાહન આપીને, લોકોમાં તે અંગે જાગૃતિ લાવવાની જરૂર છે. નહીં તો કરોડો વર્ષ જૂની આ ધરોહરોને આપણે અમુક દસકામાં જ ખોઇ નાખીશું, તેમાં શંકા નથી.** ■

# કચ્છી નરપુંગવો

કચ્છ

• ધનજી ભાનુશાલી 'કડક બંગાલી' •

*વંકા કચ્છી વીરલા, વંકી કચ્છી પાઘ,*
*જન્મે કચ્છ ધરા મથે, તેંજો તા ધનભાગ...*
*- દુલેરાય કારાણી*

કચ્છની આગવી ભૂગોળ, રસોડામાં ચૂલા ઉપર તાવડીમાં પહેલો રોટલો કૂતરા માટે, બીજો ગાય માતા માટે અને પછીના રોટલા પોતાના બાલુડા માટેના સંસ્કાર ધરાવનાર કચ્છી માડુ શ્રી કે.કા. શાસ્ત્રીના મતે આદિ માનવ દોઢથી બે લાખ વર્ષો પહેલાં કચ્છમાં વસતો હતો એવા આ કચ્છે અનેક આપત્તિઓનો હિંમતભેર સામનો કર્યો છે અને જાણે કુદરત સામે બાથ ભીડતો હોય એવો કચ્છી માડુ દુનિયામાં ક્યાંય છાનો રહેતો નથી. ભારતની આઝાદીની લડત હોય કે વિજ્ઞાન ક્ષેત્રે પ્રસંગ હોય ત્યાં કચ્છી માડુ હંમેશાં નામ કાઢે છે. અડધા જગતની સંસ્કૃતિને સંઘરનાર કચ્છ, માતાની ગોદમાં આનંદથી બેઠેલી કોઈ બાળા શોભે તેમ ભારતમાતાની ગોદમાં બિરાજેલી એની પુત્રી કચ્છભૂમિ શોભી રહી છે. અહીંનો માડુ રેતીમાંય ખેતી કરે છે અને રજમાંથી રજત સર્જે છે. એવી આ સાહસિક અને બહાદુર પ્રજા પાસે વીરતાનો ઈતિહાસ છે. તેની ભાષા તેજીલી છે અને તેના ઉપર મહાસાગરની મહેર છે. શ્રી નરેન્દ્રકુમાર જોશી 'સમીર'ના શબ્દોમાં કહીએ તો 'કચ્છનો પુરુષાર્થ, કચ્છનું સ્વાભિમાન, કચ્છની નીડરતા અને કચ્છની ઉદારતાને મેં સહર્ષ નિહાળી છે...' એટલે જ પૂ. હરિદાસજી મહારાજે કહ્યું છે :

*કોઈ કાલર ડિને કોઈ કખ,*
*કોઈ ડિને લત ત કોઈ ડિને દુઃખ...*

એવા કચ્છમાં જે નરપુંગવો પેદા થયા છે અને માભોમનું નામ ઉજાગર કર્યું છે એવા કેટલાક શુભ નામો અંગે પ્રકાશ પાડવાનો આ નમ્ર પ્રયાસ છે.

### ૧. વિશ્વવ્યાપી નગારચી

મૂળ તો અંજાર તાલુકાના દેવળિયાના વતની, પણ સ્થાયી થયા મુંદ્રામાં. **એવા એ વિશિષ્ટ વ્યક્તિ એટલે વિશ્વવિખ્યાત નગારચી (સ્વ.) સુલેમાન જુમા.** નગાર વાદનમાં તેઓને કોઈ પહોંચી શકે તેમ ન હતા. ભારત ઉત્સવ વખતે ફ્રાંસના એફિલ ટાવર ઉપરથી નગારા વાદન કરીને એમણે આ ઉત્સવનો આરંભ કરાવ્યો હતો. હાલે તેઓ આપણી વચ્ચે નથી.

### ૨. મહંમદ અલી ઝીણા

આપણા રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજી, તેમ પાકિસ્તાનના સર્જક - રાષ્ટ્રપિતા તરીકે મહંમદઅલી ઝીણાને ઓળખવામાં આવે છે. એમના બીજા પણ અનેક પાસા છે. ભારતના રાષ્ટ્રીય નેતા તિલક મહારાજને ભારતીય ન્યાયાધીશ દાવરે છ વર્ષની કારાવાસની સજા કરી. તે સામે અપીલ થઈ. તિલકની અપીલના વકીલ તરીકે હતા શ્રી મહંમદ અલી ઝીણા. તેમને તિલક મહારાજ અને ગોપાલકૃષ્ણ ગોખલે માટે ખૂબ જ માન હતું. તિલક મહારાજને દાવરે સજા કરી એટલે સરકારે એમને 'નાઈટ હુડ'નો ખિતાબ આપ્યો. તે અનુસંધાને વકીલો માટે ભોજન સમારંભ યોજાયો. પરિપત્રમાં સહી કરવા માટે એ પરિપત્ર એમની પાસે આવ્યો ત્યારે એ પરિપત્રમાં જ એમણે નોંધ કરી કે : '....જે ન્યાયકર્તાએ એક મહાન દેશ ભક્તને જંગલી સજા કરી કેદમાં ધકેલીને સરકાર જે કરવા માંગતી હતી તે કર્યું છે તેના માનમાં ભોજન સમારંભ ગોઠવતા આપણા મંડળે વિચારવું જોઈએ...'

શ્રી ઝીણા સંઘની સભાઓમાં જતા હતા અને સંબોધન કરતા : 'વિદ્યાર્થીઓએ આંતરકોમી એકતા માટે કામ કરવું જોઈએ. તે વિના આપણે બ્રિટીશ ધુંસરીને હચમચાવી શકીશું નહીં. અને આપણા દેશ માટે આઝાદી પ્રાપ્ત કરી શકીશું નહીં.' **એવા મહંમદઅલી ઝીણાને સૌરાષ્ટ્રના ગણવામાં આવે છે પરંતુ કરાંચીમાં આવેલા એમના મકબરા પર લાગેલી તક્તીમાં લખ્યું છે : શ્રી મહંમદઅલી ઝીણા કચ્છ ગામ ભારાસરના ઇશના અસરી ખોજા અને વતની હતા.**

### ૩. તિલક સ્વરાજ ફંડ

એક ઔર કચ્છી માડુનો પરિચય ઘણો જ રોમાંચિત છે. પૂ. ગાંધીજીએ તિલક મહારાજ સ્વરાજ ફંડ રૂપિયા એક કરોડનું ભેગું કરવાનું જાહેર કર્યું. **એ ફંડના પ્રથમ દાતા હતા કચ્છી માડુ ઉમર સોમાની.** એમણે ગાંધીજીને કોરો ચેક આપી તેમાં રકમ ભરી લેવા વિનંતી કરી. એ જોઈ ગાંધીજીએ કહ્યું, **'મુંબઈમાં જ મને ૧૦૦ સોમાનીઓ મળી જાય તો મારે મુંબઈ બહાર જવાની જરૂર નથી.'**

### ૪. બનારસ હિંદુ વિશ્વ વિદ્યાલય

**બનારસ વિશ્વ વિદ્યાલયના**

*જેમ એક પૈડાં વડે રથ ચાલી શકતો નથી તેમ પુરુષાર્થ વિના પ્રારબ્ધ સિદ્ધ થતું નથી.*

**નિર્માણ કાર્યમાં જેઓ સહભાગી રહ્યા તે શેઠ ખેતશી ધુલ્લા કચ્છ સુથરીના હતા.** યુનિ.ના સંચાલક મદન મોહન માલવિયાને નાણાંકીય સલાહ આપનાર એમણે પણ આ માટે માલવિયાજીને કોરો ચેક આપ્યો હતો.

**૫. ભડલી વાક્યો**

વરસાદની આગાહી માટે 'ભડલી વાક્ય' એ શબ્દપ્રયોગ ગુજરાત - સૌરાષ્ટ્ર - કચ્છમાં થાય છે. **તો આ 'ભડલી વાક્ય' જેના ઉપરથી નામ પડ્યું એ ભડલી કચ્છની હતી એ આપણને ખબર છે?**

પાંડવોને ૧૪ વર્ષનો વનવાસ મળ્યો... અને પછી એક વર્ષ અજ્ઞાતવાસમાં રહેવાનું હતું. આ અજ્ઞાતવાસ દરમિયાન પાંડવો કચ્છમાં રહ્યા હતા ત્યારે પોતાનાથી પણ સારું જ્યોતિષ જાણતી કુંભારણ કન્યા 'ભડલી' સાથે સહદેવે લગ્ન કર્યા હતા. તેમને 'દંક' નામે એક પુત્ર પણ થયો હતો. માતા-પિતા-પુત્ર એ ત્રણેએ વરસાદની આગાહી કરતા જે ચિહ્નો કહ્યા હતા એ 'ભડલી વાક્યો' કહેવાયા અને એ ગામનું નામ પણ પછીથી 'ભડલી' થયું. નખત્રાણા તાલુકાનું ભડલી...

**૬. દાદાભાઈ નવરોજી**

**ભારતના પ્રખ્યાત 'દાદા' તરીકે ઓળખવામાં આવે છે એ સ્વાતંત્ર્ય યોધ્ધા દાદાભાઈ નવરોજી પરિવાર વસવાટે કચ્છના હતા.** એમણે સને ૧૯૦૬ના કલકત્તા કોંગ્રેસના પ્રમુખપદેથી 'સ્વરાજ' શબ્દ આપ્યો હતો. એ દાદાભાઇના પુત્ર અરદેસર કચ્છ (માંડવી)માં કચ્છ રાજયના તબીબ હતા. એમનું મૃત્યુ ૩૩ વર્ષની ભર યુવાનીમાં થયું. માંડવીના સલાયાના પારસી કબ્રસ્તાનમાં એમની કબર પર અંગ્રેજી અને ગુજરાતીમાં લખાયું છે કે – 'બ્રિટિશ પાર્લામેન્ટના સભાસદ ઑનરેબલ દાદાભાઈ નવરોજીના એક બેટા ડૉ. અરદેશર દાદાભાઈની યાદમાં (મૃત્યુ : તા. ૭-૧૦-૧૮૮૩)

એ ડૉક્ટર અરદેશના બે પુત્રો અને એક પુત્રી. એક પુત્ર સરોજ કચ્છ પોલીસ ખાતામાં ઉચ્ચ હોદ્દે અને બીજા પુત્ર જમશેદપુરના ટાટાના લોખંડના કારખાનામાં કાર્યરત હતા. એ ત્રણે સંતાનોએ લગ્ન કર્યા ન હતા.

**૭. શામ પિત્રોડા**

રાજીવ ગાંધીની ૨૧મી સદીના ભારતની કલ્પનાવાળા વિશ્વવિખ્યાત વિજ્ઞાની (ટિકનોક્રેટ્સ) અને લંડન સ્થિત વર્લ્ડ ટેલ કંપનીના તેઓ ચેરમેન. રાજીવ ગાંધીએ એમને ભારતને ૨૧મી સદીમાં લઇ જવાનું કહ્યું. **આજે આપણે એસ.ટી.ડી. અને ઇલેક્ટ્રોનિક્સ એક્સચેન્જનો જે લાભ લઇએ છીએ એ શામ પિત્રોડાને આભારી છે. તેઓ અંજાર તાલુકાના ખેડોઇ ગામના વતની છે.**

**૮. જીવરાજ બાલ**

**નામ જીવો. માંડવી (કચ્છ)માં ગરીબ ભાટિયા કુટુંબના જન્મ્યા સને ૧૭૮૫માં.** ૨૪ વર્ષની ઉંમરે વહાણમાં ચડી મુંબઈ ગયા. બે પૈસાનો આટો લઈ ગુજરાન ચલાવતા એવી ગરીબી. એક પારસી શેઠે એમના પર રાજી થઈ પાંચ રૂપિયાના પગારે રાખ્યા. પછી મુકાદમ બન્યા. એમની જે બચત હતી તે શેઠ પાસે જમા રાખે. રૂા. ૫૦૦/-ની મૂડી ભેગી થતાં કોન્ટ્રાક્ટ રાખવા માંડ્યા. ને એ ધંધામાં પૈસા થતા જીવામાંથી જીવરાજ અને પછી જીવરાજ શેઠ પણ બન્યા. પરણ્યા પછી એ ધંધો જામતા એમણે દેશમાંથી મા-બાપને મુંબઈ બોલાવી લીધા. ઈસ્ટ ઇન્ડિયા કંપની બંધ તઈ ત્યારે અડધા કરોડના આસામી હતા. તેઓ ઈસ્ટ ઈન્ડિયા કંપનીને પણ નાણાં ધીરતા. આ જીવરાજ શેઠ એટલે જીવરાજ બાલુ... એ નામે જ પછીથી ઓળખાયા. કચ્છ માંડવીના તેઓ ભાટિયા હતા.

**૯. પંડિત શ્યામજી કૃષ્ણવર્મા**

**ભારતમાં રહી, 'અંગ્રેજ તુમ ચલે જાઓ' કહેનાર નેતાઓ કરતા પણ સવાયા નેતા એવા પંડિત શ્યામજી કૃષ્ણવર્માનો જન્મ શાહવાળી મસ્જિદ શેરીમાં કચ્છ માંડવીમાં તા. ૪થી ઓક્ટોબર, ૧૮૫૭ના રોજ થયો હતો.** પણ તેઓ તો ઈંગ્લેન્ડની રાજધાનીમાં જઈ ત્યાં ઇન્ડિયા હાઉસની રચના કરે છે અને ગણેશ માવલંકર, વીર સાવરકર, મદનલાલ ધીંગરા, ભીકાઈજી કામા જેવા ક્રાંતિકારીઓને ત્યાં રહેવા - જમવા અને જરૂર પડે ત્યાં કોર્ટમાં વકીલની વ્યવસ્થા કરનાર શ્યામજી કૃષ્ણવર્માને આદ્ય ક્રાંતિવીર કહેવામાં આવે છે.

*હાલો હેડા જીરાણમેં, શેણાને કરીએ સાદ,*
*મિટ્ટી સે મિટ્ટી મિલી, તોય હીંકાર ડીએં હુડા...*

માટીમાં મળી ગયા પછી પણ જેના હાડકા હોંકારા દે એવા કચ્છી માડુની વાત જ અનોખી છે અને જાત પણ અનોખી છે.

**૧૦. કચ્છી મેમણ**

ઈ.સ. ૧૫૨૪માં સિંધના નગરઠઠ્ઠાથી મેમણ સમાજના ૭૦૦ કુટુંબો અને ૬૧૭૯ વ્યક્તિઓ કચ્છમાં વસ્યા અને તેઓ કચ્છી મેમણ તરીકે ઓળખાયા. લગભગ ૨૦૦ વર્ષ બાદ, કચ્છની દુષ્કાળ જેવી કુદરતી આપદાઓને લીધે રોજીરોટી મુશ્કેલ બનતાં હાલાર - સૌરાષ્ટ્ર બાજુ અનેક કચ્છી મેમણોએ હિજરત કરી. મહાત્મા ગાંધીજીને ૬૫ પાઉન્ડના પગારે આફ્રિકા લઈ જનાર

અબ્દુલ આદમ ઝવેરીના બંગલેથી જ આઝાદીની લડત લડવાની પ્રેરણા મળી હોવાનું પણ નોંધાયું છે.

**હાલે, બેંક ઓફ મોરેસિયસની રૂા. ૨૦૦/-ની ચલણી નોટ પર જે ફોટો દેખાય છે તે મોરેસિયસના નાયબ વડાપ્રધાન રહી ચૂકેલા કચ્છી મેમણ સર અબ્દુલ રઝાક છે. આ અબ્દુલ રઝાકના દોહિત્ર મૂળ કોડાયના મોહંમદ ઇરફાન અબ્દુલ રહેમાન હાલે મોરેસિયસના ચૂંટણી કમિશનર છે.**

**પ્રા. કે.ટી. શાહ, મહંમદ કરીમ ચાગલા જેવા નરપુંગવો જેના સંતાનો છે, એવા કચ્છી માડુને પાતાળમાં નાખીએ તોય ભૂલી શકતો નથી.** એવા કચ્છી માડુએ જેમણે નામના કાઢી છે એ પૈકીના કેટલાકને અહીં યાદ કર્યા છે. જેમને અહીં યાદ કર્યા નથી એમની કિંમત પણ કંઈ ઓછી નથી. કચ્છ હોય કે કોચીન, કેરાલા હોય કે કારગીલ... કચ્છી બચ્ચો અછાનો નહીં રહે. એવા કચ્છી ભાંડરુ અંગે જાણીતો દુહો મૂકું તો :

*જિતરા કચ્છી કચ્છમેં તેનું બિમણા બાર,*
*પર્યા વસેંતા વતનનું ભૂલેં નતા લખવાર...*

## કચ્છ - માંડવીની શ્રી ગોકુલદાસ તેજપાલ હાઈસ્કૂલની સુવર્ણ યાદ – (૨)

'કચ્છશ્રુતિ'ના માસ ઓગસ્ટ-૨૦૧૯ના અંકમાં ઉપરોક્ત લેખમાં આપવામાં આવેલ ફોટોગ્રાફ્સમાંના ભૂતપૂર્વ શિક્ષકોના નામ મંગાવવામાં આવેલ હતા. આ અંગે ૩ પત્રો લેખના લેખકશ્રીને મળેલ છે. સાચા નામ જણાવનાર ૩ વ્યક્તિ ક્રમ પ્રમાણે નીચે મુજબ છે :

*૧. શ્રી વી. જે. ઠાકર - મોરબી*
*૨. શ્રી ઈન્દ્રવદનભાઈ અંતાણી - ગાંધીનગર*
*૩. પ્રો. સત્યેન્દ્રભાઈ પટણી - અમદાવાદ.*

આ ત્રણે વ્યક્તિઓને અનુક્રમે નીચે પ્રમાણેના એક-એક પુસ્તક ભેટ સ્વરૂપે અપાશે.

(૧) ધણીને ધાકમાં રાખો પ્લસ!
(૨) વરઘોડો - વનેચંદના પુત્રનો!
(૩) સ્વર્ણિમ ગુજરાતમાં ચોવીસ કેરેટનું હાસ્ય!

*ચણો કહે હું ખરબચડો, મારો પીળો રંગ જણાય;*
*જો રોજ પલાળી મને ખાય, તો ઘોડા જેવા થવાય.*


**Mahalaxmi**
**INFRACONTRACT PVT. LTD.**
*Mining for Better Tomorrow*

• CORPORATE OFFICE •
B-21, Corporate House, Opp. Pakvan-2,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
Fax : +91-79-26856713
**CIN No. : U14200GJ2010PTC060146 Dt. 04-05-2010**

• REGD. OFFICE •
102, Shanti Chambers, Nr. Bank of Baroda,
Station Road, Bhuj, Kutch, Gujarat, INDIA.
Phone : (02832) 256059
E-mail :mahalaxmi@miplgroups.com
E-mail : mahalaxmi_1994@hotmail.com
Website : www.miplgroups.com

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599

K C I
**KARMA**
**CHEMICAL INDUSTRIES**

**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**

• FACTORY •
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110
• RESIDENCE •
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

જેમની 'તત્ત્વમસિ' નવલકથા પરથી તૈયાર થયેલી ગુજરાતી ફિલ્મ 'રેવા'ને તાજેતરમાં રાષ્ટ્રીય પુરસ્કાર મળ્યો છે, તેવા નવલકથાકાર

**ધ્રુવ ભટ્ટની વસાવવા જેવી નવલકથાઓ**






| | |
|---|---|
| ન ઇતિ | 200 |
| પ્રતિશ્રુતિ | 225 |
| તિમિરપંથી | 225 |
| અતરાપી | 180 |
| અગ્નિકન્યા | 200 |
| લવલી પાનહાઉસ | 225 |
| અકૂપાર (પુરસ્કૃત) | 300 |
| તત્ત્વમસિ (પુરસ્કૃત) | 200 |
| કર્ણલોક (પુરસ્કૃત) | 150 |
| સમુદ્રાન્તિકે (પુરસ્કૃત) | 150 |

સ્વતંત્ર ભારતમાં જન્મેલા ભારતના પ્રથમ વડાપ્રધાન અને સર્વાધિક લોકલાડીલા નરેન્દ્ર મોદીના શાસનકાળનાં પ્રથમ પાંચ વર્ષની ગૌરવગાથા આલેખતું પુસ્તક.

**નરેન્દ્ર મોદી**




P.M. फिर से

લેખક
નમન ર. મુનશી

કિંમત
₹ 250

શેરબજાર વિશે સંપૂર્ણ અને સચોટ માર્ગદર્શન આપતાં ડૉ. હર્ષદ કામદારનાં પુસ્તકો

શેરબજારમાં સફળ થવાના 25 મહામંત્રો ₹ 120

શેરબજારનું ટેકનિકલ એનાલિસિસ સમજી જીત મેળવો ₹ 120

શેરબજારના ફન્ડામેન્ટલ સિદ્ધાંતો જાણી સફળ બનો ₹ 110

**ફિલ્મજગત, રંગભૂમિ અને લોકકલાઓ વિશેની રસપ્રદ વાતો તથા તેની સાથે સંકળાયેલા કલાકારોનાં જીવનચરિત્રોનાં વસાવવા જેવાં અણમોલ પુસ્તકો**

| | | |
|---|---|---|
| મારી આત્મકથા (અંગ્રેજી) | ચાર્લી ચેપ્લિન, અનુ. રવીન્દ્ર ઠાકોર | 220 |
| અમિતાભ બચ્ચન (બંગાળી) | સૌમ્ય બંદોપાધ્યાય, અનુ. બકુલ દવે | 750 |
| મુહમ્મદ રફી | અશોક દવે | 400 |
| રંગવિમર્શ | ભરત દવે | 250 |
| વાસ્તવવાદી નાટક | ભરત દવે | 400 |
| નાટ્યસર્જન | ભરત દવે | 280 |
| રંગભૂમિના અંતરંગ | જનક એચ. દવે | 125 |
| રંગભૂમિનાં રંગભીનાં સંભારણાં | સંપા. બેલા ઠાકર | 250 |
| ઉપેન્દ્ર ત્રિવેદી આત્મકથન તથા અન્ય આલેખ | સંપા. રજનીકુમાર પંડ્યા, બીરેન કોઠારી | 500 |
| લોકવિદ્યાવિદ્ શ્રી જોરાવરસિંહ જાદવ : અભિવાદન ગ્રંથ | સંપા. કિશોરસિંહ સોલંકી | 300 |

**આ ઉપરાંત પદ્મશ્રી દુલાભાયા કાગ, દુલેરાય કાલાણી, હરેશ ધોળકિયા, દર્શનાબહેન ધોળકિયા, ધીરેન્દ્ર મહેતા જેવા વિવિધ કચ્છી સર્જકો અને કચ્છી સાહિત્યનાં રસદાર પુસ્તકો માટે સંપર્ક કરો**

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્યભવન**
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663. e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસેન્ટર પાસે, સીમા હૉલની સામે, 100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15
ફોન : 26934340, મો. 9825268759 ઇમેલ : gurjarprakashan@gmail.com

ગુજરાત

# ગુજરાતની આબોહવા, વરસાદ અને જમીનનાં પ્રકાર



પ્રા. ડૉ. લુબના શેખ

ભારત એક ખેતીપ્રધાન દેશ છે. ભારતના મોટાભાગનાં ખેતીપ્રધાન રાજ્યોમાં આપણું ગુજરાત રાજ્ય પણ ખેતીપ્રધાન રાજ્ય ગણાય છે. ગુજરાતની ખેતી મોટેભાગે વરસાદ પર જ આધાર રાખે છે. ગુજરાતની ખેતી ગ્રામીણ પ્રજા માટે જીવન નિર્વાહનો એક સાધન છે. અતિ આધુનિકતા ધરાવતા ઔદ્યોગિક વિકાસની વચ્ચે પણ ખેતીએ પોતાનું અસ્તિત્વ આજે પણ ટકાવી રાખેલ છે. **ઔદ્યોગિકીકરણને કારણે ખેતી ક્ષેત્રની અવગણના કરવામાં આવે છે.** તેથી ગુજરાતમાં ખેતીનાં ઉત્પાદન અને ઉત્પાદકતામાં ઘટાડો થયેલો જોવા મળે છે.

ગુજરાત 'સ્વતંત્ર રાજ્ય' તરીકે વર્ષ ૧૯૬૦માં અસ્તિત્વમાં આવેલ છે. **ગુજરાતનો ભૌગોલિક વિસ્તાર ૧૯૬ લાખ હેક્ટર છે.** તેમાંથી ૧૮૮ લાખ હેક્ટર ખેતીલાયક જમીન છે. ભારતમાં ૫૦ ટકા જેટલી જમીનનો ઉપયોગ ખેતી ક્ષેત્રે કરનાર રાજ્યોમાં ગુજરાતને ૧૧મું સ્થાન પ્રાપ્ત થયેલ છે. ગુજરાતની ૨/૩ વસ્તી ખેતી પર આધારિત છે. અત્યાર સુધી ૫૫ ટકા જમીન ખેતી હેઠળ ઉપયોગમાં લાવવામાં આવી છે. તેથી વધારે જમીન ખેતી હેઠળ લાવી શકાય તેમ નથી.

ગુજરાતની આબોહવા, વરસાદનું પ્રમાણ અને જમીનનો પ્રકાર ખેતી પર અસર કરે છે. અહીં તેની ટૂંકી માહિતી આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.

- **ગુજરાતની આબોહવા :**

ગુજરાતની આબોહવા સંપૂર્ણ વર્ષ દરમિયાન મુખ્યત્વે ગરમ હોય છે. ગુજરાતના પશ્ચિમ કિનારે અરબી સમુદ્ર અને ખંભાતનો અખાત આવેલો હોવાથી ત્યાંની આબોહવા આહ્લાદક અને ઓછા પ્રમાણમાં ગરમ હોય છે. **ગુજરાતમાં મુખ્ય ચાર ઋતુઓ જોવા મળે છે :** શિયાળો, ઉનાળો, ચોમાસુ અને શરદ ઋતુ. ગુજરાતમાં સામાન્યપણે વરસાદનું પ્રમાણ સપ્ટેમ્બર માસથી ઘટતું જાય છે. **વાતાવરણમાં ભેજનું પ્રમાણ ઘટે છે. તેથી ઓક્ટોબર અને નવેમ્બર માસને શરદ ઋતુ તરીકે ઓળખવામાં આવે છે.** આ સમય દરમિયાન મોસમી પવનો પાછા ફરતા હોવાથી તે પાછા ફરતા મોસમી પવનોની ઋતુ તરીકે પણ ઓળખાય છે. જ્યારે ગુજરાતમાં શિયાળો સામાન્યપણે નવેમ્બરથી ફેબ્રુઆરી દરમિયાન જોવા મળે છે. જ્યારે મે મહિનામાં તાપમાન ૪૨° સેન્ટિગ્રેડથી પણ વધારે જોવા મળે છે.

જામનગર, રાજકોટ, સુરેન્દ્રનગર, કચ્છ વિસ્તારમાં વાતાવરણ ખૂબ જ સૂકું જોવા મળે છે. તાપમાનનું પ્રમાણ ૧૮° સેન્ટિગ્રેડ અને વરસાદ ૫૦ સે.મી. (૨૦ ઇંચ) કરતાં પણ ઓછો છે. વડોદરા, સુરત, ભરૂચ, ડાંગ, વલસાડ જિલ્લામાં ઉષ્ણતામાન ૨૨° સેન્ટિગ્રેડની આસપાસ અને વરસાદ ૧૦૦ સે.મી. (૪૦ ઇંચ)થી પણ વધારે હોય છે. અમદાવાદ, ગાંધીનગર, જૂનાગઢ, સાબરકાંઠા, બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં વાતાવરણ ૨૨° સેન્ટિગ્રેડ અને વરસાદ ૫૦થી ૬૦ સે.મી. (૨૦ ઇંચથી ૨૨ ઇંચ)ની નજીકમાં જોવા મળે છે.

- **ગુજરાતની જમીન અને વરસાદનું પ્રમાણ :**

ગુજરાતમાં ખેતીક્ષેત્રે આવેલી લગભગ ૩૦ ટકા જમીનને સિંચાઈની સુવિધા પ્રાપ્ત થયેલી છે. જ્યારે મોટાભાગની ખેતી વરસાદ પર આધારિત છે. જમીન અને વરસાદની દૃષ્ટિએ ગુજરાતમાં વિવિધ વિસ્તારોને આઠ (૮) વિભાગોમાં વહેંચવામાં આવેલ છે :

૧. **દક્ષિણ ગુજરાતનો સૌથી વધુ વરસાદવાળો વિસ્તાર:** આ વિસ્તારમાં સંપૂર્ણ વર્ષ દરમિયાન ૧૫૦૦ મિ.મિ.થી વધુ વરસાદ પડે છે. ત્યાંની જમીન ઊંડી, કાળી અને કાંપવાળી હોવાથી ખૂબ જ ફળદ્રુપ છે. તેમાં સમગ્ર ડાંગ જિલ્લો અને સુરત જિલ્લાનાં સોનગઢ, વ્યારા, વાલોડ તાલુકાના વિસ્તારોનો સમાવેશ થાય છે.

૨. **દક્ષિણ ગુજરાતનો અંબિકા અને નર્મદા નદી વચ્ચેનો વિસ્તાર :** આ વિસ્તારમાં વર્ષ દરમિયાન સરેરાશ ૧૦૦૦થી ૧૫૦૦ મિ.મિ. જેટલો વરસાદ પડે છે. ત્યાંની જમીન કાળી માટીવાળી અને ફળદ્રુપ છે. તેમાં વલસાડ જિલ્લાનાં નવસારી અને ગણદેવી તાલુકાની સાથે સુરતના વાલોડ, સોનગઢ અને વ્યારા તાલુકા સિવાયના બાકીના તાલુકાઓ તેમજ ભરૂચ જિલ્લાના વાલિયા, અંકલેશ્વર, નાંદોદ, ઝઘડિયા, ડેડિયાપાડા અને સાગબારા તાલુકાઓનો સમાવેશ થાય છે.

*વિચાર વિના શીખવું એ મહેનત બરબાદ કર્યા જેવું છે અને વિવેક વિના આચરવું ભયંકર છે.*

૩. **મધ્ય ગુજરાતનો નર્મદા અને વિશ્વામિત્રી નદી વચ્ચેનો વિસ્તાર :** સમગ્ર વર્ષ દરમિયાન આ વિસ્તારમાં ૮૫૦થી ૧૦૦૦ મિ.મિ. જેટલો વરસાદ થાય છે. જમીન મધ્યમ કાળી, ગોરાડુ અને થોડી ડુંગરાળ પણ છે. તેમાં સમગ્ર પંચમહાલ અને ભરૂચ જિલ્લાના જંબુસર, શિનોર, કરજણ, ડભોઈ, સંખેડા, નસવાડી તેમજ જેતપુર અને જેતપુર-પાવી તાલુકાના વિસ્તારોનો પણ સમાવેશ થાય છે.

૪. **ઉત્તર ગુજરાતનો વિશ્વામિત્રી અને સાબરમતી નદી વચ્ચેનો તેમજ સાબરમતીનો ઉત્તર બાજુનો વિસ્તાર :** આ વિસ્તારમાં સરેરાશ વાર્ષિક ૬૦૦ મિ.મિ.થી ૮૫૦ મિ.મિ. જેટલો વરસાદ જોવા મળે છે. અહીંની જમીન ગોરાડુ અને રેતાળ છે. આ વિસ્તારમાં વડોદરા જિલ્લાના વાઘોડિયા, પાદરા અને સાવલી તાલુકા તેમજ ખંભાત સિવાયનો સમગ્ર ખેડા જિલ્લો, સમગ્ર ગાંધીનગર જિલ્લો, સાબરકાંઠા, પાટણ, મહેસાણા અને બનાસકાંઠાના કેટલાક વિસ્તારનો સમાવેશ થાય છે.

૫. **ભાલ કાંઠાનો વિસ્તાર :** ખંભાતના અખાતની આસપાસના પ્રદેશોમાં વાર્ષિક સરેરાશ ૬૦૦થી ૧૦૦૦ મિ.મિ. જેટલો વરસાદ થાય છે. આ વિસ્તારની જમીન કાળી અને ક્ષારવાળી જોવા મળે છે. તેમાં ભરૂચનાં હાંસોટ અને વાગરા તાલુકા, ખેડા જિલ્લાનો ખંભાત તાલુકો, અમદાવાદ જિલ્લાનો ધોળકા અને ધંધુકા, ભાવનગરનો વલ્લભીપુર અને ભાવનગર તેમજ સુરેન્દ્રનગરના લીંબડીનો સમાવેશ થાય છે.

૬. **દક્ષિણ સૌરાષ્ટ્રનો વિસ્તાર :** સૌરાષ્ટ્રના પ્રદેશમાં વર્ષ દરમિયાન સરેરાશ ૬૦૦ મિ.મિ.થી વધારે પણ ૭૫૦ મિ.મિ. કરતા ઓછો વરસાદ થાય છે. ત્યાંની જમીન મધ્યમ કાળી, છીછરી અને ચૂનાના વધારે પ્રભાવવાળી જોવા મળે છે. આ વિસ્તારમાં સંપૂર્ણ જૂનાગઢ જિલ્લો અને અમરેલી જિલ્લો, ભાવનગરના શિહોર, ઘોઘા, ગારિયાધાર, તળાજા, પાલિતાણા, મહુવા અને સાવરકુંડલા તાલુકાના વિસ્તાર તેમજ રાજકોટ જિલ્લાના ગોંડલ, ધોરાજી અને ઉપલેટા તાલુકાનો સમાવેશ થાય છે.

૭. **ઉત્તર સૌરાષ્ટ્રનો વિસ્તાર :** આ વિસ્તારમાં વર્ષ દરમિયાન ૪૦૦ મિ.મિ.થી ૭૦૦ મિ.મિ. વરસાદ નોંધાય છે. જમીન છીછરી, મધ્યમ કાળી અને રેતાળ જોવા મળે છે. તેમાં સમગ્ર જામનગર અને રાજકોટ જિલ્લાના પડધરી, જસદણ, રાજકોટ, લોધિકા, વાંકાનેર અને મોરબી, સુરેન્દ્રનગરના વઢવાણ, મૂળી અને સાયલા તેમજ ભાવનગરનાં ગઢડા, બોટાદ અને ઉમરાળાનો સમાવેશ થાય છે.

૮. **ઉત્તર-પશ્ચિમ વિસ્તાર :** આ વિસ્તારમાં ૫૦૦ મિ.મિ.થી પણ ઓછો સરેરાશ વરસાદ નોંધાય છે. ઓછા સરેરાશ વરસાદવાળા વિસ્તારમાં સમગ્ર કચ્છ જિલ્લાનો સમાવેશ થાય છે. તેની સાથે રાજકોટ જિલ્લાનો માળિયા, સુરેન્દ્રનગરના ધ્રાંગધ્રા, હળવદ અને દસાડા, મહેસાણા જિલ્લાના હારીજ, સમી-પાટણ અને ચાણસ્મા, બનાસકાંઠાના સંતરામપુર, રાધનપુર, દિયોદર, કાંકરેજ, વાવ અને થરાદ તેમજ અમદાવાદ જિલ્લાનાં વીરમગામ તાલુકાનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત વિભાગોમાંથી ત્રણ વિભાગોના વિસ્તાર સિવાયનાં બાકીના રાજ્યની જમીન ફળદ્રુપ ગણાવી શકાય નહીં. ગુજરાતમાં ૧૨ લાખ હેક્ટર જમીન ક્ષારયુક્ત છે. આવી જમીનમાં ખેતીનો પ્રશ્ન ઘણો વિકટ બને છે. જ્યારે ગુજરાતના પશ્ચિમ કિનારાની જમીન દરિયાનાં ઘસારાથી ક્ષારવાળી બની ગયેલ છે. ઉત્તર ગુજરાતની રણ પ્રદેશની નજીકની અને કચ્છની જમીન ઓછા વરસાદને કારણે ક્ષારવાળી થઈ ગયેલ છે. અમદાવાદ અને ખેડાની કેટલીક જમીન ભૂતળનાં પાણીની સપાટી ઊંચી આવવાને કારણે ક્ષારવાળી બની છે. જૂનાગઢ જિલ્લાની ઘેડ વિસ્તારની જમીન નીચાણવાળી હોવાથી પાણીનાં જામવાથી ખારી થઈ ગયેલ છે. આવી જમીનોને ખેતી માટે નવસાધ્ય કરવાનાં પ્રયત્નો કરવામાં આવી રહેલ છે. ઉપરાંત મહી, વાત્રક, બનાસ, મેશ્વો અને સાબરમતી વગેરે નદીઓના કાંઠાના કોતરોથી પણ જે જમીન નકામી બની છે તેને પણ નવસાધ્ય કરવાના સફળ પ્રયોગો ગુજરાત રાજ્ય દ્વારા હાથ ધરવામાં આવેલ છે.


- **ગુજરાતમાં જમીનનો વપરાશ :**

ગુજરાત રાજ્ય ભારતના બીજા રાજ્યો કરતાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. તેનું કુલ ક્ષેત્રફળ ૧૯૪૦૨૪ ચો.કિ.મી. છે. રાજ્યની લગભગ ૪૮ ટકા વસ્તી ખેતીક્ષેત્રે રોકાયેલ છે. **ખેતીક્ષેત્રનો વિકાસ પાકની તરાહમાં આવતા પરિવર્તનો અને વિવિધ પાકોની ઉત્પાદકતાના સ્તર પર રહેલો છે. તેની સાથે જમીન અને તેના પ્રકાર પણ પાકની ઉત્પાદકતાને અસર કરે છે.** તેથી ગુજરાતમાં કયા પ્રકારની જમીન કેટલા વિસ્તારમાં પથરાયેલ છે તે જાણવું જરૂરી છે.

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૪ ઉપર)**

શિક્ષણ

# આઝાદીના સંક્રાંતિ કાળથી વીસ વર્ષ સુધી કચ્છ - માંડવીની ઉત્કૃષ્ટ શૈક્ષણિક સંસ્થાઓનો વિદ્યાર્થીઓના વિકાસમાં સિંહફાળો



વી. જે. ઠાકર

આમ તો કચ્છ પ્રદેશની ગણના પછાત વિસ્તાર તરીકે થતી આવતી હતી પરંતુ બંદરીય ગામોનો વિકાસ, વહાણવટા અને વિદેશ વ્યાપારને કારણે રોજગાર અને શૈક્ષણિક તથા સામાજિક સંસ્કાર ક્ષેત્રે થવા પામ્યો હતો. વિદેશ જતા કચ્છીઓમાં ગણિત, આંકડા - હિસાબ વગેરે વિષયો તેમના વ્યક્તિગત વિકાસ માટે મહત્ત્વના રહેતા. માંડવીની વ્યાપારીક પેઢીઓમાં આવા જાણકાર મુનીમોની જરૂરિયાત રહેતી. એટલું જ નહીં, આફ્રિકા, અરબસ્તાન વગેરે વિદેશોમાં સ્થપાયેલ કચ્છી વેપારીઓની પેઢીઓમાં પણ આવી આવડત તથા જ્ઞાનવાળા માણસોની સતત માંગ રહેતી. તેથી અંક ગણિતના હિસાબો તથા નામું લખવા માટેની આવડત કેળવવા સ્થાનિક શિક્ષણમાં આનું મહત્ત્વ રહેતું.

કચ્છ માંડવી ખાતે પ્રાથમિક શિક્ષણ માટે દરબારી શાળાઓ તો હતી જ પરંતુ ૧ થી ૪ ધોરણ સુધીની ખાનગી પ્રાથમિક શાળાઓ, તે ઉપરાંત વિદેશ વ્યાપાર ખેડતા અને મુંબઈમાં વ્યાપાર ધરાવતા કચ્છીઓએ અનુદાનથી માંડવીમાં પ્રાથમિક માધ્યમિક શાળાઓ શરૂ કરી પોતાનાં વતનના લોકોને ઉત્કૃષ્ટ શિક્ષણ મળે તે માટે તે વખતે આગળ આવેલ. જેમાં ગણિત, ભાષા, ઈતિહાસ, ભૂગોળનું ઉત્કૃષ્ટ શિક્ષણ પ્રાપ્ત થતું. આઝાદી પહેલા કેટલાક વર્ષ સુધી માંડવીમાં ફક્ત એંગ્લો - વર્નાક્યુલર સ્કૂલ સરકારી મિડલ સ્કૂલ તરીકે ઓળખાતી. ધોરણ-૧ ઇંગ્લીશથી ૪ ઇંગ્લીશ સુધીની શાળા જે **શિવજી માસ્તરની નિશાળ** તરીકે જાણીતી હતી. આ શાળાના વિદ્યાર્થીઓએ લોર્ડ કર્ઝનની કચ્છની મુલાકાત વખતે બંદર ઉપર સ્વાગત કર્યું હતું.

તદ્દન ખાનગી શાળાઓમાં મને યાદ છે ત્યાં સુધી નવાપરામાં **શ્રી ગણેશ માસ્તરની શાળા જે વાગડિયા માસ્તરની સ્કૂલ** ૧ થી ૪ ધોરણનાં વિદ્યાર્થીઓને ખાસ ગણિત વિષય પર ભાર આપી ભણાવતા હતા. જેમાં રોજ સાંજના ૪ થી ૫ બાળકોની બે ટીમ પાડી એકડાથી ગુંઠા ૩૦ સુધી તથા અગિયારી - અગિયારી એકવીસાસો, બાર બારા ચુમ્માલીસોના પાઠ કંઠસ્થ કરાવવામાં આવતા. રોજની આ પ્રેક્ટીસ બાળકોમાં ૦।, ૦॥, ૦॥।, ૧।, ૧॥, ૨॥, ૩॥ ઊંઠાના પાઠો તેમના માનસમાં સિમેન્ટેડ થઈ જતા. તે જમાનામાં કેલ્ક્યુલેટર કે કોમ્પ્યુટર નહોતા. એટલે બાળકનું મગજ કોમ્પ્યુટર બની જતું અને પેઢીઓના હિસાબો, સરવાળા - બાદબાકી ફટાફટ કરવા સમર્થ બનતા. આવી ખાનગી શાળાઓ લગભગ માંડવીના દરેક વિસ્તારમાં પાયાનું પ્રાથમિક શિક્ષણ પૂરું પાડતી. તદ્ઉપરાંત ટ્રસ્ટોની શાળાઓ જેવી કે નૂતન જૈન વિદ્યાલય, સ્વામીજીની નિશાળ, ભાટિયા સ્કૂલ, **નંદશંકર માસ્તરની નિશાળ**, અંજુમન ઈસ્લામ, વહોરાની મદ્રેસા જે **સારાભાઈ માસ્તરની નિશાળ**, ખલ્ફાન સ્કૂલ જે **કરશનજી ખારવા માસ્તરની નિશાળ** તરીકે ઓળખાતી. ઉપરાંત સલાયા, મસ્કા, ગુંદિયારી બાગ વગેરે સરકારી પ્રાથમિક શાળાઓ પણ સારું શિક્ષણ પૂરું પાડતી.

કન્યાઓની કેળવણીને ધ્યાનમાં લઈ શ્રેષ્ઠીઓ દ્વારા રતનસિંહ મુળજી કન્યાશાળા જે **મણિબેનની નિશાળ** અને ઇબ્રાહીમભાઈ કન્યા શાળા જે **ચાગબાઈની નિશાળ** તરીકે જાણીતી હતી અને સારું પ્રાથમિક શિક્ષણ પૂરું પાડતા. શિસ્તબધ્ધતાના પાઠ ભણાવતા. પ્રથમ હાઈસ્કૂલ શેઠ ગોકુળદાસ તેજપાલ જે મુંબઈમાં પણ આ નામની સંસ્થા ચલાવતા, તેમના ઉપક્રમે મુંબઈથી વિદ્વાન શિક્ષકોને બદલીથી માંડવી - કોઠારા મૂકી, વતનના વિદ્યાર્થીઓને તેમનો લાભ મળે તે હેતુથી ઉત્કૃષ્ટ શિક્ષણ પૂરું પાડવામાં આવતું. **જી.ટી. હાઈસ્કૂલ**ના ટૂંકા નામે પ્રખ્યાત આ હાઈસ્કૂલમાં શ્રી ભોગેન્દ્રરાય વૈદ્ય, શ્રી સુશીલભાઈ પંડ્યા જેવા વિદ્વાનોનો આચાર્ય તરીકેનો લાભ મળ્યો. ઉપરાંત શ્રી બચુભાઈ ધોળકિયા, શ્રી કારાણી સાહેબ જેવા વિષય નિષ્ણાતોનો વિદ્યાર્થીઓને લાંબો વખત લાભ મળ્યો. આ હાઈસ્કૂલમાં દર વર્ષે શરદ વ્યાખ્યાન માળા જેવી ઉત્કૃષ્ટ પ્રવૃત્તિ હેઠળ વિદ્વાનોના પ્રવચનો યોજાતા, જેનો ૮થી ૧૧ સુધીનાં વિદ્યાર્થીઓનાં ઘડતરમાં મોટો ફાળો રહેતો. ડૉ. જયંત ખત્રી, ડૉ. મનુ પાંધી, ડૉ. પ્રા. થાનકી તથા વહીવટી સરકારી અધિકારીઓના પ્રવચનોથી વિદ્યાર્થીઓમાં હાઈસ્કૂલ સ્તરે સારું ઘડતર થતું. આવી જ કન્યાઓના કેળવણી માટે મસ્કતમાં પેઢી ધરાવતા માંડવીના શ્રેષ્ઠી **શ્રી ખીમજી રામદાસ દ્વારા કન્યાઓ માટેની હાઈસ્કૂલ શરૂ કરી.** ઊંચી ગુણવત્તાના

વિદ્વાનોને મહારાષ્ટ્રમાંથી લાવી માંડવીની વિદ્યાર્થિનીઓને તેનો લાભ આપ્યો. શ્રીમતી ઈન્દુમતી જોષી જેવી વિદૂષી તથા તેમના પતિશ્રી જોષી સાહેબને મુંબઈથી માંડવી ખાતે આ સંસ્થાના પ્રિન્સિપાલ તરીકે લાંબો સમય સુધી લાભ મળ્યો. શિસ્ત અને સંસ્કાર તથા શિક્ષણની ગુણવત્તામાં ખૂબ જ ઊંચું સ્થાન મેળવ્યું.

આ સંસ્થાનું મેટ્રિકનું પરિણામ દર વખતે ખૂબ જ ઊંચું આવતું. સ્થાનિક શિક્ષકો જેવા કે પ્રભાબેન વસા, દિવાળીબેન તથા દસ્તુરબેન આ સંસ્થાના હાર્દ બની ગયા. એ વખતે એક આદર્શ શિક્ષણ સંસ્થા તરીકે શ્રી રામકૃષ્ણ હાઈસ્કૂલના વિદ્વાન સંચાલક શ્રી નાનાલાલ વોરા તેમના નાના ભાઈ ઉપેન્દ્રરાય વોરા તથા પુત્ર પ્રમોદરાય વોરા, શિવાજી તથા પ્રતાપસિંહ જેવા ઊંચી ગુણવત્તાના શિક્ષકોએ, તે જમાનાના માંડવીના વિદ્યાર્થીઓને ઊંચાઈ પર પહોંચાડ્યા છે. આસપાસના ગામોનાં આર્થિક નબળા જ્ઞાતિબંધુઓમાં બાળકો સ્થાનિક વતનમાં અભ્યાસ કરી આગળ વધી શકે તે હેતુ દરેક જ્ઞાતિ તરફથી ફ્રી બોર્ડિંગો માંડવીમાં શ્રેષ્ઠીઓ દ્વારા ઊભી કરવામાં આવી હતી. (૧) લોહાણા બોર્ડિંગ, (૨) ભાટિયા બોર્ડિંગ, (૩) ભાનુશાળી બોર્ડિંગ, (૪) ચારણ બોર્ડિંગ તથા ચુસ્ત ગાંધીવાદી શ્રી ગોકુલદાસ બાંભડાઈ જે એક વનસ્પતિશાસ્ત્રી પણ હતા, તેમના પ્રયત્નોથી (૫) શ્રી હરિજન બોર્ડિંગ પણ માંડવીમાં હતી. તેમાં રહી અને ઉત્કૃષ્ટ સંસ્થાઓમાં ભણી, ગામડાંનાં વિદ્યાર્થીઓ તૈયાર થતા.

આ પ્રકારની વ્યવસ્થા દરેક સમાજે ભણવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે જે તે વખતે માંડવી ખાતે શરૂ કરી હતી. આ શૈક્ષણિક સંસ્થાઓનો લાભ કોઈપણ તબક્કે જે લોકોએ લીધો હશે તેમને આ લેખથી તેમના સંસ્મરણો તાજા થશે.

ભૂતકાળમાં આઝાદી અગાઉ પ્રો. કે.ટી. શાહ બંધારણીય સભાના સભ્ય તથા ડૉ. શ્યામજી કૃષ્ણવર્મા આઝાદીની ચળવળમાં પાયાના પથ્થર જેવા માંડવીના સપૂતોના નામે રોડનાં નામો આજે પણ છે.

પરંતુ આઝાદી બાદ આ સંસ્થાઓમાં ભણેલા કેટલાક નામો મને યાદ છે : (૧) શ્રી સુરેશ મહેતા, માજી. મુખ્યપ્રધાન - ગુજરાત, (૨) શ્રી અનંત દવે, માજી એમ.પી., (૩) શ્રી જયકુમાર સંઘવી, માજી એમ.એલ.એ., (૪) ડૉ. કાંતિ ગોર, (૫) ડૉ. કોઠારી, (૬) શ્રીકાંત કોઠારી, (૭) શ્રી કીર્તિ ખત્રી, (૮) ડૉ. સૂર્યકાંત ભેદા, (૯) શ્રી કિશોર ચાવડા, (૧૦) ડૉ. નવીન મહેતા (યુ.એસ.એ.), (૧૧) સુશ્રી રમીલાબેન મહેતા જેવા કેટલાક નામો મને યાદ છે. આ ઉપરાંત અગણિત વિદ્યાર્થીઓ જેમણે આ શૈક્ષણિક સંસ્થાઓનો લાભ લીધેલ હશે, તેમને તે વખતની સ્મૃતિ તાજી થશે અને ઉત્તર અવસ્થામાં વાગોળવાની તકો મળશે.

બાકી તો આજનું 'યુગ પરિવર્તન' માણસોની આર્થિક, સામાજિક તથા શૈક્ષણિક સ્તરે ધરખમ ફેરફારોમાં આ જૂનું સંભારણું એક દંતકથા જેવું લાગ્યા વગર ન રહે.

*નિવૃત્ત નાયબ મત્સ્યોદ્યોગ નિયામક*
*૧૭, નટવર પાર્ક, સામાકાંઠા, મોરબી.*
*મો. ૯૪૨૮૨ ૮૧૪૧૭*

## ભારત દેશનો અગ્રતાક્રમ

આખા જગતમાં ફક્ત ભારત જ એક એવો દેશ છે કે જ્યાં પૈસાની લાંચ લેવાથી, માણસનું લોહી પીવાથી, બીજાને ઉલ્લુ બનાવવાથી અને ઘણા ખોટા કામો કરવાથી કંઈ જ થતું નથી પરંતુ

ખોરાકમાં અવેજી પાડવાથી, અમુક વસ્તુઓ ન ખાવાથી અને કંદમૂળનો ત્યાગ કરવાથી ખૂબ જ પાપ લાગે છે.

ભારતની જનતાનો અગ્રક્રમ જ્યાં સુધી બદલાશે નહીં ત્યાં સુધી યોગ્ય રાહ તેનાથી જોજનો દૂર રહેશે.

Parbatbhai Patel
M. : 98240 62711

Shivam Packaging

Shiv Packing Industries

સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ • પી.વી.સી. પી.પી. રોલ અને રીમ
પી.પી. સુતળી, વુડન રોલ • વાંસની પટ્ટી
H.M., L.D., P.P. Bags
ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ

Opp. Dwarkadhish Estate,
Outside Chandola Old Tol Naka,
Near Bombay Hotel, Narol Road,
Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

*બીજાને નાના સમજવાનું ઘણું સહેલું છે, પણ પોતાને નાના સમજવાનું ઘણું મુશ્કેલ છે.*

સત્ય ઘટના

## સત્ય ઘટના પર આધારિત લેખ શ્રેણી

# જિંદગીની એક અજબ કહાની



પારુલ આર. પટેલ

ફરીથી આપની પાસે એક બીજી, હમણાં ચાર વર્ષ પહેલાં બનેલ સત્ય ઘટના લઈને આવી છું.

મારી દરેક સત્ય ઘટનાઓ મારી આસપાસ અને મારા જ પરિવાર કે અન્ય પરિવારમાં ઘટેલ હોય તેવી જ હોય છે. તે સંપૂર્ણ તપાસી અને અનુભવેલ પ્રસંગોની જ હોય છે. જે વાત હું આજે આપવા - બતાવવા જઈ રહી છું તે સંપૂર્ણ રીતે મારી સમક્ષ જ બનેલ ઘટના છે.

વાત જાણે એમ બનેલ કે મારા જ એક બનેવી જેનું સાચું નામ આપતી નથી પરંતુ આપણે તેમને રમણભાઈ પટેલ તરીકે જાણીશું. મારા દૂરના કુટુંબમાં બહેનના પતિની આ વાત છે.

સાબરકાંઠાનો એક નાનકડો એવો કંપો કે જ્યાં વસ્તી ૨૦૦ માણસોથી વધારે નથી. એવા કંપામાં મારા બેન અને બનેવી પોતાના પરિવાર સાથે આનંદથી ખેતી કરી જીવન વ્યતીત કરતા. મારા બનેવી નાનપણથી જ બહેરા હતા. કદાચ કોઈ વખત કોઈ નજીકનું મળવા આવે અને કાંઈક પ્રશ્ન કરે ત્યારે એક પાઇપના છેડે ભૂંગળું લગાવી બોલનારની સામે ધરતા અને શું કહે છે તે સાંભળવા પ્રયત્ન કરતા. આવી રીતે તેમની જીવનયાત્રા સુખમય રીતે કોઈપણ જાતના ઉધામા વગર પસાર થઈ રહી હતી. તેઓ મોટાભાગે શાંત જ રહેતા અને બિનજરૂરી કોઈની સાથે વાત કરવાનો પ્રયત્ન પણ નહોતા કરતા. તેઓ સરળ સ્વભાવના અને ભગવાનમાં શ્રધ્ધાવાન હતા. રાત્રે સૂતાં પહેલાં માળા કરીને પછી જ સુવાની ટેવ અને ટેકવાળા હતા.

એક દિવસ મારા બનેવીએ ઘરમાં બધા જ્યારે સવારમાં શિરામણ (નાસ્તો) કરવા બેઠા હતા ત્યારે તેમણે કહ્યું કે, ‘મારે તમને સૌને એક વાત કરવી છે અને તમે બધા શાંતિથી મારી વાત સાંભળો અને મારી વાતમાં વિશ્વાસ રાખી, હું કહું તે પ્રમાણે કરજો.’

બધાને ખૂબ જ આશ્ચર્ય થયું કે કોઈ દિવસ બાપા ઘરમાં એક શબ્દ પણ બોલતા ન હતા. ક્યારેક જરૂર પડે તો બા (મારી બહેન) સાથે વાત કરતા અને તે પણ ટૂંકમાં જણાવતા. સંતાનોએ પિતાજીને હંમેશાં શાંતિથી બેઠેલા જ જોયેલા. આજનું તેમનું કહેવું સાંભળીને સૌને ખૂબ જ અચંબો થયો. દરેક જણ આતુરતાથી તેમની સામે જોઈ રહ્યા. મારી બહેનને થોડી ચિંતા પણ થઈ કે કોઈ દિવસ નહીં, ને આજે આમ કેમ બોલે છે?

મારા બનેવીએ એકદમ ધડાકો કર્યો કે કાલે સવારે હું દેહ મૂકવાનો છું!

ઘરના સૌ થોડીવાર માટે તો અવાચક બની ગયા. પરંતુ તુરંત જ બધાએ થોડા ઠપકાના ભાવથી જણાવ્યું કે, ‘આવી ગાંડી વાતો શું કામ કરતા હશો? તમે દવા-બવા તો પીને આપઘાત કરી જીવન ટૂંકાવવાના પ્લાનમાં નથી ને? જો જો આવું કોઈ પગલું ભરવાનું વિચારતા!’

મારા બનેવીએ જણાવ્યું કે એવું કરવાનું હું કોઈ દિવસ વિચારી પણ ન શકું. પરંતુ આજે હું વહેલી સવારે ભગવાનનું સ્મરણ કરતો હતો ત્યારે એકદમ જ મારી સામે પ્રકાશ થયો અને મને કોઈ કહેતું હોય તેવું સંભળાયું કે, ‘કાલે સવારે તને લેવા આવીશું!’ મેં પૂછ્યું કે તમે કોણ છો? તો તેમણે જણાવ્યું કે તું જેનું સ્મરણ કરતો હતો તે હું છું. તૈયાર રહેજે. મારા દૂત તને લેવા આવશે.

આવી વાત જે તેમની સાથે બનેલ, તે તેમણે ઘરનાને કહી બતાવી. ઘરનાએ આ વાત તો સાંભળી, પરંતુ તેમણે કહેલી વાત બાપાને સ્વપ્નું આવ્યું હશે એટલે તેને સાચું માની અને બોલે છે એમ માન્યું. બાપાની આમે ઉંમર થઈ છે, બોંત્તેર વર્ષના થયા છે એટલે આવા વિચારો આવતા હશે અને તેના કારણે આવી પંપાળ થતી હશે.

બાપા થોડું હસ્યા અને જણાવ્યું કે તમે કાલે બધાને સગાવહાલા અને તમારા મામા કુટુંબને બોલાવો. બધાએ વાતને હસી કાઢી. કોઈએ પણ ગંભીરતાથી નોંધ ન લીધી. આખો દિવસ બધાએ અટકળો કર્યા કરી. રાત્રે મારા બનેવીએ બધાને જણાવ્યું કે તમે મારી વાતને ગંભીરતાથી કેમ નથી લેતા? મને કાલે સવારે જવું પડશે!

રાત્રે બધા વાતો કરીને છુટા પડ્યા. પરંતુ મારા બનેવીને તો ઊંઘ જ આવતી બંધ થઈ ગઈ અને ભગવાનના સ્મરણમાં રાત્રી વિતાવવા લાગ્યા. સવારમાં પરિવારના સભ્યને કહ્યું કે તમે મારી વાત ધ્યાનમાં ન લીધી પરંતુ મને લેવા આવી ગયા છે.

પુત્રો અને પૌત્રોએ મજાક ઉડાવી અને પૂછ્યું કે, 'બાપા, તમને લેવા પુષ્પક વિમાન આવ્યું છે કે સોનાનો રથ લેવા આવ્યો છે?'

બાપાએ હાથ લાંબો કરી આંગણામાં આવેલ લીમડા તરફ ઈશારો કર્યો અને જણાવ્યું કે "વિમાન કે રથ તો લેવા નથી આવ્યા, પરંતુ ચાર ધોળા કપડાં પહેરેલ અસવારો ધોળા ઘોડા લઈને એ લીમડા નીચે ઉભા છે. તમે મારી વાત ન માની પરંતુ હું કહું છું તે સંપૂર્ણ સાચું છે. હવે મારે તેમને વિનંતી કરી પાછા મોકલવા પડશે અને કાલે સવારે આવવા કહેવું પડશે!'

બાપાના આવા શબ્દોની થોડી ઘણી અસર થઈ પરંતુ કોઈને હજી સંપૂર્ણ વિશ્વાસ પડતો ન હતો. ત્યારે બાપાએ જણાવ્યું કે તમે પ્રમાણ વગર માનશો નહીં. તમે ત્યાં જાવ અને જો ત્યાં ઘોડાની લાદ જોવા મળે તો માનશોને? તમે દસ મિનિટ પછી જજો.

આટલી બધી સ્પષ્ટ વાત સાંભળ્યા પછી દરેક જણને થયું કે વાતમાં કાંઇક તથ્ય તો હશે જ. લાવો, જોઈએ તો ખરા કે બાપાના જણાવ્યા પ્રમાણે ત્યાં ઘોડાની લાદ છે કે નહીં? અને ત્યાં જઇને જોતાં, સાચે જ ત્યાં ઘોડાની લાદ જોવા મળી. પરંતુ ઘોડા જોવા ન મળ્યા. કોઈને તે લાદ ભેગી કરી ટોપલીમાં લેવાનું સૂઝ્યું નહીં. ત્યારબાદ ઘરના બધા સભ્યોએ બધા જ સગાવહાલાઓ અને અમને સૌ સાસરીપક્ષ વાળાને જાણ કરી. ઉપરોક્ત વાત દરેકને જણાવી. મને અને મારા પતિને પણ ફોન કરીને આવવા જણાવ્યું. અમે સૌ તરત જ ત્યાં જવા માટે નીકળી પડ્યા. ત્યાં પહોંચીને અમે મારા બનેવીને મળ્યા. અમને બંનેને મળીને મારા બનેવીએ અમને પાસે બેસાડ્યા અને જણાવ્યું કે મને ભગવાને તેડું મોકલ્યું છે અને તે તદ્દન સાચું છે. કાલે સવારે હું દેહ મૂકીશ. તમે બંને જણા વકીલ છો તેથી સારું થયું કે તમે મારી વાતને માનીને આવ્યો છો તો નજરે જોજો.

આખો દિવસ અને રાત તેમણે આવેલ સગાઓ સાથે બેસીને વાતો કરી, સલાહ-સૂચનો આપ્યા. તેઓ તદ્દન બહેરા હતા પરંતુ એક દિવસ પૂરતી શ્રવણ શક્તિ સતેજ થઈ ગયેલ. સૌ ખૂબ જ આશ્ચર્યમાં હતા. જેમ જેમ લોકોને ખબર પડતી ગઈ તેમ તેમ માનવ મહેરામણ ઉમટતો ગયો. આખો દિવસ તેમણે દરેકને નામ દઇને કાનમાં ભૂંગળી વિના વાતો કરી અને જરૂર પ્રમાણે બોલાવ્યા. રાત્રે આખું આંગણું માણસોથી ભરાઈ ગયેલું. બધાને રાત્રે ભજન કરવા જણાવ્યું. ભજનની રમઝટ સવારના પાંચ સુધી રહી. સવારમાં પાંચ વાગે સૌને નાહવા-ધોવા જવાનું જણાવવામાં આવ્યું અને સવારમાં આઠ વાગે દેહ મૂકશે તેવું જણાવ્યું. સૌ જલ્દી જલ્દી નાહી-ધોઇને પાછા હાજર થઈ ગયા અને રામધૂન બોલાવવા લાગ્યા. જેમ જેમ સમય પસાર થઇ રહ્યો હતો તેમ તેમ દરેકની ઉત્સુકતા વધી રહી હતી. મારા બનેવી ખૂબ જ સ્વસ્થ અને હાસ્યપૂર્ણ મુખમુદ્રા સાથે આંખો બંધ કરીને બેઠેલા હતા. રામધૂનની રમઝટ વચ્ચે આઠ વાગતા જ "હરિ ૐ" કરી તેમણે હાથ જોડીને સૌને પોતાનો જવાનો સંકેત કર્યો અને ડોક નમી પડી. તેમની પાસે જે બેઠેલા હતા તેઓએ તેમને પકડી લીધા. અને ખૂબ જ હર્ષોલ્લાસથી જયજયકાર કરી મૂક્યો. મારા બેન થોડા શોકમગ્ન થઈ ગયા પરંતુ આવું પવિત્ર મૃત્યુ પામ્યા તેના ગૌરવ સાથે સૌએ મારા બનેવીને અગ્નિદાહ આપ્યો. ન કોઈને ફોટા પાડવાનું સૂઝ્યું કે ન કોઈ પ્રમાણ રાખવાનું યાદ આવ્યું.

આશ્ચર્ય અને અજાયબીપૂર્ણ આ બીનાને વાગોળતા સૌ છૂટા પડ્યા. બાર મહિના પછી મારા બહેન પણ ગુજરી ગયા. પરંતુ આવી ઘટનાના સાક્ષી બનવાનો મોકો મને મળ્યો પરંતુ કોઈ જ પુરાવો ન જાળવ્યો તેનું દુઃખ આજે પણ છે.

આ સત્ય ઘટના મારા જ પરિવારમાં ઘટેલ છે. ■

## ગુજરાતની આબોહવા, વરસાદ અને જમીનના પ્રકાર

**(અનુસંધાન : પાના નં.-૨૦ ઉપરથી ચાલુ)**

ગુજરાત રાજ્યમાં આવેલ જમીનના કુલ પાંચ પ્રકાર પાડવામાં આવેલ છે :

૧. કાળી જમીન જે ઘઉં, ડાંગર, કપાસ, જુવાર અને બગીચાની પેદાશ માટે અનુકૂળ છે.
૨. મધ્યમ કાળી જમીન જે મકાઇ માટે વધુ અનુકૂળ છે.
૩. ગોરાડુ જમીન જે કોઈપણ પાક માટે લાભકારક છે.
૪. નદી કાંઠાની છીછરી જમીન
૫. દરિયાકાંઠાની જમીન

ઉપરોક્ત પાંચેય પ્રકારની જમીનોને તેમના જમીન વિસ્તારને આધારે કુલ ચાર વિભાગમાં વહેંચવામાં આવેલ છેઃ

૧. ઉત્તર ગુજરાતનો વિસ્તાર
૨. દક્ષિણ ગુજરાતનો વિસ્તાર
૩. મધ્ય ગુજરાતનો વિસ્તાર
૪. સૌરાષ્ટ્ર - કચ્છનો વિસ્તાર.

**ગુજરાત રાજ્યની આબોહવા, વરસાદ અને જમીન વિસ્તાર પર ઘણું સંશોધન કરી શકાય.** પરંતુ અહીં ટૂંકી માહિતી આપવાનો પ્રયાસ કરેલ છે, કે જે ખેતીક્ષેત્રે રસ ધરાવનારાઓ માટે ઉપયોગી પુરવાર થઈ શકે છે.

*કાલુપુર, અમદાવાદ.*
*મો. ૯૬૮૭૫ ૩૩૦૯૧*

સ્વાસ્થ્ય

# "મારા દીકરાને ભણવાનું મન થતું નથી"
## (Adolescence Depressive Disease)




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

વિશ્વ આરોગ્ય સંસ્થા (World Health Organisation)નું ૨૦૧૭નું સૂત્ર હતું : "ડિપ્રેશનમાં એક્સપ્રેશન" (Depression Let's talk). વિશ્વમાં ડિપ્રેશનની બીમારીના કિસ્સાઓમાં ઝડપથી વધારો નોંધાયો છે જે ચોંકાવનારો છે. ૨૦૦૫થી ૨૦૧૬ના સમયમાં ૧૮%નો વધારો ડિપ્રેશનની બીમારીના કિસ્સામાં નોંધાયો છે.

કિશોરો તથા યુવાનોમાં (૧૫થી ૨૯ વર્ષના) પણ ડિપ્રેશનની બીમારીના કિસ્સાઓ વધ્યા છે. ૧૫થી ૨૯ વયના યુવાનોમાં થતાં મરણના કારણોમાં આત્મહત્યાથી થતાં મરણનું કારણ બીજા નંબરે છે, જે ભયજનક છે. યોગ્ય નિદાન તથા યોગ્ય સારવારથી આ મરણો અટકાવી શકાય છે.

- **કેસ સ્ટડી :**

"ડૉક્ટર, મારા ૧૫ વર્ષના દીકરા અશ્વિનને છેલ્લા એકાદ વર્ષથી ભણવાનું મન થતું નથી. ઘણું સમજાવ્યું, ઘણી વિનંતી કરી પરંતુ અશ્વિનને ભણવામાં રસ પડતો નથી. પાઠ્ય પુસ્તકો હાથમાં લે છે, થોડો વખત વાંચીને મૂકી દે છે. વાંચેલું યાદ રહેતું નથી. બે વર્ષ પહેલા ૮મા ધોરણમાં ૮૫% ગુણાંક વાર્ષિક પરીક્ષામાં મળ્યા હતા. મારા અશ્વિનને શું થઈ ગયું છે? ડૉક્ટર કાંઈક કરો. બહુ આશા લઈને અમે આવ્યા છીએ." ક્લિનિકની કેબિનમાં દાખલ થતાં અશ્વિનના મમ્મી-પપ્પાએ ઉપરોક્ત માહિતી આપી.

મમ્મીએ વધુ માહિતી આપતાં જણાવ્યું કે, "અશ્વિનનું વજન છેલ્લા ૪-૫ મહિનામાં બેએક કિલો ઓછું થઈ ગયું છે (૧૫ વર્ષના કિશોરમાં વજન વધવું જોઈએ, ઘટવું તો ન જ જોઈએ. વજન ઘટવું, બીમારીનું એક ચિહ્ન છે.) ભૂખ ખૂબ જ ઓછી થઈ ગઈ છે. જમવામાં રુચિ નથી. એની મનગમતી વાનગી પણ એને હમણાં ભાવતી નથી. નબળાઈ ખૂબ લાગે છે. સ્કૂલેથી આવીને અશ્વિન ઘણી વખત સૂઈ જાય છે. મિત્રો જોડે બહાર રમવા જતો નથી. હોમવર્ક પણ પરાણે કરે છે."

ફેમિલી ડૉક્ટરને બતાડ્યું હતું. વૈદ્યકીય તપાસ નોર્મલ હતી. લેબોરેટરી તપાસ (લોહી, પેશાબ, સંડાસ) નોર્મલ હતી. એક્સ-રે, સોનોગ્રાફી પણ નોર્મલ હતા. ટોનિક તથા ભૂખ લાગવા માટેની દવાઓ આપેલ. ફરક ન પડ્યો. સ્પેશિયાલિસ્ટ ડૉક્ટરનો અભિપ્રાય લીધો. બીજી દવાઓ આપી. લક્ષણો ઘટવાને બદલે વધતા ગયા.

વૈદ્યકીય તપાસ, લેબોરેટરી તપાસ, એક્સ-રે, સોનોગ્રાફી નોર્મલ હતા તથા લક્ષણો વધતા હતા. તેથી એક હિતેચ્છુએ અશ્વિન માટે મનોચિકિત્સકનો અભિપ્રાય લેવાની સલાહ આપી.

લેખકે મનોવૈજ્ઞાનિક રીતે અશ્વિનની ઊંડાણમાં માહિતી અશ્વિન અને એના મમ્મી-પપ્પા પાસેથી મેળવી. અશ્વિનને લગતા અલગ અલગ ક્ષેત્રોમાં તાજેતરમાં થયેલા કાર્યોના ફેરફારો વિશે માહિતી મેળવી. નીચે પ્રમાણેના અગત્યના ફેરફારોની નોંધ મેળવી. જેને લીધે નિદાન કરવાનું સરળ બન્યું.

★ **શિક્ષણ ક્ષેત્ર :** દોઢેક વર્ષથી અશ્વિનનું ભણવામાં મન લાગતું ન હતું. એકાગ્રતા (concentration) ઓછી થઈ ગઈ હતી. ગ્રહણશક્તિ (grasping) ઘણી જ ઘટી ગઈ હતી. સ્મરણ શક્તિ (memory) પર નકારાત્મક અસર થઈ હતી. ભણવાની ક્ષમતા દોઢેક વર્ષથી ઘટી ગઈ હતી. ૮મા ધોરણની વાર્ષિક પરીક્ષામાં ૮૫% માર્ક્સ મળ્યા હતા. ૯મા ધોરણની વાર્ષિક પરીક્ષામાં ૫૦% માર્ક્સ મળ્યા હતા. ૧૦મા ધોરણની યુનિટ ટેસ્ટમાં દરેક વિષયમાં માંડ માંડ પાસ થયેલ.

★ **મિત્રોનું ક્ષેત્ર (Peer group) :** થોડાક સમયથી પોતાના મિત્રો જોડે અશ્વિન રમવા જવાનું ટાળતો હતો. બિલ્ડિંગમાં ક્રિકેટ રમવા પણ જતો ન હતો. નોર્મલ સમયમાં અશ્વિન પોતાના અભ્યાસ સિવાયનો સમય મિત્રો જોડે પસાર કરતો હતો. રમતમાં સક્રિય ભાગ લેતો હતો. ટીમનો કેપ્ટન હતો.

પોતાના કઝીન જોડે પણ બહાર ફરવા ઘણા સમયથી ગયો ન હતો. એમની જોડે ફોન પર પણ વધારે વાતચીત કરતો ન હતો.

સ્કૂલની પિકનિકમાં પણ અશ્વિન ગયો ન હતો. જે બધા માટે નવાઈની વાત હતી.

*આ ભીષણ સંસારમાં એક પ્રેમ કરનાર હૃદયને ગુમાવી દેવું એ મોટામાં મોટું નુકસાન છે.*

★ **મનના લક્ષણો :** અશ્વિનને પોતાની આનંદદાયક પ્રવૃત્તિઓમાંથી રસ ઉડી ગયો હતો. વાંચનનો શોખ ખૂબ જ ઓછો થઈ ગયો હતો. પોતાનો આત્મવિશ્વાસ ઓછો થઈ ગયો હતો. "ભણવાનું એના માટે અઘરું છે, પરીક્ષામાં નાપાસ થશે" એવા નકારાત્મક વિચારો સતત આવતા હતા.

★ **ચીડિયાપણું :** નાની, નજીવી બાબતોમાં અશ્વિન જલ્દી ચિડાઈ જતો હતો. જે અશ્વિનના સ્વભાવની વિરુદ્ધ હતું.

★ **શારીરિક લક્ષણો :** ઉપર વર્ણવેલ લક્ષણો - ભૂખ ઓછી લાગવી, વજન ઘટી જવું, નબળાઈ, અશક્તિ લાગવી - ઉપરાંત અશ્વિનને વારંવાર માથાનો દુખાવો થતો હતો.

★ **ઊંઘ :** રાત્રે વ્યવસ્થિત ઊંઘ આવતી ન હતી. સવારમાં ઉઠવાનું મન થતું ન હતું. પરાણે ઉઠતો હતો. સવારમાં સ્ફૂર્તિ લાગતી ન હતી.

● **નિદાન :**

(૧) મનના તથા શારીરિક લક્ષણો, (૨) નોર્મલ શારીરિક વૈદ્યકીય તપાસ તથા (૩) નોર્મલ લેબોરેટરી તથા એક્સ-રે અને સોનોગ્રાફી તપાસ પરથી અશ્વિનનો કેસ કિશોરાવસ્થામાં ડિપ્રેશનની બીમારી (Adolescence Depressive Disease)નો કેસ છે.

અશ્વિનના કિસ્સામાં ડિપ્રેશનની બીમારી તરફ ધકેલનારા પરિબળો :

૧. **દાદાનું મૃત્યુ :** અશ્વિનમાં ડિપ્રેશનની બીમારીના લક્ષણો શરૂ થયા એના ચારેક મહિના પહેલાં એના દાદાનું અવસાન થયેલ. અશ્વિનના દાદા જોડે લાગણીભર્યા, હૂંફભર્યા સંબંધો હતા. દાદાના અવસાનથી અશ્વિનના સંવેદનશીલ મન પર ઊંડો આઘાત લાગ્યો હતો. લેખક જોડે આ વાત કરતાં અશ્વિનની આંખમાં આંસુ આવી ગયા હતા.

૨. **ખાસ મિત્રનો કાર અકસ્માત :** અશ્વિનને તકલીફોની શરૂઆત થઈ એના બેએક મહિના પહેલા એના ખાસ જીગરજાન મિત્રનો કાર અકસ્માત થયો હતો. મિત્ર એક દિવસ બેશુદ્ધ રહ્યો હતો. પગમાં ફ્રેક્ચર થયું હતું. ધીમે ધીમે મિત્રની તબિયત સુધારા પર હતી પરંતુ અશ્વિનના મન પર આઘાત લાગ્યો હતો.

૩. **કાકાને ડિપ્રેશનની બીમારી :** અશ્વિનના કાકાને ડિપ્રેશનની બીમારી થયેલ. સારવાર બાદ કાકા નોર્મલ છે તથા દવાઓ પણ બંધ છે.

ઉપરોક્ત પરિબળોનો (સામાજિક ઘટનાઓ તથા અનુવાંશિક પરિબળ) સમન્વય થતાં અશ્વિનના કિસ્સામાં મગજના જ્ઞાનતંતુઓમાં ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થતાં ડિપ્રેશનની બીમારી થયેલ.

● **સારવાર :**

૧. **કાઉન્સેલિંગ :** કોગ્નિટીવ બિહેવિયર થેરાપી (Cognitive Behaviour Therapy – CBT)ની અલગ અલગ પદ્ધતિઓ અપનાવી. અશ્વિન તથા તેના મમ્મી-પપ્પાએ સંપૂર્ણ સહકાર આપ્યો.

★ અશ્વિનને સ્કૂલના સમય બાદ બાહ્ય રમતમાં રસ લેવા પ્રોત્સાહિત કર્યો. મિત્રોને બોલાવી મમ્મીએ જાતે રસ લઈ અશ્વિનને રમત માટે મેદાનમાં મોકલાવવાની શરૂઆત કરી. શરૂઆતમાં અશ્વિન ના પાડતો, પરંતુ મમ્મી તથા મિત્રો મક્કમ રહેતા, અશ્વિને સહકાર આપ્યો. રમત રમ્યા બાદ અશ્વિનને સારું લાગતું. ધીમે ધીમે અશ્વિનને રમતમાં રસ આવવા માંડ્યો.

★ મમ્મીએ ઘરના કુટુંબીજનોની એક પિકનિકનું આયોજન કર્યું. આમાં અશ્વિનને જવાબદાર વ્યક્તિ તરીકે સક્રિય ભાગ આપ્યો. દરેક નિર્ણયો અશ્વિનની હાજરીમાં એના અભિપ્રાય પ્રમાણે લેવાતા. અશ્વિને ફોન કરીને બધા કુટુંબીજનોને આખા કાર્યક્રમ વિશે જાણકારી આપી. કાર્યક્રમ ખૂબ જ સફળ થયો. આથી અશ્વિનનો આત્મવિશ્વાસ વધ્યો.

આ પ્રકારના બીજા બે કાર્યક્રમોનું આયોજન અશ્વિને કર્યું. કાર્યક્રમો સફળ થયા અને અશ્વિનનો આત્મવિશ્વાસ વધતો ગયો.

૨. **દવાઓ :** ડિપ્રેશનની બીમારીમાં હતાશા પ્રતિરોધક દવાઓ (Antidepressant Medication) મુખ્ય ઘટક છે. ડિપ્રેશનની બીમારીમાં મગજમાં આવેલા મનના અવયવોમાં (લિમ્બિક સિસ્ટમ, એમીગડેલા, હિપ્પોકેમ્પસ, પ્રિ-ફ્રન્ટલ કોરટેક્ષ, હાઈપોથેલામસ વગેરેમાં) ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થાય છે. આ દવાઓથી આ ફેરફારો પૂર્વવત પ્રમાણે નોર્મલ થાય છે. જેથી મનના તથા શારીરિક લક્ષણો કાબૂમાં આવે છે.

ત્રણ મહિનાની સારવારમાં નોંધપાત્ર સુધારો થયો. અભ્યાસમાં મન લાગવા માંડ્યું, એકાગ્રતામાં વધારો થયો, ગ્રહણશક્તિ વધી. યુનિટ ટેસ્ટમાં સારા માર્કસ મળ્યા.

કિશોરો / કિશોરીઓમાં થતી ડિપ્રેશનની બીમારી વિશે ઊંડાણમાં આવતા લેખમાં જાણકારી મેળવીશું.

*(ક્રમશઃ)*

*E-mail : drmanilalgada@yahoo.com*
*E-mail : diptishah999@yahoo.co.in*

નોલેજ કોર્નર

# અસલી કેસરની પરખ




અતુલ સોની (ફુડ એનાલિસ્ટ)



કેસર વિશ્વમાં સૌથી મોંઘા મસાલા પૈકીનું એક હોવાનું મનાય છે અને તે 'ક્રોકસ સૅટિવુસ' છોડના ફૂલમાંથી લેવામાં આવે છે. તેને King of Spices પણ કહેવાય છે. કેસરનો ઉપયોગ ખોરાક તેમજ ઔષધીય એમ બંને માટે થાય છે. ઇ-કોમર્સ સાઇટ્સ પર કાશ્મીરી કેસરનો ભાવ એક ગ્રામના રૂપિયા ૩૫૦ થી ૪૦૦ જેટલો હોય છે.

**ઇરાનમાં સમગ્ર વિશ્વની ૯૦%થી વધારે કેસરનું ઉત્પાદન થાય છે પણ કાશ્મીરી કેસરની ક્વોલિટી સૌથી શ્રેષ્ઠ ગણાય છે.** કેસર બે કારણોસર મોંઘી હોય છે : (૧) ખૂબ મજદુરીની જરૂરત, (૨) દુર્લભતા. દરેક ફૂલમાં ૩ સ્ટેમન્સ (અથવા રેસા) હોય છે. દરેક ફૂલ હાથ દ્વારા લેવામાં આવે છે. **એક કિલો કેસર બનાવવા માટે ૧,૫૦,૦૦૦ ફૂલોની જરૂરત પડે છે.**



કેસર ક્રોક્સ ફૂલ (ક્રોકસ સૅટીવસ) માંથી મેળવવામાં આવે છે. તેના ઊંચી કિંમતના કારણે કેસરમાં ઘણીવાર ભેળસેળ થતી હોય છે. હલકી ગુણવત્તાવાળી કેસર ઊંચા ભાવે આપી દેવાય છે. કેસરમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ પરિબળો ક્રોસીન (રંગ), પીક્રોક્રોસિન (સ્વાદ) અને સેફરનલ (સુગંધ) હોય છે. કેસરમાં આ સંયોજનોની ઊંચી માત્રા કેસરની ઊંચી ગુણવત્તા આપે છે. કેસરની કિંમત પિક્રોક્રોસિન (સ્વાદ), ક્રોસીન (રંગ) અને સેફરનલ (સુગંધ)ના આધારે કરવામાં આવે છે. આની ચકાસણી પ્રયોગશાળામાં કરવામાં આવે છે અને આ ત્રણ પરિબળોની સંખ્યા જેટલી વધારે તેટલી કેસરની ગુણવત્તા વધારે હોય છે.

ઇન્ટરનેશનલ સ્ટાન્ડર્ડ ઓર્ગેનાઇઝેશનના સ્ટાન્ડર્ડ ૩૬૩૨-૧ અને ૨ માં કેસર ગુણવત્તાનાં પરીક્ષણનાં માપદંડો નિયત કરવામાં આવેલ છે. આમાં કેસર-પિક્રોક્રૉસિન, સેફરનલ અને ક્રોસિન માટે એક ટેસ્ટ આપવામાં આવ્યા છે. યુ.વી. સ્પેક્ટ્રોમીટરનો ઉપયોગ કરીને, ત્રણ પેરામીટર માપવામાં આવે છે. સૌથી વધુ ગુણવત્તાવાળા કેસરને આઈ.એસ.ઓ. દ્વારા શ્રેણી-૧ આપવામાં આવે છે.

યલો કેસર ઉર્ફે અમેરિકન કેસર ઉર્ફે સેફલોવર (કાર્થેમસ ટિંક્ટોરિય) અસલી કેસર (ક્રોકસ સૅટીવસ) જેવું લાગે છે પરંતુ તે ઓછી ગુણવત્તા ધરાવે છે. કોઈપણ મોંઘા લેબ પરીક્ષણો વિના કેસરની ગુણવત્તા ચકાસવા માટે અન્ય ઘણા સરળ રસ્તાઓ છે. કેસરના દેખાવ, સુગંધ, સ્વાદ અને કોલ્ડ વોટર ઉપરાંત ફ્લોટ ટેસ્ટ અને બેકિંગ સોડા વોટર ટેસ્ટની મદદથી કેસરની ગુણવત્તાનો ખ્યાલ આવે છે.




કેસરના Stigma અથવા થ્રેડ / ફિલામેન્ટના ભાગ મુજબ કેસરના ભાવમાં ઘણો તફાવત જોવા મળે છે.

- **ગ્રેડ ૧ અથવા એ+ અથવા ઑલ રેડ (સારગોલ અથવા નેગિન) :**

આ પ્રકારની લાલ કેસરમાં ફક્ત કલગી (ઉપરનો નાનો ભાગ) હોય છે. કેસરનો આ ભાગ ૧૦૦% પ્રીમિયમ કેસર

છે. આ સુપર-નેગિન અથવા સારગોલ કેસર તરીકે જાણીતી છે. તે કેસર ફિલામેન્ટના ઉપરના ૧/૩ અથવા ૨/૩ ભાગ હોય જ છે. તેના રંગ અને સુગંધને કારણે તેની કિંમત વધારે હોય છે. તે શુદ્ધ અને ઉત્તમ ગુણવત્તાની કેસર છે.

- **ગ્રેડ-૨ અથવા એ અથવા ગ્રેડ (પુશલઃ) ક્લાસ એ અથવા ગ્રેડ ૨ કેસર :**


આ કેસરમાં લાલ કલગી (Stigma) હોય છે અને પીળા / સફેદ રંગના અંત ભાગ સાથે જોડાયેલી હોય છે. કેસરની આ જાત પણ મોંઘી હોય છે અને મોટેભાગે તે રસોઈમાં વપરાશ માટે ઉપયોગમાં લેવાય છે અને દેશભરમાં અગ્રણી કરિયાણાની દુકાનોમાં ઉપલબ્ધ છે.


- **ટાઇડ ટોંચ ગ્રેડ ૩ અથવા ગ્રેડ બી**

આ સામાન્ય રીતે ઓછી કિંમત અને ઓછી ગુણવત્તા છે અને તમામ સ્થાનિક કરિયાણાની દુકાનોમાં ઉપલબ્ધ છે. આ પ્રકારમાં કેસર સાથે ફૂલનાં બીજા ભાગો વધારે હોય છે. તેનો ઉપયોગ સામાન્ય રીતે પરફ્યુમ્સ (પોશાક), સુગંધ, ધૂપ અને સુગંધિત સ્વાદમાં થાય છે.

કેસરના ફિલામેન્ટ્સના આકારને ધ્યાનથી જોઈએ તો તે ટીપા (Drop) આકારનું અને તીવ્ર ક્રિમસન રેડ હોવું જોઈએ, જે ટીપ્સ પર સહેજ હળવા નારંગી-લાલ રંગ સાથે જોડાયેલ હોય છે.

જ્યારે પણ તે ગરમ દૂધના ગ્લાસમાં ભેળવવામાં આવે છે ત્યારે લાલ કેસરનો ભભરો સોનેરી રંગમાં બદલાય છે. જેનો અર્થ તે શુધ્ધ છે.




- **સુગંધ :**

કેસરનો રંગ મુખ્યત્વે ડીગ્રેડેડ કેરોટીનોઇડ્સ (ક્રોસિન અને ક્રોસેટિન)ના કારણે થાય છે, ત્યારે સ્વાદ કેરોટીનોઇડ ઓક્સિડેશન ઉત્પાદનો (મુખ્યત્વે સેફરનલ અને કિત્ત ગ્લુકોસાઇડ પિક્રોક્રોસિન) માંથી આવે છે. શુધ્ધ કેસરની સુગંધ ખૂબ જ વિશિષ્ટ હોય છે. તેની અરોમા પરથી ગુણવત્તાનો ખ્યાલ આવે છે.

- **સ્વાદ :**

કેસરમાં ક્રોકસ કમ્પાઉન્ડ (ક્રોસિન) હોય છે જે તેને કડવો સ્વાદ બનાવે છે. શુદ્ધ કેસરનો સ્વાદ કડવો છે અને સ્વાદ તદ્દન અલગ છે. ચોક્કસપણે સ્વાદ એ થોડો ગરમ, કડવો લાગે છે અને તે પછી ધીમે ધીમે જીભ પરથી ઓછું થતું જાય છે. કેસર સાચી છે કે નહીં તે નક્કી કરવા માટે તમે તમારી જીભ પર મૂકો અને થોડા સેકંડ સુધી ચાવો. તમે તમારી જીભ પર તીક્ષ્ણ, કડવો સ્વાદ અનુભવશો. પછી કેસરના રેસાને સ્વચ્છ ટીસ્યુ પેપર પર મૂકી ઘસવાથી જો કાગળની પેશીઓનો રંગ પીળો દેખાય, તો જાણો કે તમે સાચી કેસર ખરીદી રહ્યા છો. જો રંગ લાલ દેખાય છે, તે રંગીન રેસા ગ્રેડનાં કારણે હોય.

- **ફ્લોટ ટેસ્ટ :**



સાચી કેસરનું બીજું પરીક્ષણ ફ્લોટ ટેસ્ટ છે કે જ્યારે પાણીમાં મૂકવામાં આવે ત્યારે સાચી કેસરનાં રેસા ડૂબતા નથી. તે પાણી ઉપર તરતા રહેશે. નકલી કેસરના રેસા આંશિક રીતે અથવા સંપૂર્ણપણે પાણીમાં ડૂબી જાય છે.

- **બેકિંગ સોડા ટેસ્ટ :**

પાણીમાં થોડો ખાવાનો સોડા ઉમેરી અને મિશ્ર કરવું એ ખૂબ જ રસપ્રદ ટેસ્ટીંગ છે. આ મિશ્રણમાં કેસર ઉમેરો. પાણી / બેકિંગ સોડા મિશ્રણ પીળા રંગનું રહે તો તે શુદ્ધ કેસર હોય અને નકલી કેસર હશે તો મિશ્રણ લાલ લાલ થઈ જશે.

- **કેસરના ઔષધીય ગુણ (Health Benefits) :**

★ આયુર્વેદ અને આધુનિક મેડિકલ બંનેમાં કેસરને ઉપયોગી માનવામાં આવે છે.
★ શરદીના ઈલાજ માટે કેસર દૂધમાં લેવામાં આવે છે.
★ કેસર કેન્સર સામે રક્ષણ આપે છે.
★ બાળકોના વિકાસ માટે કેસર ઉપયોગી થાય છે.
★ વાળ માટે કેસર અસરકારક છે.

*રસોઈ રાંધે જો પિત્તળમાં, ને પાણી ઉકાળે તાંબુ;*
*જો ભોજન કરે કાંસામાં, તો જીવન માણે લાંબું.*

*વિચારનો ચિરાગ બુઝાઈ જવાથી આચાર આંધળો બની જાય છે.*

ગુજરાતી કથાગીતો
મણકો-૮

## સત્ય ઘટનાનું હૃદયસ્પર્શી લોકગીત

# વેરણ વીજળી

● સંકલન : જીના વીરેન શેઠ ●

હાજી કાસમ, તારી 'વીજળી' રે સમદરિયે વેરણ થઈ
શેઠ કાસમ, તારી 'વીજળી' રે મધદરિયે વેરણ થઇ!
— કાસમ.

ભુજ અંજારની જાનું રે જૂતી જાય રે મુંબઈ શે'ર,
દેશ પરદેશી માનવી આવ્યાં, જાય છે મુંબઈ શે'ર.
— કાસમ.

દસ બજે તો ટિકટું લીધી, જાય છે મુંબઈ શે'ર
તેર-તેર જાનું સામટી જૂતી, બેઠા કેસરિયા વર.
— કાસમ.

ચૌદ-વીશું માંય શેઠિયા બેઠા, છોકરાંનો નૈં પાર,
અગિયાર બજે આગબોટ હાંકી, જાય છે મુંબઈ શે'ર.
— કાસમ.

ઓતર-દખણના વાયરા વાયા, વાયરે ડોલ્યાં વા'ણ,
મોટા સાહેબની આગબોટું મળિયું : 'વીજને પાછી વાળ્ય'
— કાસમ.

જહાજ હું મારું પાછું વાળ્યે રોગ તડાકો થાય,
પાછી વાળું મારી ભોમકા લાજે! અલ્લા માથે એમાન.'
— કાસમ.

આગ ઓલાણી ને કોયલા ખૂટ્યા, 'વીજને પાછી વાળ્ય',
મધદરિયામાં મામલા મધ્યે 'વીજળી' વેરણ થાય.
— કાસમ.

ચહમાં[૧] માંડીને માલમી જોવે પાણીનો ના'વે પાર,
કાચને કૂંપે[૨] કાગદ લખી મોકલે મુંબઈ શે'ર.
— કાસમ.

હિંદુ-મુસલમાન માનતા માને : પાંચમે ભાગે રાજ,
પાંચ લેતાં તું પાંચસો લેજે, સારું જમાડું શે'ર.
— કાસમ.

ફટ ભૂંડી તું 'વીજળી'! મારાં તેરસો માણસ જાય,
'વીજળી' કે, મારો વાંક નૈ વીરા, લખિયલ છઠ્ઠીના લેખ.
— કાસમ.

તેરસો માણસ સામટાં બૂડ્યાં, બૂડ્યા કેસરિયા વર,
ચૂડીએ કોઠે દીવા જલે ને જુએ જાનું કેરી વાટ.
— કાસમ.

મુંબઈ શે'રમાં માંડવા નાખેલ, ખોબલે વેંચાય ખાંડ
ઢોલ ત્રંબાળુ ધ્રુસકે વાગે, જુએ જાનુંની વાટ.
— કાસમ.

સોળસેં કન્યા ડુંગર ચઢી જુએ જાનુંની વાટ,
દેશદેશેથી તાર વછૂટ્યા : 'વીજળી' બૂડી જાય.
— કાસમ.

વાણિયા વાંચે ને ભાટિયા વાંચે, ઘરઘર રોણાં થાય,
પીઠી ભરી તો લાડકી રુએ, માંડવે ઊઠી આગ.
— કાસમ.

સગું રુએ ને સાગવી રુએ, બેની રુએ બાર માસ,
મોટા સાહેબે તાગ જ લીધા, પાણીનો ના'વે પાર.
— કાસમ.

**૧. દૂરબીન, ૨. પૂર્વે આગબોટો ડૂબવાની થિંતી ત્યારે કાચના સીસામાં એ ખબરવાળા કાગળો બીડીને સીસા સમુદ્રમાં તરતા મૂકવામાં આવતા.**

### ● લોકગીતની લોકપ્રિયતા :

લોકસાહિત્યમાં લોકગીતોનું મહત્ત્વ અનેરું છે. લોકગીતોમાં લોકોની લાગણી, પરંપરા અને જીવન જીવવાની સમગ્ર શૈલી કલાત્મક રીતે વણાયેલી છે. લોકોના જીવન સાથે વણાયેલી હોવાથી તેમનું અસ્તિત્વ ચિરંજીવ છે.

લોકગીત એટલે માનવ હૃદયમાંથી ઉદ્‌ભવેલું સહજભાવે સ્ફુરેલું ગીત. લોકગીત સમાજ જીવનનું યથાર્થ પ્રતિબિંબ પાડે છે. એટલે તો લોકગીતોને જે - તે સાહિત્યનું મૂળ ધન ગણવામાં આવે છે. લોકગીતોના રચયિતા કોઈ વ્યક્તિ અથવા કોઈ સમૂહ હોય છે અને પછીથી તેમાં ફેરફારો પણ થતા રહે છે.

લોકગીત પ્રજાની મજિયારી સંપત્તિ છે. લોકગીતની હસ્તપ્રત ન હોય. કર્ણપ્રત હોય. લોકગીત હોઠ પર અને કાનમાં ઊછરે છે. લોકગીતનો આધાર કર્ણસ્મૃતિ પર છે.

લોકગીતોમાં મોટાભાગે સામાન્ય માણસના જીવનનું સંસારચિત્ર તાદૃશ્ય થાય છે. જેમાં લોકહૃદયનાં સ્પંદનો, સ્નેહ-સમર્પણ, ઉત્સવો - લગ્ન પ્રસંગોના ઉમંગની યાદો, રીતિ-રિવાજ, પરંપરા તેમજ તેમની સમગ્ર અસ્મિતાનાં દર્શન થાય છે.

- **કૃતિ વિશે :**

'વેરણ વીજળી' એ ગુજરાતમાં સૌરાષ્ટ્રના સાગરકાંઠે સર્જાયેલી એક ગમખ્વાર દુર્ઘટનાનું લોકગીત છે. આ ગીતની રચના કોણે, ક્યારે અને ક્યાં કરી તેને અંગે કોઈ જ માહિતી મળતી નથી. આ ગીતમાં કચ્છના ભુજ અને અંજાર ગામનો જે ઉલ્લેખ કર્યો છે તેના પરથી આ ગીતના કવિ કચ્છના હોવાનું માનવામાં આવે છે. સૌરાષ્ટ્ર કચ્છમાં આ ગીત દાયકાઓથી ગવાતું આવ્યું છે.

ગુજરાતમાં બનેલી 'ટાઈટેનિક' જેવી સત્ય ઘટના પર રચાયેલું આ લોકગીત યાદ અપાવે છે, ગુજરાતની મોટી જહાજ દુર્ઘટનાની. ૨૦૦ મિલિયન ડૉલરના ખર્ચે બનેલ ટાઈટેનિક ફિલ્મ આપણને સૌને ખબર છે. ભાગ્યે જ કોઈ જેમ્સ કેમેરોનની એ ક્લાસિક ફિલ્મ જોયા વગરના રહ્યા હશે. પણ આજે વાત માંડવી છે ગુજરાતના Titanicની!

- **વીજળીની વાર્તા :**

પરિવહન માટેનાં આજના જેવા રસ્તા અને વાહનો નહોતાં ત્યારની આ વાત છે. કચ્છના માંડવી બંદરેથી મુંબઈ જવા એક સ્ટીમર ચાલતી હતી. આ સ્ટીમર એ જમાનાની આધુનિક સ્ટીમર હતી. તેના પર ઈલેક્ટ્રિક લાઈટ ફિટ કરેલી હતી. ત્યારે વીજળીની શોધ નવી-સવી હતી. બોટમાં વીજળીના દીવા સાથે એ નવીનવાઈની આગબોટને જોઈ લોકોએ હુલામણું નામ આપી દીધું 'વીજળી!' 'વીજળી' ઇંગ્લેન્ડમાં ઈ.સ. ૧૮૮૫માં બંધાઈ હતી. તે લંડનની એ.જે. શેફર્ડ કંપનીની માલિકીની હતી. શેફર્ડ કંપનીના પોરબંદર ખાતેના બુકિંગ એજન્ટ હાજી કાસમ નૂરમોહમ્મદ હતા.

'વીજળી' નામે ઓળખાતી એ કમનસીબ સ્ટીમરનું મૂળ નામ 'વૈતરણા' હતું. 'વીજળી' એની અગિયારમી મુસાફરીમાં કચ્છ-અંજારથી મુંબઈ જતા, રસ્તામાં મહુવાની નજીક ડૂબી ગઈ. આ ગીત, તેનું કરુણ બયાન છે. હાજી કાસમને ઉદ્દેશીને રચાયેલું આ લોકગીત કહે છે : હાજી કાસમ તારું જહાજ મધદરિયે કેમ ડૂબી ગયું? 'વીજળી વેરણ થઈ.' એ પદમાં ભારોભાર કરુણતા ભરેલી છે.

- **ઘટનાક્રમ :**

'વીજળી' તા. ૮મી નવેમ્બર, ૧૮૮૮ના રોજ સવારે માંડવી બંદરેથી મુંબઈ જવા માટે ઉપડી હતી. ત્યારે લગ્નગાળો ખૂબ હતો. વૈશાખ મહિનો ચાલતો હતો તેથી મુસાફરોની અવરજવર વધારે. બોટોમાંથી લીધેલી ટિકિટો રદ કરાવી લોકો 'વીજળી'માં બેસવા તલપાપડ થયા. સામાન્ય રીતે નવી આગબોટ, કંપનીની મુંબઈની વડી કચેરીએ આવવાનું ઠરાવાયેલું. તેમ છતાં આગબોટે કરાંચીથી જ મુસાફરો લેવાનું શરૂ કર્યું.

કરાંચીથી મુસાફરો ઊભરાયા. મુંબઈમાં લગ્ન એટલે બે જાનો ચડી. વળી માંડવી બંદરેથી ભુજ અને અંજારની અગિયાર જાનો ચડી. કુલ તેર જાનો થઈ. સાંજના સુમારે તે પોરબંદર પહોંચી. પછી 'વીજળી' માંગરોળ, વેરાવળ, ભાવનગર, મહુઆ થઇ મુંબઈ પહોંચવાની હતી.

વીજળી સાથે હતા તેર વરરાજા, તેર જાનના જુવાન જાનૈયા. ૨૮૦ (ચૌદવીશું) શેઠિયાઓ, વાણિયા, શાહુકાર, વેપારીઓ, કેટલાક અંગ્રેજો અને મુંબઈ પરીક્ષા આપવા જનાર વિદ્યાર્થીઓ.

પરંતુ પોરબંદર છોડતાં તો ઉત્તર-દક્ષિણના વાયરા વાવાનું (પવન ફૂંકાવાનું) શરૂ થયું હતું. જેને લીધે 'વીજળી' દરિયામાં હાલકડોલક થવા માંડી હતી. દરિયાના પેટાળમાંથી જાણે એક તાંડવ ઊપડ્યું. તોફાન ચડવા લાગ્યું. મોટા સાહેબોની સ્ટીમરો સામી મળી. તેમણે 'વીજળી'ને પાછી વાળી લેવા કહ્યું હતું.

'વીજળી'ના ચાલકે આ સૂચન સ્વીકારવાને બદલે કહી દીધું કે 'વીજળી'ને પાછી વાળું તો મારી ભોમકા લાજે. ઉપર અલ્લા (ઈશ્વર) બેઠો છે પછી ચિંતા શી!

'વીજળી'માં આગ ઓલવાઈ ગઈ. કોલસા ખલાસ થઈ ગયા પણ ચાલકે દૂરબીનથી જોયું ચારેબાજુ પાણી જ પાણી છે. ખલાસીએ મદદ માટેનો સંદેશો લખી તે કાગળને કાચના શીશામાં ઉતારી મુંબઈ તરફ મોકલી દીધો.

'વીજળી'ના હિંદુ - મુસ્લિમ ઉતારુઓ માનતા માનવા લાગ્યા કે આમાંથી ઊગરીશું તો આવકનો પાંચમો ભાગ રાજને દાનમાં આપી દઈશું. પાંચને બદલે ભલે પાંચસોનો ખર્ચ થાય પણ ગામ આખાને જમાડીશું, એ રીતે દાનધરમ કરીશું.

હાજી કાસમે સૌને બચાવી લેવા મન મક્કમ કરી લીધું પણ વિધિના લખાયેલ લેખ પાસે કોઈનું ક્યાં કંઈ ચાલ્યું છે! 'વીજળી' કહે કે આ હોનારતમાં મારો વાંક નથી, મારા વીરા! છઠ્ઠીના વિધાતાના લેખમાં જ આમ થવાનું લખ્યું હશે.

'વીજળી' દરિયામાં ડૂબવાથી એકસામટાં ૧૩૦૦ માણસો ડૂબી ગયાં. એમાં કેસરિયા વરરાજાઓ પણ ડૂબી મર્યા. બીજી તરફ મુંબઈમાં હાથમાં ચૂડીઓ પહેરીને બેઠેલી કોડીલી કન્યાઓના ઘરે દીવાની રોશની હતી. કન્યાઓ જાનની રાહ જોઈને બેઠી હતી.

ઠેર-ઠેર માંડવા ખોડાયા હતા. લગ્નની ખુશાલીમાં ખોબા

ભરીને ખાંડ વહેંચાતી હતી. ને લોકો મોં મીઠું કરતા હતા. જાન આવવાની વાટ જોતા ઢોલીઓ ઢોલ અને નગારાં વગાડતા હતા.

સોળસો કન્યાઓ ડુંગરે ચડી જાન આવવાની રાહ જોતી હતી. 'વીજળી' ડૂબે છે એવા સંદેશાના તાર ગામેગામથી છૂટવા લાગ્યા હતા.

એ તાર વાણિયાઓએ અને ભાટિયાઓએ વાંચ્યા. હોનારતના સમાચાર સાંભળી ઘેરઘેર રોક્કળ શરૂ થઈ ગઈ. જેઓનાં લગ્ન લેવાયાં હતાં એ પીઠી ચોળેલી કન્યાઓ રોવા અને કલ્પાંત કરવા લાગી. માંડવામાં જાણે આગ ન લાગી હોય એ કેસરિયા વરરાજાની નવોઢાઓ કાયમ માટે પોતાના મનના માણિગરની વાટ જોતી રહી ગઈ.

'વીજળી'માં બેસી મુસાફરી કરનારાઓનાં સગાં-સંબંધીઓ રોવા લાગ્યાં. પોતાના વીરા - માડીજાયાઓને માટે બહેનોનું છાતીફાટ આક્રંદ તો બાર-બાર મહિના સુધી ન રોકાયું.

મોટા સાહેબ 'વીજળી'ની ભાળ મેળવવા દરિયો ખૂંદી વળ્યા. પણ તેમને પાણી સિવાય કંઈ જ જોવા ન મળ્યું.

- **ગીત-સાર :**

'વેરણ-વીજળી'માં જિંદગી અને મૃત્યુની કરુણ વાસ્તવિક્તા બતાવી જીવનની અનિશ્ચિતતા પ્રત્યે આંગળી ચીંધાઈ છે.

જિંદગી જો આટલી જ અનિશ્ચિત હોય તો પ્રમાદ કરવો કેમ પોસાય? માટે જ જ્ઞાનીઓ કહી ગયા છે કે હે જીવ! તું આ ક્ષણભંગુર જીવનમાં એક ક્ષણમાત્રનો પણ પ્રમાદ ન કર. જે કરવાનું છે તે કરવામાં લાગ, એ જ્ઞાની વચન અહીં સત્ય ભાસે છે.

જીવન એવું પવિત્ર હોવું જોઈએ કે ગમે ત્યારે મોત આવે તો પણ કોઈ અફસોસ વગર આપણે એના માટે તૈયાર તઈ જઈ શકીએ. એ શાશ્વત સંદેશ છે આ ગીતનો.

- **કાવ્ય-સમીક્ષા :**

વીજળીની દુર્ઘટનાના સાહિત્ય જગત પર પ્રત્યાઘાત પડ્યા. કેટલાક કવિઓએ તેના વિશે કાવ્યો લખ્યાં. આવાં કાવ્યો લખનારાઓમાં જામનગરના દુર્લભજી ધ્રુવ, ભીખારામ જોષી વગેરે કવિઓ હતા. એ જ સમયગાળા દરમિયાન 'હાજી કાસમ તારી વીજળી વેરણ થઈ' ગીત રચાયું હશે.

કાળક્રમે આ ગીતમાં (બીજાં લોકગીતોની જેમ જ) ફેરફાર - ઉમેરા થયા છે. સમય વીતવા સાથે 'વીજળી'ની દુર્ઘટનાની ઐતિહાસિક હકીકતો લોકવાયકામાં ફેરવાઈ ગઈ અને અતિશયોક્તિ થવા લાગી. આ ગીતમાં પણ મૃત્યુ પામેલા મુસાફરોનો આંક અતિશયોક્તિથી ભરેલો લાગે છે. (સાચી સંખ્યા ૭૪૬ની જાણવા મળી છે.)

'વીજળી' વિશે બીજી માન્યતા એવી પણ છે કે પોરબંદરના એડમિનિસ્ટ્રેટર લેલી સાહેબ 'વીજળી'ની શોધે નીકળ્યા હતા અને 'વીજળી'ની એ ખેપમાં ફકીર મહમદ નામે પહેલો દેશી કપ્તાન હતો. દેશી તરીકે પોતાની નામોશી ન થાય તે સારુ થઈને એણે 'વીજળી' પાછી ન વાળી.

જે હોય તે! પણ એટલું ખરું કે આવા લોકગીતોને લીધે આવી ઘટનાઓનું એક પ્રકારનું દસ્તાવેજીકરણ થઈ ગયું છે એ વાત નકારી ન જ શકાય.

- **ગીતમાં કાવ્યત્વ :**

બાકી કાવ્યત્વની દૃષ્ટિએ મૂલવીએ તો 'વીજળી'ના માલિકનો ગર્વભર્યો ઉછરંગ, શેઠ-શાહુકારોને સહેલગાહ કરાવવાના મનોરથો અને તેર-તેર કેસરિયા વરરાજાઓ. ત્યાર પછી એ મધદરિયાનાં વાવાઝોડાં, બેસુમાર પાણી; ડૂબવા સમયની ડોલાડોલ; ખારવાઓની દોડાદોડ; દેવદેવીઓની માનતા કરતા મુસાફરો; કેસરિયા વરરાજા સહિતની જળસમાધિ; મુંબઈને કિનારે પેલી પીઠીભરી કન્યાઓનાં હૈયાફાટ રૂદન, બહેનોનું વીરા માટેનું આક્રંદ એ તમામ ચિત્રો સચોટ છે.

સરળ શબ્દો અને ઢાળે, આ ગીતને લોકપ્રિય બનાવવામાં મોટો ભાગ ભજવ્યો છે. માટે જ કદાચ 'વીજળી'ની દુર્ઘટના સર્જાયાને ૧૩૧ વર્ષ થવા આવ્યાં છે. આમ છતાં ગુજરાતીઓ 'વીજળી'ને વીસરી શક્યા નથી.

સૌરાષ્ટ્ર કચ્છમાં રાવણહથ્થાવાળા નાથ બાવાઓ જે કુશળ કલાકારો હોય છે તેઓ આજે પણ આ લોકગીત વગાડતા સાંભળવા મળે છે. અને આજે પણ આ લોકગીત સાંભળી આંખો રડતી જોવા મળે છે.

- **વિશેષથી :**

ઝવેરચંદ મેઘાણીએ જે લોકસાહિત્યનું સંપાદન કર્યું તેમાં લોકગીતોને 'રઢિયાળી રાત'માં સમાવ્યા. તે અંતર્ગત 'રઢિયાળી રાત : ભાગ-૨'માં આ ગીત અને તેની વિગત જોવા મળે છે. તથા પાછળથી વિશેષ પ્રચલિત ગીતોની જે લઘુ આવૃત્તિ બહાર પડી તેમાં પણ આ ગીત સમાવવામાં આવ્યું છે.

*પૂર્વે ઓશિકે વિદ્યા મળે, દક્ષિણે ધન કમાય;*
*પશ્ચિમે ચિંતા ઉપજે, ને ઉત્તરે હાનિ થાય.*

*સુખ શરીર માટે ફાયદાકારક છે પણ એ દુઃખ છે જે મનની શક્તિઓને વિકસાવે છે.*

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

## ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

## S.S.C. - H.S.C.

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો.**
**સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

# ડી. એન. પોલીટેકનીક

સંપર્ક :
પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦
રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧
નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫
મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦
મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯
દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

**કચ્છી સમાજ - અમદાવાદ પરિવારને ૨૫% ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.**

અપૂર્વ સિદ્ધિ

# માત્ર દસ વર્ષના યશની અપૂર્વ સ્મૃતિઓ અને સિધ્ધિઓ



પ્રા. સૂર્યકાંત ભટ્ટ



પૂર્વ જન્મના સંસ્કારો કેટલાક જીવાત્માઓની સ્મૃતિમાં જળવાયેલા, સંગ્રહાયેલ હોય છે. પુનર્જન્મના સિધ્ધાંતો શાસ્ત્ર સંપન્ન બન્યા છે.

પૂર્વની કેટલીક સ્મૃતિઓ અને સિધ્ધિઓ ભુજના દસ વર્ષના યશ સાથે સંકળાયેલી છે. યશના પિતાશ્રી હિતેશ ગણાત્રા, માતુશ્રી ડૉ. રક્ષાબેન ગણાત્રા. યશનો જન્મ તા. ૨૨-૧-૨૦૦૯ના રોજ ભુજ મધ્યે થયેલ. કચ્છમાં ગણાત્રા ટ્રાન્સપોર્ટ વ્યવસાયમાં ખ્યાતનામ શ્રી જેરામભાઈ ગણાત્રાના પુત્ર શ્રી કાંતિભાઈ તથા શ્રીમતી શારદાબેન ગણાત્રા યશના દાદા-દાદી થાય.

યશના માતુશ્રી ડૉ. રક્ષાબેને જણાવ્યું કે, યશ લગભગ અઢી વર્ષે સ્પષ્ટ બોલતા શીખ્યો. હાલે તો તે દસ વર્ષનો છે. ભુજની દૂન પબ્લિક સ્કૂલમાં છઠ્ઠા ધોરણમાં તે અભ્યાસ કરી રહ્યો છે.

તે જ્યારે અઢી વર્ષનો હતો ત્યારે અમારી કારથી આગળ તથા પાછળ આવી રહેલી કારની બ્રાન્ડ, કંપની વિશે માહિતી આપવા લાગી જતો. ઘરમાં આવતું ‘ઓટો મેગેઝિન’ના ફોટા આદિ ધ્યાનપૂર્વક જોયા કરતો. હ્યુમન બાયોલોજી તથા હ્યુમન એન્સાઈક્લોપીડિયા યશના દાદા શ્રી કાંતિભાઈ ગણાત્રાએ ખરીદેલી, તે યશને આપેલી. તેના કાકા શ્રી વિજયભાઈ ગણાત્રાએ પણ એન્સાઈક્લોપીડિયા આપેલું. તેમાંથી પાંચ વર્ષની વયે યશે ડાઈનોસોર જેવા મહાકાય પ્રાણીઓ વિશે જાણકારી તૈયારી કરીને આપી. રક્ષાબેને ઘણી અગત્યની વાત એ કરી કે, ‘અમે રમકડાં પાછળ હજી સુધી કોઈ ખર્ચ કર્યો નથી. માત્ર ને માત્ર પુસ્તકો ખરીદવા જ ખર્ચ કર્યો છે અને કરતા જ રહીએ છીએ.’

ડૉ. કનુભાઈ ગણાત્રાએ ઈસ્કોન દ્વારા પ્રકાશિત થયેલા ગીતાજીના ૧૮ અધ્યાય યશને ભેટ આપ્યા. યશે, બાર અધ્યાયનો સાર કાઢી આપ્યો છે. શ્રી કાંતિભાઈના નૈરોબી સ્થિત એક મિત્રે અંગ્રેજીમાં વચનામૃતના પાંચ ભાગ ભેટ આપ્યા. બાળક યશે બે ભાગ વાંચીને કંઠસ્થ કરી લીધા. દૂન સ્કૂલમાં વાર્ષિકોત્સવ સમયે ઈ.સ. ૨૦૧૭માં નીલકંઠ વર્ણીનું આબેહૂબ પાત્ર ભજવ્યું. એ સમયે યશ ચોથા ધોરણમાં ભણતો હતો.

- **સિધ્ધિઓ :**

૧. હિંદુ ધર્મ, દશાવતાર, સંત જલારામ બાપા ગીતાજીમાં કૃષ્ણ અવતાર આદિ પર પ્રવચનો.

૨. વર્ષ ૨૦૧૭માં રોટરી સાક્ષરતા યોજના અભિયાન માટે બ્રાન્ડ એમ્બેસેડર.

૩. શાળામાં યોજાયેલા સીસીઓ કાર્યક્રમો તથા વિવિધ શાળાઓમાં પ્રેરણાત્મક કાર્યક્રમો રજૂ કર્યા.

૪. ખાસ પ્રતિભા વર્ગમાં રીયાલીટી શો ‘ભારત કી ખોજ’ના વિજેતા.

૫. કચ્છ ગોટ ટેલેન્ટ શો ૨૦૧૭માં ઑપન એજ કેટેગરીમાં વિજેતા.

૬. ઓલિમ્પિયાડના નવ ગોલ્ડ મેડલ, ચાર સિલ્વર મેડલ.

- **વિશેષ ક્ષમતા :**

આંખે પાટા બાંધી, બ્લાઈન્ડ ફોલ્ડલી અર્થ ગ્લોબ પર બધા દેશોની ઓળખ. એજ રીતે ક્રિકેટમાં બેટીંગ કરી શકે તથા સાઈકલિંગ કરે છે. વિશ્વના મૂળાક્ષરોને ક્રમમાં થોડી જ ક્ષણોમાં ગોઠવી બતાવવા. એક જ મિનિટમાં ૬ ના ટેબલનું વર્ણન. દા.ત. ૬ x ૮૫ = ૫૧૦. દસ સેકન્ડમાં માનવ હાડપિંજરની ઓળખ આપવા ૧૮ ફૂટ દૂરથી બ્લાઈન્ડ ફોલ્ડલી વિશ્વના બધા દેશોના ધ્વજની ઓળખ. આ વિશેષ યશની ક્ષમતા ૨૪મી જૂન, ૨૦૧૭ના ઈન્ડિયા બુક ઑફ રેકોર્ડઝમાં છે. ૪ મિનિટ ૩૬ સેકન્ડમાં આશરે ૨૫૦ માનવ સ્નાયુઓની ગણતરી કરીને ૩૦મી જૂન, ૨૦૧૮ના રોજ એશિયા બુક ઑફ રેકોર્ડસમાં યશે યશસ્વી સ્થાન પ્રાપ્ત કરી પરિવારનું, કચ્છનું, ગુજરાતનું નામ રોશન કર્યું છે.

કચ્છ યુનિવર્સિટી દ્વારા રાજ્ય સરકાર આયોજિત ટેબ્લેટ વિતરણ કાર્યક્રમમાં રાજયના શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના વરદ્ હસ્તે યશનું સન્માન થયેલ હતું. જેમાં રાજકીય પ્રતિનિધિઓ, ઉપકુલપતિ શ્રી ચંદ્રસિંહજી જાડેજા, વિશાળ સંખ્યામાં આમંત્રિતો, પ્રાધ્યાપકો તથા વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

*યશનું સરનામું :*

**યશ હિતેશ ગણાત્રા**
૧૦૧, આશાપુરા પાર્ક,
રિલાયન્સ પેટ્રોલ પંપ પાછળ,
મુંદ્રા રોડ, ભુજ-૩૭૦ ૦૦૧.

***લીમડા લાઇન, સંસ્કાર નગર,***
***ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬***

*સુખ મેળવવું એ બહુ અઘરી વાત છે કેમકે તે બીજાને સુખી બનાવીને જ મેળવાય છે.*

જબાન

# શબ્દબોધ
## અંગ્રેજી શબ્દોની ગુજ્જુગ્રાફી – (૧૨)



તુલસી કંસારા

***Stupendous = સ્ટ્યૂપેન્ડસ** = અજબ, વિસ્મયકારક, અતિ મોટું, પ્રચંડ, અત્યંત મહત્ત્વનું.*




આ સ્ટ્યૂપેન્ડસ શબ્દ લેઈટ લેટીન ભાષાના સ્ટુપેરે પરથી ૧૫૪૭માં પ્રથમ વખત અત્યંત સારું અથવા આકર્ષક, દિગ્મુઢ કરી નાખે તેવું - સ્ટનીંગના અર્થમાં વાપરવામાં આવેલ. તેના અન્ય અર્થમાં એસ્ટોનિશીંગ્લી ગ્રેટ અથવા લાર્જ, અચરજ પમાડે તેવડું મોટું, હ્યુજ, ઈનોર્મસ, માર્વેલસ, કોલોઝલ, પ્રોડીજીયસ, ટેરીફિક, ટ્રીમેન્ડસ, જાયજેન્ટીક વગેરે સમાનાર્થી અંગ્રેજી શબ્દો છે.


માણસની સરખામણીમાં હાથી ખૂબ જ મહાકાય પ્રાણી છે, પરંતુ જ્યારે આપણે બાજુના ચિત્રમાં આપેલ હાથીની સરખામણી, એક સમયે અસ્તિત્વ ધરાવતા ડાયનોસોર સાથે કરીએ ત્યારે આ સ્ટ્યૂપેન્ડસ શબ્દના અર્થનો ખ્યાલ આવે.

***Mythology = માઈથોલોજી** = પુરાણ, પુરાણવિદ્યા, પૌરાણિક કથા, પુરાણ કથાનો શાસ્ત્રીય અભ્યાસ.*



જ્યારે આપણે પૌરાણિક શાસ્ત્રોની વાત કરતા હોઈએ ત્યારે અંગ્રેજીમાં આ શબ્દ વાપરવામાં આવતો હોય છે. પરંતુ તે શબ્દ અંગ્રેજી મિથ (myth) પરથી ઉતરી આવેલ છે, જેનો અર્થ થાય છે પ્રાચીન દંતકથા, પુરાણકથા, ખોટી માન્યતા, કાલ્પનિક વાત - વ્યક્તિ અથવા વસ્તુ. પશ્ચિમના દેશો તેમની ધાર્મિક કથાઓને થિયોલોજી કહે છે, જેનો મતલબ થાય છે ઈશ્વરના અસ્તિત્વને લગતું શાસ્ત્ર, ધર્મની રચના કરનારું, શ્રદ્ધા અને આસ્થાનું તંત્ર, બ્રહ્મજ્ઞાન. જ્યારે તેઓ અન્ય દેશોની આવી પુરાણકથાઓને માઈથોલોજી કહીને તેઓ કાલ્પનિક વાતો તરીકે ખપાવવાનો પ્રયત્ન કરતા. આપણા વૈદિક સાહિત્યમાં થિઓલોજીમાં મહાભારત, રામાયણ, પુરાણો ઈત્યાદિનો સમાવેશ થાય છે. જ્યારે હિંદુ માઈથોલોજી પંચતંત્ર અને હિતોપદેશ જેવી વાર્તાઓમાં નજરે ચઢે છે.

***Campanology = કેમ્પેનોલોજી** = ઘંટોનું શાસ્ત્ર, ઘંટાવાદન, ઘંટ બનાવવાની સંપૂર્ણ ટેકનોલોજીનો અભ્યાસ એટલે કેમ્પનોલોજી જેમાં તેનું કાસ્ટીંગ, ટ્યુનીંગ, અવાજ અને ભૂતકાળની પદ્ધતિનો સમાવેશ થાય છે.*



અંગ્રેજીમાં સામાન્ય રીતે અંતમાં લોજી સાથે પૂરા થતા આવા શબ્દો જે તે વિષયના અભ્યાસ સાથે સંકળાયેલ હોય છે. લોજી શબ્દની પહેલા “ઓ” અક્ષર દ્વારા બે શબ્દને જોડવામાં આવતા હોય છે જેમાં “ઓ” વ્યંજન તરીકે વપરાતું હોય છે. જેથી તે પૂરા શબ્દના ઉચ્ચારમાં સુસંગતતા રહે છે. સામાન્ય રીતે જ્યાં આ લોજી શબ્દ અંતમાં વાપરવામાં આવેલ હોય છે તે શબ્દ મુળભૂત રીતે જૂની ગ્રીક ભાષામાંથી લેવામાં આવેલ હોય છે. અંગ્રેજી ભાષામાં એનેલોજી, એન્થ્રોપોલોજી, બાયોલોજી, જીયોલોજી, સાઈકોલોજી વગેરે જેવા ત્રણસો કે તેથી પણ કદાચ વધારે શબ્દો જોવા મળશે. ■

## વિચારવા જેવું

પૃથ્વી પર આજે જેટલા મંદિરો, દેવળો, દેરાસરો, પેગોડા અને ગુરુદ્વારા હોય તે બધા જમીનદોસ્ત થઈ જાય પછી ધર્મ નામની ચીજ બચે ખરી? – હા, બચી શકે.

ધર્મ સાથે જોડાયેલી એક પણ ઈમારત આ પૃથ્વી પર ન હતી ત્યારે ધર્મ તો હતો જ. પૃથ્વી ધર્મવિહીન ન હતી.

કદાચ એમ બની શકે કે પૃથ્વી પર ખરેખરો અને સાચા ધર્મનો ફરીથી ઉદય થાય.

***આહાર એ જ ઔષધ છે, ત્યાં દવાનું શું કામ;***
***આહાર વિહાર અજ્ઞાનથી, દવાખાના થયા છે જામ.***

***જેણે ક્યારેય કોઈ ભૂલ કરી નથી એમે કશું નવું શીખવાનો પ્રયત્ન પણ કર્યો નથી.***

વાર્તા

# લાગણીનો દાખલો



નવીન ત્રિપાઠી 'અલ્પ'

ગામડાંની શાળામાંથી નિવૃત્ત થઈ શહેરમાં સ્થાઇ થયેલા પિતાએ બેંકની પાસબુક પુત્રને આપતા કહ્યું, હમણાં યાત્રા પ્રવાસને કારણે બેંકમાં જવાયું નથી, તેથી નોંધ બાકી છે.

પુત્ર બેંકમાં ગયો. ઓળખીતા કર્મચારીએ કહ્યું, 'આ વખતે તમારા પિતાજીની નિવૃત્તિ રકમ આવી નથી!'

'હેં? એમ કેમ?' પુત્રએ નવાઇથી પૂછ્યું. બેંકના કર્મચારીએ કહ્યું, દરવર્ષે નિયત સમયમાં હયાતીની ખરાઈ આપવાનો નિયમ છે. તેઓ આ વાત ભૂલી ગયા લાગે છે! પુત્રએ કહ્યું, નિવૃત્તિ પછીનું આ પહેલું જ વર્ષ છે તેથી અજાણતામાં રહી ગયું હશે. વળી મહિના સુધી યાત્રા પ્રવાસમાં પણ હતા, તેથી આમ બન્યું હશે.

તેણે વિચાર્યું, પિતા લાગણીશીલ અને અવઢવવાળા સ્વભાવને કારણે ચિંતા કરશે. એટલે તેમના ખાતામાં દર માસે મળતા રૂપિયા રોકડા હું જમા આપી દઉં તો તેની નોંધ થઈ જશે ને ખબર પડશે તો આ વાત નિરાંતે કહી પણ દઇશ. ને સાંજે નોંધ કરેલી પાસબુક પણ આપી દીધી.

બીજા દિવસે પિતાના નિવૃત્ત મિત્રએ તેમને કહ્યું, આ વખતે તો ભારે થઈ! આપણે પ્રવાસમાં ગયા તેથી હયાતીની ખરાઈ થઇ નહીં, ને ગઇકાલે બેંકમાં જતા જાણ્યું કે બેંકમાં રકમ જમા થઇ નથી.

'હેં? એમ કેમ? પ્રવાસમાં તો હું પણ તમારી સાથે જ હતો, છતાં મારી રકમ તો આવી ગઈ. મારો પુત્ર ગઇકાલે જ બેંકમાં ગયો હતો.'

ને બીજે દિવસે બાકી રહી ગયેલા બધા મિત્રો સાથે તેઓ પણ ગયા અને સ્વાભાવિક રીતે કોઈ ચર્ચા કર્યા સિવાય કાર્યવાહી પૂર્ણ થઈ ગઈ.

તે પછીના મહિને બેંકમાં જતી વખતે પાસબુકમાં બે રકમની નોંધ જોઈ તેઓ બોલ્યા, આ વખતે નિવૃત્તિની રકમ બમણી આવી ગઈ લાગે છે!

ઓળખીતા કર્મચારીએ કહ્યું, 'વડીલ, ગયા મહિને તે અટકી ગઈ હશે! એમ કહી ઉમેર્યું. અરે હા! યાદ આવ્યું... તમારો પુત્ર મારો મિત્ર છે. તેણે તમારા ખાતામાં દરમાસે મળતી રકમ જમા આપતા મને કહ્યું હતું, પિતાજીને ચિંતા ન થાય ને એટલે!

સાંજે પરિવાર સાથે ભોજન લેતા તે બોલ્યા, 'લે બેટા! ગયા મહિને તું તારી પોતાની રકમ મારા ખાતામાં જમા આપી આવ્યો હતો તે આ રૂપિયા!' પુત્ર હસીને બોલ્યો, 'પપ્પા, મને ખાતરી જ હતી કે તમને ખબર પડી જ જશે. તમારી હયાતીની ખરાઈની વાત હું તમને કહેતાં અચકાતો હતો.'

હું સમજી ગયો બેટા! મને ચિંતા ન થાય તેથી, ખરું ને? અને હા, તારો સ્વભાવ પણ અસલ તારી મમ્મી જેવો જ... મને ચિંતા થાય તે તેને જરાય ન ગમે! સાંભળ, એક દિવસ ઉતાવળમાં સો રૂપિયાની નોટ મારાથી ક્યાંક આડીઅવળી મૂકાઈ ગઈ. ખૂબ શોધી પણ ન મળી તે ન જ મળી. તે વખતે સો રૂપિયાની કિંમત તો ખૂબ જ હતી. હું આખો દિવસ ચિંતાતુર હતો. તારી મમ્મીથી આ ન જોવાયું. બીજે દિવસે તે ટેબલનું ખાનું ખોલતા બોલી, લ્યો! આ તમારા સો રૂપિયા! ખાનાના ખૂણામાં સંતાઇને બેઠા હતા! મને હાશ થઇ. બોજો ઉતરી ગયો.

યોગાનુયોગ તે જ દિવસે મિત્ર પુસ્તક વાંચવા લઈ ગયા તે પુસ્તક પરત આપતા બોલ્યા, કાંઇ રૂપિયા વધી પડ્યા લાગે છે કે શું? આ પુસ્તક લઇ ગયો પછી જોયું તો અંદર આ સો રૂપિયાની નોટ! હું સવારે જ આવતો હતો, લ્યો, હવે સંભાળો.

તેના ગયા પછી તારી મમ્મીને મેં પૂછ્યું, શી વાત છે કાંઈ સમજ પડતી નથી! તું કહેતી હતી કે આ રૂપિયા ખાનામાં હતા, તે કહે છે કે પુસ્તકમાં હતા. સાચું શું? તારી મમ્મી કહે... લ્યો ત્યારે ખબર પડી ગઈ તો હવે કહી જ દઉં! વાત જાણે એમ છે કે, સો રૂપિયા ગુમ થઈ ગયા પછી તમારું ચિંતાતુર મુખ અને અવઢવવાળો સ્વભાવ જોઇને મેં કરેલી બચતના રૂપિયા તમને આપ્યા. ખરેખર તો રૂપિયા ટેબલનાં ખાનામાં હતા જ નહીં! સમજી ગયા ને? તમે રાજી તો હું પણ રાજી.

બેટા, આવો હતો તારી મમ્મીનો મારા તરફનો લાગણીભર્યો સ્વભાવ. ખરેખર! તેનો એવો જ સ્વભાવ તારામાં પણ ઉતર્યો છે, બરાબર ને?

મને પ્રસંગોપાત ચિંતા થતી ત્યારે તે કહેતી કે હું બેઠી છું પછી તમે શાને ચિંતા કરો છો, હું છુ ને!

લાગણીની હયાતી તો હંમેશાં આપમેળે પાંગરીને, ઉછરીને મહેંક પ્રસરાવતી જ હોય છે. તેના કાંઈ દાખલા કે પ્રમાણપત્ર હોય ખરા?

*ડી-૫, અરિહંત નગર, ભુજ, કચ્છ.*
*મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

વાર્તા

# વહેમ

• ધીમંતકુમાર પ્રાણશંકર ભટ્ટ •

નટવર પોતાની નોકરી પર એટલે કે નગર પાલિકાના ઓક્ટ્રોય ખાતામાં હતો ત્યારે તેને પટાવાળાએ કહ્યું કે પોલીસ તમારી પૃચ્છા કરે છે અને તમને પોલીસ સ્ટેશનમાં બોલાવ્યા છે.

નટવરને ખૂબ જ નવાઈ લાગી કે વળી મારું પોલીસ સ્ટેશનમાં વળી શું કામ પડ્યું? તેને અનેક અનિચ્છનિય વિચારો આવવા લાગ્યા. તે પોલીસ સાથે ઢસડાતા પગે પોલીસ સ્ટેશને પહોંચ્યો.

પોલીસ ઈન્સ્પેક્ટરે કહ્યું, ‘તમારે મારી સાથે હોસ્પિટલમાં આવવાનું છે.’ અને બંને ચૂપચાપ જીપમાં બેસી ગયા.

ઈન્સ્પેક્ટર પાછળ તે પણ હોસ્પિટલના ડેડ બોડી રૂમમાં પહોંચ્યો. તો ત્યાં તેના ગોદાવરી ભાભી અને પડોશણ બે ત્રણ બહેનો ઊભા હતા.

ઈન્સ્પેક્ટરે લાશ પરથી કપડું ખસેડી તેની પત્નીની લાશ બતાવી તો તેના તો મોતિયા જ મરી ગયા. શા કારણથી મારી પત્નીનું મૃત્યુ થયું હશે?

પોલીસ ઈન્સ્પેક્ટરે જણાવ્યું કે તમારી પત્નીએ તમો ઑફિસ નીકળી ગયા પછી પંખા પર લટકીને આપઘાત કર્યો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ સાડીથી થયેલી ઈજા દર્શાવેલ છે. હવે તમો લાશને સંભાળી લો અને ઘરે લઈ જાઓ. આ માટેની પૂછતાછ કરવાની છે. તો પછી આ બનાવ બનવાનું કારણ જાણી શકાય.

નટવર સાંજે બધી અંતિમ વિધિ પતાવીને પોલીસ સ્ટેશને પહોંચ્યો.

પોલીસ સ્ટેશનમાં ઈન્સ્પેક્ટર શ્રી વાઘેલા સાહેબે સીધો જ પ્રશ્ન કર્યો કે તમારા બંને વચ્ચે કોઈ અણબનાવ હતો? તમારા અડોશી પડોશી બહેનોના સ્ટેટમેન્ટ પરથી લાગે છે કે પત્નીએ તમારા કારણે આપઘાત કર્યો લાગે છે.

નટવર તો આ સાંભળી ફસડાઇ જ પડ્યો. ઈન્સ્પેક્ટરે હવાલદારને નટવરને પાણી આપવા અને સ્વસ્થ થઈ બધી વાત જણાવવા કહ્યું.

નટવરે સ્વસ્થ થઇને જણાવ્યું કે અમારા બંનેના લગ્નને માત્ર આઠ મહિના જ થયા છે અને અમારી વચ્ચે કોઈ અણબનાવ ન હતો. પરંતુ નવા ઘરમાં સેટ થતા વાર લાગે તેવું મેં માન્યું હતું. તે ક્યારેક ઉદાસ જણાતી હતી પરંતુ કારણની પૃચ્છા કરી તો જવાબ આપતી ન હતી.

ઈન્સ્પેક્ટરે તેને અથથી ઈતિ વિગતવાર વાત કરવા જણાવ્યું પરંતુ નટવર એક જ રટણ કરતો હતો કે અમારી વચ્ચે એવું કંઈ જ બન્યું ન હતું કે તેને આપઘાત કરવો પડે.

ઈન્સ્પેક્ટરે હવે ખુલાસો કર્યો કે તમારી આડોશણ પાડોશણનાં સ્ટેટમેન્ટમાં તેઓએ જણાવેલ છે કે તેમને તમારી ભાભીથી કંઈક તકલીફ હતી.

નટવરે કહ્યું, એ તો શક્ય જ નથી. મને મારા મોટાભાઈ ગુજરી ગયા પછી ભાભીએ આઠ વર્ષનો હતો ત્યારથી ઉછેર્યો છે. મારા ભાભીએ મને પોતાના જણ્યાની જેમ જ પ્રેમ કર્યો છે.

ઈન્સ્પેક્ટરે તીરછી નજર કરી કહ્યું કે મંજુલા પાડોશણના કહેવા પ્રમાણે તમને તમારી ભાભી સાથે આડા સંબંધ હતા? તેથી તે મનમાં ને મનમાં મૂંઝાઈ, તમને કંઈ જ વાત કરતી ન હતી. આ સાચું છે?

નટવરને તો આ સાંભળતા જાણે જમીન પગ નીચેથી સરકી જતી હોય તેવું લાગ્યું. તેને તો ભાભી વિશે આવો ગંદો વિચાર આવ્યો જ ન હતો. તે તો ભાભીને પવિત્ર માતા સ્વરૂપે જ જોતો હતો. તો આ મુદ્દો આવ્યો જ ક્યાંથી?

ઈન્સ્પેક્ટરે કહ્યું કે તે તમને ઘરનાને નહીં જણાવ્યું હોય પણ તમારા ભાભી કથામાં સાંજના જતા ત્યારે તે મન ખોલી મંજુલાને જણાવતી કે મારા પતિને મારા જેઠાણી સાથે આડા સંબંધ છે. ભાભી અમારા રૂમમાં મારી ગેરહાજરી હોય ત્યારે જાય છે અને કાનમાં હસી હસીને વાતો કરે છે. ઑફિસ જાય ત્યારે પણ ભાભી કપડાં ધોતા હોય, ત્યાં તેમને મળીને જ જાય અને ભાભી આંખના ઈશારાથી વાતો કરે છે.

આ બધું જ ખોટું છે. આ તો મારી પત્નીનો હળાહલ વહેમ છે. તેણે બનેલ બનાવને વિકૃત સ્વરૂપ આપી દીધું છે અને પોતાના પગ પર કુહાડો માર્યો છે. તેણે જો અમારી સાથે નિખાલસ ચર્ચા કરી હોત તો આ બન્યું ન હોત.

ઈન્સ્પેક્ટરે કહ્યું કે વિગતે વાત કરો. ત્યારે નટવરે કહ્યું કે નિરૂપમા મારી પત્નીનો જન્મ દિવસ પાંચમા મહિનામાં

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૮ ઉપર)**

*ભવિષ્યની આશા સારા માનવ સંશોધનો પર નહિ, પણ સારા માનવ સંબંધો પર આધાર પામેલી છે.*

# પ્રતિભાવ

'કચ્છશ્રુતિ'નો જુલાઈ-૨૦૧૯ માસનો 'વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક' – આ આખો અંક જનરલ નોલેજ માટે ખૂબ જ ઉપયોગી છે. રેફરન્સ તરીકે મહત્ત્વનો છે. આ એક સ્તુત્ય કાર્ય છે. સંપાદકો અભિનંદનના અધિકારી છે.

શ્રી ધનજી ભાનુશાલી 'કડક બંગાલી'નો કચ્છી લિપિ અંગેનો લેખ સરસ છે. ઐતિહાસિક સંદર્ભ આપીને બતાવ્યું છે. કચ્છી બોલીમાં જ એવા ઉચ્ચારો છે, જે લિપિમાં વ્યક્ત ન થાય. વળી કચ્છમાં જ વિભાગવાર ઉચ્ચારોમાં ફરક પડે છે. તેમ ડૉ. રાજુલ બહેનની ચિત્રલિપિમાં કચ્છીના સંશોધનનો પણ હવે કોઈ અર્થ રહેતો નથી, વ્યર્થ મહેનત છે. કોમ્પ્યુટરના યુગમાં તે નિરર્થક છે. હિંદી, મરાઠીમાં જેમ દેવનાગરીનો ઉપયોગ થાય છે તેમ કચ્છી લિપિ માટે વિચારવું જોઈએ. આગળ વધવાને બદલે પછાત થવાની વાત છે! શ્રી ધનજીભાઈના લેખનો વિશાળ પ્રચાર થવો જોઈએ.

***ડૉ. ભાલચંદ્ર એચ. હાથી - ગાંધીનગર***

★

'કચ્છશ્રુતિ'નો ઓગસ્ટ-૨૦૧૯નો અંક જન્માષ્ટમીની શુભ કામના દર્શાવતા અંકમાં નર્મદા નદીના પાણીના પ્રશ્ને કચ્છને થતા અન્યાયનું નિવારણ શું? મુ. અશોક મહેતાનો લેખ વાંચતા જાણવાનું મળ્યું. ખારેક મરણ પથારીએ, અશ્વિનભાઈનો લેખ તથા સંગીતકાર કલ્યાણજી આણંદજી, યુસુફ મીરનો લેખ વાંચતા જાણવા મળ્યું. ઉપરાંતમાં સરસ્વતી સન્માન અને મનોરંજન કાર્યક્રમના ફોટા પ્રકાશિત થયા. બેઠા ગરબા વડનગરા નાગર સમાજ દ્વારા રજૂ થયા. આનંદ થયો. અન્ય સંસ્થાના સમાચાર, વિવિધતા, સમાજને લગતા વિભાગના લેખ, સમાચાર વાંચતા આનંદ થયો.

જુલાઈ માસના કચ્છશ્રુતિના વિશેષાંક પ્રકાશિત કરવા બદલ અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપું છું. આ અંક બધી બાબતે ગુણવત્તાસભર છે. બધી જ ઘટનાઓની ગુંથણી, સરળ સુંદર ભાષામાં વર્ણન કરવામાં આવેલ છે. ધન્યવાદ. કચ્છશ્રુતિ વૈજ્ઞાનિક માહિતી વિશેષાંક તંત્રીશ્રી અશોકભાઈ મહેતા દ્વારા બહાર પાડવામાં ખૂબ જ મહેનત કરી છે. આપને તથા આપના સહ કાર્યકરોને મારા ઘણા જ ધન્યવાદ. કચ્છશ્રુતિ ઉત્તરોત્તર પ્રગતિ કરે અને ખૂબ જ નામના પ્રાપ્ત કરે તેવી શુભેચ્છા.

***મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ***

આપણા કચ્છી સમાજનું અષાઢી બીજ (કચ્છી નવું વર્ષ) નિમિત્તે તા. ૪ જુલાઈના જે સ્નેહ સંમેલન, સરસ્વતી સન્માન, સાંસ્કૃતિક કાર્યક્રમ, બધા મહાનુભાવોની હાજરી તેમજ તેઓનું ઉદ્‌બોધન અને જમણવાર – આ બધા જ કાર્યક્રમ ખૂબ જ સારી રીતે ઉજવાયા.

'કચ્છશ્રુતિ' અષાઢી બીજનો અંક જેમાં વૈજ્ઞાનિક માહિતીનો વિશેષ અંક પણ ખૂબ જ સારી અને ઉપયોગી માહિતીથી ભરપૂર છે. જે ખૂબ જ સરાહનીય છે.

શ્રી દિનેશભાઈ તથા તંત્રી મંડળની આખી ટીમને એનો જશ જાય છે. ખૂબ જ ઝીણવટભરી અને મહેનતવાળી આ પ્રવૃત્તિ ખૂબ જ સરાહનીય છે.

શ્રીમતી રમીલાબેન મહેતાની કવિતા 'આખરે મહેકી ઉઠ્યા મોરલા' તેમની કલ્પના ખૂબ જ સારી નીવડી છે. આજે કચ્છ આખામાં એમની કલ્પના મુજબ જ વરસાદ પડી રહ્યો છે.

શ્રી નિર્મલ રોય (નિર્મલ)ની કચ્છજી હવા મુંજે કચ્છડે તે આય મુકે પ્યાર, શ્રી દિનેશ ગરવા અને હાઇકુ શ્રી અરવિંદ સોમૈયાની કૃતિ પણ ખૂબ જ સારી છે.

ખાસ મારે લેખ 'શ્રી ગોકુલદાસ તેજપાલ હાઈસ્કૂલની સુવર્ણ યાદ'ને કચ્છશ્રુતિમાં સ્થાન મળ્યો છે તેથી હું ખૂબ જ ગૌરવની લાગણી અનુભવું છું. આ માટે શ્રી દિનેશભાઈનો ખૂબ ખૂબ આભાર અને આખી ટીમનો આભાર.

***શ્રીમતી કિશોરી (અલ્કા) એ. સંઘવી - અમદાવાદ***
***મો. ૯૪૨૭૩ ૫૩૪૮૨***

★

## ભુજનું હમીરસર આમ ન ભરાય!!

છેલ્લા ચારેક વરસથી ભુજમાં મેઘરાજાની અવકૃપા રહી છે અને ચોમાસું સામાન્ય રહ્યું છે. તેમાં પણ ગયા વર્ષે તો દુકાળ રહેતા ભુજનું હમીરસર સરોવર સૂકું ભઠ્ઠ થઈ ગયું છે. જાણે કે વાનખેડે સ્ટેડિયમ હોય તેવું ભાસતું હતું.

ભુજના લોકોને હમીરસર પ્રત્યે ખાસ લગાવ રહેલો છે. જ્યાં સુધી આ તળાવ ઓગને નહીં ત્યાં સુધી અહીં ચોમાસું સરળ ગણાય નહીં. પાંચેક વરસથી આ તળાવ ઓગન્યું નથી. આ વરસે કચ્છમાં સો ટકા વરસાદ થયો છે પણ હમીરસર દસ ટકા પણ ભરાયું નથી. આથી લોકો વસવસો કરી રહ્યા છે.

બીજી તરફ ભુજ નગરપાલિકા આ તળાવને નર્મદાના પાણીથી ભરવા પ્રયાસો કરી રહી છે. નિત નવા પ્રયોગો કરે છે પણ તે બધી કસરત હાસ્યાસ્પદ નીવડી છે.

હમીરસરને એક ફૂટની પાઈપમાંથી પાણી છોડી ભરવાનું નક્કી કર્યું પરંતુ પાણી પુરવઠાવાળા આડા આવ્યા અને કહ્યું કે આ પાણી તો પીવાનું પાણી છે. તે તળાવ ભરવા માટે નથી. પાલીકાવાળાઓએ હમીરસરની ચારે તરફ બોર બનાવી બોરના પાણીથી તળાવ ભરવાનું વિચાર્યું છે. આમ કંઈ બોરના પાણીથી તળાવ થોડા ભરાતા હશે!! હમીરસરને ભરવું હોય તો ગુજરાત સરકારની 'સૌની' યોજના હેઠળ જ ભરી શકાય. આ યોજના લાવવાની કોઈમાં ત્રેવડ નથી.

દરમિયાન હમીરસરને ભરવાનો એક જૂનો અને જાણીતો નુસ્ખો છે. ભુજના તમામ નાગરિકો એક એક ઘડો પાણી હમીરસરમાં ઠાલવે તો કદાચ આ તળાવ ભરાઈ જાય!!

*રજનીકાંત ઓઝા, એડવોકેટ - ભુજ, કચ્છ*

*ઘર ઘરમાં રોગના ખાટલા ને દવાખાનાના બાટલા,*
*ફ્રીજના ઠંડા પાણી પી ને, ભૂલી ગયા છે સૌ માટલા.*

## વાર્તા : વહેમ

(અનુસંધાન : પાના નં. – ૩૬ ઉપરથી ચાલુ)

આવવાનો હતો. તેથી મારા ભાભી તેના માટે ચાંદીનો કંદોરો લાવ્યા હતા અને તે ભેટ સ્વરૂપે મારા હાથે અપાવવાના હતા. તેથી તે મારા રૂમમાં મને આ બોક્સ આપવા આવ્યા હતા અને કાનમાં મજાકમાં કહ્યું હતું કે હવે ઘરમાં પણ રમકડાં રમનાર જલ્દી લાવો...

કદાચ આ દશ્ય જોઈને તેણે કોઈ ગેરસમજ કરી હોય અને બીજા દિવસે ભાભી કપડાં ધોતા હતા ત્યારે તેમણે ઈશારાથી જ પૂછ્યું હતું કે કંદોરો આપી દીધો કે નહીં?

ઈન્સ્પેક્ટરે કહ્યું કે આખી વાતમાં માત્ર તમારી પત્નીનો વહેમ જ કારણભૂત છે એમ નક્કી થાય છે. તમારી ભાભી અને કુટુંબીઓ, સાસરી પક્ષના પણ બે-ત્રણ વ્યક્તિના સ્ટેટમેન્ટ લઈ આ ફાઈલ મારે બંધ કરવી પડશે. સારૂં થયું, તમોએ આ બધી વિગતવાર વાત કરી.

નટવરે ઘેર આવી ગોદાવરી ભાભીના ખોળામાં માથું મૂકી નાના બાળકની જેમ રડતા રડતા કહ્યું કે, નિરૂપમાએ તમારા જેવા મા સ્વરૂપ માટે આવો વહેમ કરીને આવું પગલું કેમ ભર્યું?

*ગાંધીનગર.*
*મો. ૯૩૨૮૯ ૨૭૩૮૦*

Splendid
P & G Enterprise
Kitchenware, Household Products & Corporate Gifts
157, Titanium City Centre Mall,
Opp. Seema Hall, Prahladnagar Road,
Ahmedabad-380 015.
(M) : 9106682565, 9724932540
E-mail : pandgenterprise@gmail.com
• PACKED & MARKETED BY •
P & G Enterprise
Sundha Estate, Sarkhej, Ahmedabad.
M. : 91066 82565

WITH BEST WISHES FROM
MORBIA GROUP OF COMPANIES
sofa wala
WORLD ink
furniture mall
SUKHLAL MORBIA & FAMILY
112, Dev Arc Complex,
ISCON Cross Road,
S.G. Highway, Ahmedabad.
M. : 98252 36494, 98252 27499

# અન્ય સંસ્થાઓના સમાચાર

## સ્વાતંત્ર્ય પર્વ ૨૦૧૯ના અનુસંધાને ઉમા યોગ કેન્દ્ર દ્વારા યોગ સેશન

ભુજ નગરપાલિકા દ્વારા સ્વાતંત્ર્ય દિનને અનુલક્ષીને "સ્વાતંત્ર્ય પર્વ - ૨૦૧૯"ના આયોજન અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. તેના અંતર્ગત "ઉમા યોગ કેન્દ્ર" દ્વારા કમલકાંતભાઈ અને ભાવના અશોક ઝવેરી દ્વારા યોગ સેશન રાખવામાં આવેલ કે જેમાં પ્રાણાયામ, સૂર્ય નમસ્કાર, એક્સરસાઇઝ, હાસ્ય, યોગનિંદ્રા કરાવવામાં આવેલ.

આ યોગ સેશનમાં અતિથિ વિશેષ તરીકે કચ્છ જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી કેશુભાઈ પટેલ અને તેમના ધર્મપત્નીનું સ્વાગત કમલભાઈ દ્વારા, નગરપાલિકાના પ્રમુખ લતાબેન સોલંકીનું સ્વાગત ભાવનાબેન ઝવેરી દ્વારા, નગરપાલિકાના સાંસ્કૃતિક સમિતિના ચેર પર્સન ગોદાવરી ઠક્કરનું સ્વાગત માયાબેન - હીનાબેન દ્વારા, મનુભાઈ જાડેજાનું સ્વાગત જીજ્ઞાબેન દ્વારા કરવામાં આવેલ.

બેંકર્સ કોલોનીના મુરબ્બી - વડીલ કેશુભાઈ પટેલે યોગ કેન્દ્રની પ્રવૃત્તિને બિરદાવી હતી. લતાબેન - ગોદાવરીબેને શુભેચ્છા વ્યક્ત કરી હતી. ભાવના ઝવેરી દ્વારા 'ઉમા યોગ કેન્દ્ર'માં થતી સાપ્તાહિક શિબિર, સિનિયર સીટીઝન બેચ, લેડીઝ બેચ, બાળકોને ગેમ્સ વિથ યોગા શિબિર, ચેર યોગા વગેરેની વિસ્તૃત જાણકારી આપવામાં આવી હતી. આ યોગ સેશનનો નગરપાલિકાના હોદ્દેદારો, સદસ્યો, ભાઈઓ-બહેનોએ બહોળી સંખ્યામાં લાભ લીધેલ.

આ કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ ભાવનાબેન ઝવેરી દ્વારા કરવામાં આવેલ. આગામી સાપ્તાહિક શિબિર "હેલ્થ ઇઝ વેલ્થ"ની જાણકારી આપવામાં આવેલ.

## યોગ પ્રશિક્ષણ આપવા બદલ સન્માન

"પહેલું સુખ તે જાતે નર્યા" — આ ઉક્તિ આધુનિક કાળમાં માત્ર શારીરિક દૃષ્ટિ સુધી જ સીમિત ન રહેતાં માનસિક આરોગ્ય સુધી વિસ્તરીત થયેલ છે. સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ કેળવવા સબબ યોગ પ્રશિક્ષણ હેઠળ 'યોગા અવર્સ'નું આયોજન - ઉમા યોગ કેન્દ્રના ભાવનાબેન અશોકભાઈ ઝવેરી થકી કરવામાં આવેલ. તે બદલ નગરપાલિકાના પ્રમુખ લતાબેન સોલંકી, સાંસદ વિનોદભાઈ ચાવડા, ધારાસભ્ય નીમાબેન આચાર્ય, સાંસ્કૃતિક કમિટીના ચેરમેન ગોદાવરીબેનના હસ્તે ભાવનાબેન ઝવેરીને શાલ, મોમેન્ટો, પ્રશસ્તિપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા.

## પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓને બૃહદ્ ગુજરાતી મુંબઈ સમાજની મદદ

બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ તરફથી સાંગલી - કોલ્હાપુરના પૂરગ્રસ્ત વિદ્યાર્થીઓ માટે ૪૦ હજાર નોટબુકો, મહારાષ્ટ્રના ઉદ્યોગ ખાતાના મંત્રી શ્રી સુભાષ દેસાઇને અર્પણ કરવામાં આવી હતી. સમાજના પ્રમુખ હેમરાજ શાહ, ઉદય શાહ, મહેન્દ્ર તુરખીયા, મહેન્દ્ર એન. શાહ, અરવિંદ શાહ, દિનેશ ટી. શાહ, જયંતીભાઈ મોદી, સૌ. પ્રિયા તુરખીયા અને ચીમન મોતા ઉપસ્થિત રહ્યા હતા.

## સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ - અમદાવાદ દ્વારા વિદ્યા પુરસ્કાર અને પસંદગી મેળો યોજાયો

છેલ્લા ૨૯ વર્ષથી વિવિધ સેવાપ્રવૃત્તિ અને સમાજને નવી દિશા આપતા કાર્યક્રમો તેમજ વિદ્યા પુરસ્કારનું આયોજન કરનાર સૌરાષ્ટ્ર પાટીદાર સમાજ - નવરંગપુરા દ્વારા તાજેતરમાં જ સ્વ. ડી.કે. પટેલ હોલ ખાતે ૨૯મો વિદ્યા પુરસ્કાર અને ૧૨મા પસંદગી મેળા સમારંભનું આયોજન ધારાસભ્યશ્રી વલ્લભભાઈ કાકડિયાના અધ્યક્ષપદે કરવામાં આવ્યું હતું. જેમાં ક્રાંતિકારી યુવા દંપતિ નીરવ નાકરાણી, કામધેનુ આયોગ, ભારત સરકારના અધ્યક્ષશ્રી વલ્લભભાઈ કથીરિયા અને રાષ્ટ્રીય ઍવોર્ડ વિનર ફિલ્મ "રેવા"ના નિર્માતા પરેશ વોરાને સમાજ ગૌરવ સન્માન અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે યોજાયેલા પસંદગીમેળામાં ૧૭૦થી વધુ યુવક - યુવતીઓએ ભાગ લીધો હતો. આ સમારંભમાં શ્રી વી.પી. પટેલ (IAS) દ્વારા સાંપ્રત સમસ્યા ઉપર વક્તવ્ય આપવામાં આવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમના સંયોજક અને સૌરાષ્ટ્ર પાટીદાર સમાજના ટ્રસ્ટી - મંત્રી શ્રી ભીમજીભાઈ નાકરાણીએ જણાવ્યું હતું કે આ સમાજ દ્વારા અત્યાર સુધીમાં ગુજરાતભરના ૨૪૦થી વધુ વ્યક્તિઓને સન્માનિત કરવામાં આવ્યા છે. આ સમાજે જ સમગ્ર ગુજરાતમાં પસંદગી મેળાનો પ્રથમ પ્રયોગ કરીને અન્ય સમાજને પણ પ્રેરણા આપી છે. વડીલ વંદના, કૃષિ વૈજ્ઞાનિકોનું સન્માન, સંશોધન સન્માન જેવા કાર્યક્રમો દ્વારા આ નાનકડા સમાજે સમગ્ર પાટીદાર સમાજને નવી દિશા આપી છે. ૨૦થી

*દોડવું નકામું છે, મુખ્ય વાત તો સમયસર નીકળવું તે જ છે.*

વધુ સમાજ અગ્રણીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શ્રી હિતેશ સાવલિયા, ચંદ્રકાંત ભુવા, ધીરૂભાઈ ગોંડલીયા, કિરણ સુતરીયા, દ્વારકાદાસ લાખાણી, હંસરાજ દુધાત, સવજી ગોંડલીયા, ચંદુ ડોબરીયા, ભીખુભાઈ બુટાણી, અશોક ભવાણી, વિકાસ અકબરી અને હિતેશ રામોલિયાએ ભારે જહેમત ઉઠાવી હતી.

## ઇંગ્લેન્ડના જૈન સમાજ દ્વારા ગાંધી જયંતિની ઉજવણી રૂપે થશે પીસ-ગાર્ડન અને અહિંસા-પીસ ફોરેસ્ટ

ઈંગ્લેન્ડની જૈન કોમ્યુનિટીના પ્રયાસોને પરિણામે હેરો કાઉન્સિલે કેન્ટર રીક્રિએશન ગ્રાઉન્ડની કેટલીક જગ્યા પીસ ગાર્ડન અને ફોરેસ્ટને માટે મહાત્મા ગાંધીજીની દોઢસોમી જન્મ જયંતીની ઉજવણીરૂપે આપી છે. બ્રિટનની તમામ જૈન સંસ્થાનું પ્રતિનિધિત્વ કરતા "વન જૈન" સંસ્થાના પ્રોજેક્ટ તરીકે જૈન ધર્મના અહિંસાના મહત્ત્વના સિધ્ધાંતને દર્શાવતા અને મહાત્મા ગાંધીજીના જીવનકાર્યો અને રાજકીય પ્રવૃત્તિઓમાં કેન્દ્ર સમાન અહિંસાના મૂલ્યનો પ્રચાર કરવા માટે એક સ્થાયી અહિંસા પીસ ફોરેસ્ટ અને અહિંસા પીસ ગાર્ડનની રચના કરવામાં આવી છે.

લંડનના નેમુ ચંદરયાના જણાવ્યા મુજબ, હેરોના હૃદયસમા આ સ્થાનમાં ૧૫૦૦ જેટલાં વૃક્ષો અને પુષ્પો ધરાવતાં છોડોને રોપવામાં આવશે, જેને પરિણામે સ્થાનિક લોકો અને એમની આવનારી પેઢીઓને અત્યંત હરિયાળું અને શાંતિભર્યું સ્થળ પ્રાપ્ત થશે.

કેન્ટનના જૈન દેરાસરમાં ૨૫મી ઓગસ્ટે પહેલું "પીસ ટ્રી" રોપીને આ પ્રોજેક્ટનો પ્રારંભ કરવામાં આવ્યો. યુ.કે.માં શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના સભ્યો દ્વારા આ પ્રોજેક્ટનું અમલીકરણ અને એની વ્યવસ્થા કરવામાં આવશે.

નેશનલ ઈન્ટરફેઈથ સપ્તાહની સાથોસાથ ૧૬મી નવેમ્બર અને શનિવારે "અહિંસા પીસ ફોરેસ્ટ" માટે વૃક્ષારોપણ થશે. આ આખાય પ્રોજેક્ટમાં પંદર હજારથી અઢાર હજાર પાઉન્ડનો ખર્ચ થશે અને એના માટે જૈન કોમ્યુનિટી દ્વારા ફંડ એકત્રિત કરવામાં આવશે. જગતમાં શાંતિ અને સંવાદિતાનો સંદેશ ફેલાવવાના હેતુથી વ્યાપક એન્વાયરમેન્ટલ પ્રયાસોના ભાગરૂપે આ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. પર્યાવરણ અંગેના પ્રયત્નો કરવા અને તે વિશે જાગૃતિ ફેલાવવા માટે દેશભરમાં પીસ ટ્રી, પીસ ગાર્ડન અને પીસ ફોરેસ્ટ સ્થાપવામાં આવશે.

આ પ્રોજેક્ટને હેરો કાઉન્સિલ, ધ હાઈ કમિશન ઑફ ઈન્ડિયા, ઈન્ટરફેઈથ નેટવર્ક, રીલિજિયન ફોર પીસ, ટ્રીઝ ફોર સિટીઝ જેવી સંસ્થાઓનો સાથ અને સહકાર સાંપડી રહ્યો છે.

## અસી માડુ અઇંયુ કચ્છ કમાલ

(રાગ : મુઝે કહતે હૈં કલ્લુ કવાલ)

અસી માડુ અયું કચ્છી કમાલ, કચ્છી કમાલ
કચ્છ અસાંજો મશહુર જગમેં
મિઠી માની આય કચ્છજી કમાલ, બજર જી કમાલ
છાય અસાંજી, છાય અસાંજી ધલ કે ઠારે
અસી માડુ અઇંયુ કચ્છી કમાલ...

નેરીયો આંઇ કચ્છજી મહિમા આય ન્યારી
મહિમા આય ન્યારી
અચે કચ્છી ભૂંગેમેં નિંધર ખાસી, નિંધર ખાસી
હવામાન કચ્છજી મિડે કરતા ખાસી
કચ્છી ભૂંગેમેં થઇ આય કમાલ, થઇ આય કમાલ
કચ્છ અસાંજો મશહુર જગમેં,
અસી માડુ અઇંયુ કચ્છી કમાલ...

ધરિયો મડઇજો સુડાયેતો સરગમ, સુડાયે તે સરગમ
પવન કોટેસરમેં ભનાય તો તરજૂમ, ભનાય તો તરજૂમ
ખાવડે જે રણમેં શરદ પૂનમજી હલચલ, પૂનમજી હલચલ,
કચ્છ જી મિટ્ટીમેં, કચ્છ જી મિટ્ટીમેં ખુશબુ કમાલ, ખુશબુ કમાલ
કચ્છ અસાંજો મશહુર જગમેં, અસી માડું અંઇયું કચ્છી કમાલ.

લગે કચ્છ અસાંજો સ્વર્ગ સે પ્યારો, સ્વર્ગ સે પ્યારો
આય ન કચ્છમેં નરકજો ધરવાજો, નરક જો ધરવાજો
સંત ફકીર જો કચ્છ આય નિર્મલ ડેલો, નિર્મલ ડેલો
મગ માટી આય ચંદન જેડી કમાલ, ચંદન જેડી કમાલ
કચ્છ અસાંજો મશહુર જગમેં
અસી માડુ અઇંયું કચ્છી કમાલ, કચ્છી કમાલ
કચ્છ અસાંજો મશહુર જગમેં.

*નિર્મલ રોય "નિર્મલ" - ગાંધીધામ, કચ્છ*
*મો. ૯૭૨૬૭ ૫૯૧૪૧*

## મોબાઈલ મેં નેરી ગીન

સાચી ખોટી છડીને મોબાઈલ મેં નેરી ગીન,
મેડે ગાલજી હિકડી ગાલ મોબાઈલમેં નેરી ગીન.

સાવ ખોટો નાંય મોબાઇલ મેં નેરી ગીન,
મેડે મિલેતો તોકે, મોબાઇલ મેં નેરી ગીન.

નવરો ન ફર કિંક મોબાઇલ મેં સેખી ગીન,
બેફામ 'કચ્છી' મેડે મોબાઈલ મેં નેરી ગીન.

*વિપુલ બી. જોશી "કચ્છી બેફામ" - ભુજ, કચ્છ*

## મંઝીલ આવ્યે આવું શાને થાય છે?

મંઝીલ માટે જ શરૂ કરેલું,
**શુભ મને ઉત્સાહથી આવકારેલું,**
વાહ! હવે તો નજીકથી દર્શન થાય એમ જ છે.
પણ મંઝીલનો એ આભાસ કેમ યાદ આવે છે?
મંઝીલ આવ્યે આવું શાને થાય છે?

એની વાટે જ તો અડગ ઊભા રહ્યા,
હર ઘડી ખમતા ને હસતા રહ્યા
વાહ! હવે તો સુખદ પરિણામના વાવડ પણ સંભળાય છે
પણ એ પરિણામ માટે કરેલા પ્રયત્નોની વેળા કેમ યાદ આવે છે?
મંઝીલ આવ્યે આવું શાને થાય છે?

અમુક બદલાવો બનવાકાર જ હતા,
એ બદલાવો માટે ક્યાંક ઉત્સુક પણ હતા,
વાહ! હવે તો એ બદલાવો ડોકું કાપીને તાકી પણ રહ્યા છે;
પણ આંખ નીચે અકબંધ સાચવી રાખેલાં એ શમણાં
કેમ યાદ આવે છે?
મંઝીલ આવ્યે આવું શાને થાય છે?

કદાચ પ્રભુ સમજાવે મને મારો,
શું લાગે સહુને શરૂઆતનો સમય ખારો?
બદલાવનો તો છે જ નિયમ, એટલે જ મંઝીલ નહીં,
સમય સફરનો લાગે વધુ પ્યારો!

*કૃતિ ડી. ઠક્કર - ગાંધીધામ, કચ્છ*
*મો. ૯૦૯૯૭ ૯૯૬૬૬*

## જુલ્મે સિતમ

જે નયનમાં અનેરા સ્વપ્નો ભરી ગયા છે
એ હૃદયની હાલત બુરી કરી ગયા છે.

નષ્ટ મુજને ભલે હરી ગયા પણ,
'શેષ' મુજની ઈજ્જત હરી ગયા છે.

કોને કહું વિશ્વ મહીં ચમકતો સિતારો,
રાખેલ જે ચિહ્ન તે દરબદર ફરી ગયા છે.

ખાત્રી આજ બોલો કોના પર રાખુ હું!
દિલદારના અમારા જખ્મો અર્પી ગયા છે.

'દિલકશ' આ હાલત ન હોત આજ મારી
આજ જુલ્મે સિતમ નિહાળી ખુદ ઈશ ડરી ગયા છે.

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

## ભુજ કચ્છની પાવન ખારી નદીની પ્રેમગાથા

*માજીશ્રી યોગિની આનંદ લહરી પ્રવચનમાં કહેતા*
*ભુજમાં ખારી નદીના તટ પર આવેલું છે સ્મશાન*
*એની નજીકમાં ઋષિમુનિઓ જેવું આવેલું છે મારા આશ્રમનું સ્થાન*
*કારણકે સદાશિવ મહાદેવને પણ પ્યારું છે સ્મશાન... ૧*

*ખારી નદીને આશ્રમની આસપાસ ડુંગરોની હારમાળા વિશાળ*
*નીચે વેરાન ઉજ્જડ ધરતીને ઉપર દેખાય ગગન વિશાળ*
*ખારી નદી પર સપ્તઋષિને હર હર મહાદેવ ભૂતનાથનું મંદિર*
*શબના અગ્નિ સંસ્કાર સમયે સદાશિવ હાજર રહેતા તત્પર.. ૨*

*ચારે દિશાઓમાં 'ૐ નમઃ શિવાય'નો ગુંજી ઉઠતો નાદ*
*અગ્નિમાં બળતું શબ પણ ભાવથી એને કરતું યાદ.*
*ઉત્તરવાહિની પાવન ખારી નદી ભુજની છે પાવન નર્મદા,*
*મૃતાત્માઓને સ્વર્ગમાં પહોંચાડવા માટે રહેતી સર્વદા... ૩*

*પાવન ખારી નદી દરેક વર્ગને આપતી આદરમાન*
*નાના મોટા નર કે નારી ડોસલ હોય કે જુવાન,*
*પશુ પક્ષીઓ મૌન ધારણ કરી મૃતાત્માને આપે માન*
*મૃતાત્માઓને અગ્નિસંસ્કાર આપવાનું છે આંહી સ્થાન... ૪*

*આજ વેરાન ને ઉજ્જડ ધરતી પર થાય ભજન કીર્તન કથા*
*એની ભક્તિ કરનાર સાંભળનાર પોતાની ભૂલે છે વ્યથા*
*આજ માજીશ્રી યોગિની આનંદ લહરીની યાદગાર સર્વત્ર ગવાતી કથા*
*"મહા" દિલથી કહે ભુજની પાવન ખારી નદી! તારા પ્રેમની ગાથા... ૫*

*મહાભાઈ આર. વોરા - ભુજ, કચ્છ*

## એટલે શ્રાધ્ધ

યાદ તાજી થાય એટલે શ્રાધ્ધ
પિતૃઓ રાજી થાય એટલે શ્રાધ્ધ.

ખીર પૂરી કાગવાસમાં ખાઈ
રાજી કાગડાજી થાય એટલે શ્રાધ્ધ.

જે ગયા તે પાછા આવે નહીં
સ્મૃતિઓ એની ઝાઝી થાય એટલે શ્રાધ્ધ.

ભૂલથી પણ એ ભૂલાઈ ના જાય,
ના એની નારાજી થાય એટલે શ્રાધ્ધ.

ક્યાંક શ્રધ્ધાંજલિ, ક્યાંક પુષ્પાંજલિ
અશ્રુઓથી આંખ આંજી થાય એટલે શ્રાધ્ધ.

*રજનીકાંત ઓઝા - ભુજ*

# શબ્દ શોધ : ૮૭

મો. ૯૪૨૬૬ ૬૦૪૧૨

● પ્રદીપ જોશી - આદિપુર ●

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | | ૩ | ૪ | ■ | ૫ | ૬ |
| ૭ | ૮ | | ■ | ૯ | | ૧૦ | | |
| ૧૧ | | ■ | ૧૨ | | ■ | | ■ | |
| ■ | ૧૩ | | | ■ | ૧૪ | | | |
| ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | ૧૮ | ■ | ■ | |
| | ■ | ૧૯ | ■ | ૨૦ | | | ૨૧ | ■ |
| ૨૨ | | ■ | ૨૩ | | | ■ | ૨૪ | ૨૫ |
| | ■ | ૨૬ | | ■ | ■ | ૨૭ | | |
| ૨૮ | | | ■ | ૨૯ | | | ■ | |

## આડી ચાવીઓ

૨. વશિષ્ઠ ઋષિના પત્ની (૪)
૫. તમારું _____ શું છે? (૨)
૭. સાધારણ, ખાસ નહીં તેવું (૩)
૯. સોના ચાંદી વિ.ની પાતળી પતરી બનાવનાર કારીગર (૫)
૧૧. 'ઈચ્છા _____ આવવી' એટલે સફળતા મળવી (૨)
૧૨. એક તેલીબિયું (૨)
૧૩. જ્ઞાનમાર્ગીય પરંપરાના ઉત્તમ ભારતના એક મધ્યકાલીન સંત (૩)
૧૪. પાકા રસ્તા બનાવવા કે સિમેન્ટનું કામ કરવા વપરાતી કાળી પથ્થરોની ભાંગેલી ટુકડીઓ (૪)
૧૫. બુધ્ધિમાન, દક્ષ (૨)
૧૬. ઉત્સવ (૩)
૧૯. પુત્રવધૂને કચ્છીમાં શું કહેવાય? (૧)
૨૦. ખુશીથી નોકરી કે કોઈ વાત પાછી ખેંચવાનું લખાણ (૪)
૨૨. ભાનુશાલી જ્ઞાતિની એક અટક (૨)
૨૩. મોટું બાકોરું (૩)
૨૪. ખરાબી, દુરાચરણ (૨)
૨૬. પપ્પાના મોટા ભાઈની પત્ની (૨)
૨૭. કાંઈ, કંઈ (૩)
૨૮. છેતરપિંડી (૩)
૨૯. ટાંગા ગાડીવાળા પાસે શું હોય? (૩)

## ઊભી ચાવીઓ

૧. લેખું, નામું (૩)
૨. બીજું, જુદું (૨)
૩. નિર્મળ, ધોળા રંગનું (૩)
૪. બાણ (૨)
૫. ફેણવાળો સાપ (૨)
૬. મૃત્યુ વખતની ચિચિયારી (૫)
૮. મારવાની ટેવવાળું, તોફાની (૪)
૧૦. આલમ,દુનિયા (૩)
૧૨. ગાવાની ઢબ (૩)
૧૫. શ્રી શંકરાચાર્યજીની પશ્ચિમ આમ્નાયની દ્વારકામાંની ગાદી (૨)
૧૭. દારૂ (૩)
૧૮. પાસે (૩)
૨૧. મોહમયી નગરી (૩)
૨૩. એક પ્રકારની આતશબાજી (૨)
૨૫. પુત્રી (૩)
૨૬. બંધુ (૨)
૨૭. વિરાટ નગરમાંના પાંડવોના ગુપ્તવાસ દરમિયાન યુધિષ્ઠિરે ધારણ કરેલું નામ (૨)

## શબ્દશોધ : ૮૬નો ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ના | ■ | સ્વા | તં | ત્ર્ય | દિ | ન | ■ | કા |
| મ | સી | હા | ■ | ક્ષ | ■ | વ | જ | ન |
| ના | ના | ■ | તા | રી | ખ | ■ | ન | સ |
| ■ | ક | બી | ર | ■ | ત | મા | મ | ■ |
| મા | સી | ■ | ક | સ | મ | ■ | ત | ર |
| ર્ગ | ■ | કા | ■ | ર્જ | ■ | ભેં | ■ | મ |
| દ | મ | ણ | ■ | ન | ■ | સ | રિ | તા |
| ર્શ | ■ | ■ | બિ | હા | ર | ■ | ■ | રા |
| ક | ટુ | ■ | લ | ર | જ | ■ | વ્યો | મ |

## શબ્દ શોધ : ૮૬નો ઉકેલ મોકલાવનારના નામ

- મહાભાઈ આર. વોરા - ભુજ
- કાવ્ય બિહાગ અંતાણી - ગાંધીનગર
- વસંત એસ. ભટ્ટ - ગાંધીનગર

## શૈક્ષણિક સંકુલો અથવા ધર્મસ્થાનો

જે દેશના ધર્મસ્થાનો તેના શૈક્ષણિક સંકુલો કરતા વૈભવી અને અત્યાધુનિક બનવા લાગે તો સમજવું કે પ્રજા અંધકાર તરફ અને તે દેશ અધોગતિ તરફ આગળ વધી રહ્યો છે.

*હોઠ પર સ્મિત લાવવા જે સમર્થ ન હોય તેણે દુકાન ખોલવી નહીં!*

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ

## ઓગસ્ટ / સપ્ટેમ્બર - ૨૦૧૯

★ **ગુરુવાર, તા. ૮-૮-૨૦૧૯**
- સી.એ. નીરવ કાપડિયાને ત્યાંથી હર્ષ શાહ આવેલ હતા. ૨૦૧૬-૧૭ની ઈન્કમટેક્ષ વિભાગની સ્ક્રુટીની માટે નીચેની વિગતો માંગેલ હતી. (૧) ટ્રસ્ટ ડીડ અથવા બંધારણ, (૨) કોર્પસ ફંડમાં લઈ ગયેલ અંદાજિત રૂા. ૧૧ લાખની રસીદો, (૩) અન્ય ડોનેશન્સ – અંદાજિત રૂા. ૨૭ લાખની રસીદો, (૪) તે સિવાયના ડોનેશન્સની અંદાજિત રૂા. ૧૩ લાખની રસીદો. આ બધી વિગતો ટ્રેઝરર શ્રી અતુલભાઈ સોનીને મોકલી આપવામાં આવી.

★ **શનિવાર, તા. ૧૦-૮-૨૦૧૯**
- વરસાદી માહોલના કારણે આજની ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગ મુલત્વી રાખવામાં આવેલ હતી. જો કે શ્રી નરસિંહભાઈ પટેલ તથા શ્રી જેન્તીભાઈ લાકડાવાલા મીટિંગ માટે આવેલ હતા.

★ **મંગળવાર, તા. ૧૩-૮-૨૦૧૯**
- કચ્છશ્રુતિના ઓગસ્ટ-૨૦૧૯ના અંકની PDF ફાઈલ વૉટ્સએપથી અનેક જગ્યાએ મોકલી આપવામાં આવી.

★ **બુધવાર, તા. ૧૪-૮-૨૦૧૯**
- શ્રી જગદીશભાઈ ઠક્કરને ત્યાંથી રૂા. ૧૧,૦૦૦/- શ્રી ચીમનભાઈ પલણને ત્યાંથી રૂા. ૩૧,૦૦૦/- તથા શ્રી આર.કે. પટેલને ત્યાંથી રૂા. ૩૧,૦૦૦/-નો ચેક આવ્યો. આ દરેક એમાઉન્ટ ઉઘરાણી સામે આવ્યા. ઉઘરાણીના અન્ય પત્રો લખવાના શરૂ કર્યા.
- ઑડિટર શ્રી નીરવ કાપડિયા આવેલ હતા. છેલ્લા ૪ વર્ષની ઈન્કમટેક્ષની સ્ક્રુટીની માટે બહુ જ ગંભીર હતા. ખજાનચી શ્રી અતુલભાઈ સોની સાથે વાત કરાવી. આ પ્રશ્ને શનિવાર, તા. ૧૭-૮-૨૦૧૯ના રોજ મીટિંગ રાખવાનું નક્કી કર્યું.

★ **શુક્રવાર, તા. ૧૬-૮-૨૦૧૯**
- ઉઘરાણી માટેના અંદાજિત ૫૦ જેટલા પત્રો ટાઈપમાં મૂક્યા. સાંજ સુધી ૮-૧૦ પત્રો પોસ્ટ કરવામાં આવ્યા.
- ઓડિટર શ્રી નીરવ કાપડિયાએ વર્ષ ૨૦૧૫-૧૬ની સ્ક્રુટીની માટેની જે વિગતો મંગાવેલ હતી તે શ્રી અતુલભાઈ સોની તથા શ્રી મનુભાઈ કોટડિયાને ઈ-મેઈલથી મોકલી આપેલ હતી.

★ **શનિવાર, તા. ૧૭-૮-૨૦૧૯**
- એકાઉન્ટન્ટ શ્રી રાજુભાઈ શાહ, શ્રી અતુલ સોની તથા શ્રી મનુભાઈ કોટડિયાએ ઑડિટર શ્રી એન.કે. કાપડિયાના શ્રી હર્ષ શાહ તથા શ્રી કિશન સાથે મીટિંગ કરી. તેઓને જોઈતી કેટલીક વિગતો આપી તથા તેઓના પ્રશ્નોના જવાબો આપ્યા. અમુક વિગતો પાછળથી આપવાનું નક્કી કર્યું.
- સાંજના ૫ વાગે ટ્રસ્ટ મંડળ તથા કારોબારી સમિતિની સંયુક્ત મીટિંગ મળેલ હતી. એજન્ડા મુજબના કામો કરવામાં આવ્યા. કચ્છી મિલનના કન્વીનર તરીકે શ્રી હિમાંશુ ઠક્કર જવાબદારી લેવા તૈયાર હોય તો તેમને કન્વીનર બનાવવા. કચ્છશ્રુતિ સંભાળવા કોઈપણ તૈયાર ન થયા. શ્રી દિનેશભાઈ મહેતા જુલાઈ-૨૦૧૯ પછી કચ્છશ્રુતિ સંભાળવા તૈયાર નથી. નોટબુક યોજનાના હિસાબો તૈયાર ન હોવાથી તે રજૂ ના કરી શકાયા. અષાઢી બીજ કાર્યક્રમના હિસાબો રજૂ કરવામાં આવ્યા કે જેને બહાલી આપવામાં આવી. નવરાત્રિ કાર્યક્રમ ના યોજવો તેવું નક્કી કરવામાં આવ્યું. ગાંધી એન્ડ કંપનીના ૪ વર્ષ જૂના હિસાબો તૈયાર કરી શકાય તેમ નથી તેવું શ્રી મનુભાઈ કોટડિયાએ આ સભાને જણાવતા, ગાંધી એન્ડ કંપની જે રકમની ઉઘરાણી કરે છે તે આપી શકાય તેમ નથી તેવું નક્કી થયું. વર્ષ ૨૦૧૮-૧૯ના ઑડિટેડ હિસાબો મંજૂર કરવામાં આવ્યા. વાર્ષિક સામાન્ય સભાની તારીખ નક્કી કરવામાં આવી.

★ **રવિવાર, તા. ૧૮-૮-૨૦૧૯**
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદની તા. ૧૭-૮-૨૦૧૯ની સંયુક્ત મીટિંગની મિનિટ્સ આજે તેના બધા જ ૩૧ સભ્યોને વૉટ્સએપથી મોકલી આપવામાં આવી.

★ **મંગળવાર, તા. ૨૦-૮-૨૦૧૯**
- શ્રી પ્રાણલાલભાઈ સોની તથા ભુજના શ્રી મોહનભાઈ શાહ

આજરોજ શ્રી કચ્છી સમાજની ઑફિસે આવેલ હતા. તેમની સાથે જનરલ ચર્ચાઓ કરવામાં આવી. મુખ્યત્વે (૧) કચ્છના ગામડાઓમાં ઈન્ટરપ્રિન્યોર શોધવા માટે, (૨) ભુજમાં ફોસીલ પાર્ક અને (૩) નર્મદાના પાણી પ્રશ્ને ચર્ચા કરવામાં આવી.

★ **શુક્રવાર, તા. ૨૩-૮-૨૦૧૯**

● શ્રી સુરેશચંદ્ર મહેતા તથા શ્રી અશોક મહેતા આજરોજ જળસિંચાઈ વિભાગ, સચિવાલય - ગાંધીનગર ગયેલ હતા. શ્રી સુરેશચંદ્ર મહેતાએ નર્મદાના વધારાના પાણીના પ્રશ્ને કરેલ આર.ટી.આઈ.ના અનુસંધાને સુનાવણી રાખવામાં આવેલ હતી. સુપ્રિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી વ્યાસ તથા ભુજથી આવેલ એક્ઝીક્યુટીવ એન્જિનિયર શ્રી કોટવાલ ઉપસ્થિત રહેલ હતા. તેમણે જણાવેલ કે કચ્છને ફાળવાયેલ વધારાના પાણીના કાર્યોમાં મોડું થયું છે પરંતુ તે કેન્સલ કરવામાં આવેલ નથી. તેઓએ જણાવેલ કે વધારાના પાણીની વિવિધ લિંક કેનાલોની વહીવટી મંજૂરી મેળવી તે કામો આગળ ધપાવવામાં આવશે. સૌપ્રથમ સધર્ન લિંક કેનાલ તથા નોર્ધર્ન લિંક કેનાલના કામો શરૂ કરવામાં આવશે પરંતુ તેને ચાલુ કરતા અંદાજિત ૬ મહિનાનો સમય લાગશે. અહીં ચર્ચા પૂરી કરવામાં આવેલ હતી. વધારાના પાણીના કાર્યો અંગે તેઓએ વિગતો સાથેના કેટલાક પેપર્સ આપેલ હતા કે જેનો અભ્યાસ કરતા જણાયું કે આ બધી વિગતો અગાઉ આપણી પાસે આવી ગયેલ છે તે જ હતી.

★ **ગુરુવાર, તા. ૨૯-૮-૨૦૧૯**

● શ્રી કચ્છી સમાજ - અમદાવાદની દત્તક યોજનાના એમાઉન્ટ માટે દીપ ઈન્ડસ્ટ્રીઝ તથા પટેલ ટુર્સ - મેઘજીભાઈને પત્રો લખી રીમાઈન્ડર આપવામાં આવ્યા.

★ **ગુરુવાર, તા. ૫-૯-૨૦૧૯**

● શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઉઘરાણી માટે શ્રી કીર્તિભાઈ બારૂ, શ્રી દીપકભાઈ ચૌહાણ તથા શાર્પેક્ષ એન્જિનિયર્સને ત્યાં ફોન કરવામાં આવ્યા. ■

## સાચી દેશ ભક્તિ

**૧૯૪૫માં અમેરિકાએ જાપાન ઉપર અણુબોંબ ફેંક્યો હતો. આજે ૭૪ વર્ષ પછી પણ અમેરિકા જાપાનમાં એક ટાંકણી પણ વેચી શક્યું નથી કારણકે જાપાનીઓ અમેરિકામાં બનતી કોઈ પણ ચીજ વાપરતા નથી.**

**આને કહેવાય સાચી દેશ ભક્તિ!**

**આપણે ભારતવાસીઓ ચીન માટે આવું ના કરી શકીએ?**

## લઘુ કથા : "એર હોસ્ટેસ"

અનુપમા કર્ણાટકના ગામડાથી નોકરી માટે મુંબઈ આવી અને નોકરી પણ સુંદર મળી ગઈ. થોડા સમયમાં એરહોસ્ટેસ તરીકે નોકરીમાં જોડાઈ ગઈ હતી.

નોકરી સુંદર હોવાથી તેણે એક ફ્લેટમાં મકાન પણ રાખી લીધું. સર્વિસમાં અવરજવર થાય ને ઓળખાણ વધવા લાગી. અનુપમા દેખાવડી અને હસમુખા સ્વભાવની હોવાથી દૂધમાં સાકરની જેમ ભળી ગઈ. દરેક વ્યક્તિ સાથે તેનો ખૂબ જ સુંદર વ્યવહાર અને આદરભાવ હતો. વતનથી દૂર એકલી યુવાન વયની હોવાથી તેને થોડીક તકલીફ પડતી. પરંતુ તેણે ત્યાં ખૂબ જ સુંદર સર્કલ થોડા સમયમાં જમાવી લીધું.

આમ થોડા વરસો વિત્યા હશે ત્યાં એક પાઈલોટ સાથે પ્રેમ થયો. શરૂઆતમાં બંને એકમેકને ખૂબ જ ચાહતા, પછી પિક્ચર જોવા જવાનું અને એકલા મળવાનું શરૂ થયું ને ગાઢ પ્રેમ થઈ ગયો. પાઈલોટ યુવક સમીર પણ ખૂબ જ સુંદર, હસમુખો અને આનંદી સ્વભાવનો હતો. એટલે બંને વચ્ચે પ્રેમના અંકુર ફુટ્યા અને પ્રણયના માર્ગે આગળ વધવા લાગ્યા. બંને યુવા હૈયા આનંદને હિલોળે ચડ્યા...

એટલા નીકટના સંબંધો થયા કે એકબીજા વિના ચાલે જ નહીં... નોકરીએથી છૂટે એટલે અવશ્ય મળે. આ સંબંધો ખૂબ જ ગાઢ થતા ગયા અને એકબીજાના ઘેર આવવાનું થતું રહેતું. અનુપમા એકલી જ રહેતી હતી. જેથી સમીર ત્યાં જ આવે. એક વખત બંને જણને છુટ્ટી હતી એટલે પિક્ચર જોવા ગયા. પિક્ચર પૂરું થયું એટલે અનુપમાને ઘેર આવ્યા. હવે અનુપમાને સીગરેટ પીવાની ટેવ. એ મૂકવા માટે ઘણી વખત સમીર સમજાવતો... પણ અનુપમા એ મૂકવા સમર્થ ન હતી. આ વખતે આ વાતની રકઝક થઈ. બંને જણે જમીને કેફી પીણું પીધેલ અને અનુપમાએ સીગારેટ પીધી. સમીરે તેને ના કહેતા, તેને લાગી આવતા ફ્લેટના છઠ્ઠા માળેથી છલાંગ મારી દીધી. તેને બચાવવા માટે સમીરે ખૂબ જ ઉપાય કર્યા. તાત્કાલિક હોસ્પિટલ લઈ ગયો પરંતુ સારવાર દરમિયાન તેનું અવસાન થયું. સમીર બિચારો અશ્રુ સારી બેસી જ રહ્યો. અનુપમાની ફ્લાઈટ ક્યારે આવે તેની રાહ જોતો...!!

આમ, વ્યસનથી જીવન બરબાદ થઈ જાય છે. તેની જાગૃતિ માટે સમીરે અભિયાન શરૂ કરેલ પણ કોણ સમજવા તૈયાર છે....?!!

*દિલીપ આચાર્ય 'દિલકશ' - ભુજ, કચ્છ*
*મો. ૯૯૨૫૪ ૨૬૯૮૮*

*સૌંદર્ય સત્તા છે અને સ્મિત તેની તલવાર છે.*


नींबू सा नटखट
MICHI'S
Candies & Toffees
क्लासी भी ज्युसी भी
Nimbupani Candy
MICHI'S Slicy
Maha Masti
₹1/- PER PIECE
ऑरेन्ज सा मस्त-मस्त
Orange Masala Candy
नींबूपानी केन्डी
ऑरेन्ज मसाला केन्डी
MichisTreats
JRJ FOODS PVT. LTD.
MANUFACTURER & MARKETER OF CONFECTIONERY PRODUCTS
Plant & Registered Office :
Plot Nos.: 314/315, Phase 1, GIDC - Chhatral, Taluka - Kalol,
Dist. - Gandhinagar 382 729. Gujarat, India.
+91 2764 234400 / 11 / 12
info@jrjfoods.com
jrjfoods.com

# સીમ્સ હોસ્પિટલ

CIMS

વિશ્વાસ




**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧ એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

- પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"
- GE Centricity® સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.
- સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોર્ટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડીયોલોજી
- કાર્ડીયો થોરાસિક સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઇએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઝીકલ મેડિસીન
- ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગેસ્ટ્રો એન્ડ ઇન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એસ્થેટીક એન્ડ આઇવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઇન્ફેક્શન એન્ડ આઇવીએફ ડિસીઝ
- ઇન્ટરનલ મેડીસીન
- જોઈન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનેટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યુરોલોજી
- ન્યુરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઇન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઇક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- ર્હુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઇન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટર એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓર્ટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂંક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | GreenOT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS® Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices


સુકન મોલ નજીક, સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઇમેલ : info@cims.org | www.cims.org

એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઇમરજન્સી : +91-97234 50000

www.facebook.com/cimshospitals

www.cims.org

CIMS Hospital India App on:


PRECISION
IN BEARING CAGES
PERFECTION
IN AUTOMOTIVE COMPONENTS
BRASS
CAGES
STEEL
CAGES
DEEP GROOVE CAGES
TAPER ROLLER CAGES
SPHERICAL ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
ANGULAR CONTACT CAGES
THRUST ROLLER CAGES
POLYAMIDE
CAGES
DEEP GROOVE CAGES
ANGULAR CONTACT CAGES
TAPER ROLLER CAGES
CYLINDRICAL ROLLER CAGES
STAMPED
COMPONENTS
AUTOMOTIVE INDUSTRY
BEARING & SEALING
ELECTRICAL & APPLIANCE INDUSRTY
SPECIAL APPLICATION
DEFECT FREE PRODUCTS THROUGH TPM CULTURE
CUSTOMER DELIGHT | EMPLOYEE EMPOWERMENT | INNOVATION
INDIA
Harsha Engineers Ltd.
Sarkhej-Bavla Road, PO Changodar, Ahmedabad-382213, Gujarat.
Phone: +91 2717 618200 E-mail: marketing@harshaengineers.com
CHINA
Harsha Engineering
Components (Changshu) Co., Ltd.
Building 25, Maqiao Industrial Square,
Changshu Economic Development Zone,
Changshu, Jiangsu, PR China.
Phone: +86-0512-52264781
E-mail: mktg@harshaengineers.cn.com
ROMANIA
Harsha Engineers SRL
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com
HARSHA
ENGINEERS
www.harshaengineers.com

REGD. NO. GAMC/1028/2018-20 VALID UPTO 31-12-2020 • R.N.I. 46515/87
PUBLISHED ON 10TH OF EVERY MONTH • POSTED AT P.S.O. AHMEDABAD ON 15TH OF EVERY MONTH

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.**
મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. Tel. 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 8.60% @ with monthly Interest.
- C/A (ચાલુ ખાતા) Flexi Deposit માં વ્યાજ 5.50% @
- S/B (બચત ખાતા) Flexi Deposit માં વ્યાજ 6.00% @
- RTGS / NEFT / DD / IBC Cheque Book Charges : Nil
- ATM Card ■ Lockers ■ Free SMS Alert
- રૂા. ૨.૫૦ કરોડ સુધીની તાત્કાલિક લોન સ્કીમ – No Process Fees
- રૂા. ૧૦ લાખ સુધીની લોન/ CCમાં મોર્ટગેજ ખર્ચ : NIL

બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

**RADHA VALLABH GROUP**
Bonafide Brokers | Nelco Agency
Aryan Agency | Jaya Marketing
A-410, City Center, Opp. Idgah Police Chowky,
Prem Darwaja Road, Ahmedabad.
Phone : 22124412, 22120234, 22160418 (Resi.) 22865419
Web : www.bonafidebrokers.com
Chamanbhai : M. 99250 70719 — Amitkumar : M. 98790 24849
Nileshbhai : M. 98250 70719 — Hirenkumar : M. 98799 97777



**DEEP Industries Limited**
Oil & Gas Exploration Production & Services

- EXPLORATION AND PRODUCTION OF OIL AND GAS BLOCKS
- EXPLORATION AND PRODUCTION OF COAL BED METHANE
- NATURAL GAS COMPRESSION SERVICES
- OIL & GAS PROCESSING EQUIPMENT
- WORK OVER AND DRILLING RIGS
- HIGH PRESSURE MOBILE AIR COMPRESSION
- NATURAL GAS BASED POWER GENERATION
- GAS DEHYDRATION UNIT

CONTACT DETAILS
Deep Industries Limited
Address : 12A & 14, Abhi Shree Corporate Park, Ambli Bopal Road, Ambli, Ahmedabad-380 058, Gujarat, INDIA.
Phone # : +91-2717-298510 Fax # : +91-2717-298520
Website : www.deepindustries.com E-mail : info@deepindustries.com

MEET RUDANI +91 9726066655
MILAP PATEL +91 9737524821
**RUDANI INNOVATION INDUSTRIES**
INDUSTRIES AUTOMATION • SPM MACHINES
WATERJET CUTTING MACHINE
LED TUBELIGHT & BULB MANUFACTURING MACHINE
Which Establish your Ideas & Dreams into the Reality...
47, Amba Estate, Vatva-Mehmdabad Highway, Nr. S. P. Ring Road Circle, Vatva, Ahmedabad-382445 • Web. : www.rudaniinnovation.com
Email : sales@rudaniinnovation.com
purchase@rudaniinnovation.com

Modular Kitchens | European Style Wardrobes | Pantry
SUJAKO





**SILICON®**
ZERO MAINTENANCE LAMINATE
RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

**Patel Tours & Travels®**
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888



AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT



BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)
PARCEL SERVICE AVAILABLE ALL ROUTE PAY & TO PAY
E-mail : patelinn@yahoo.com
Online Booking:

BUILDERS WE PRESENT



BUY • SALE • RENT • INVEST
RESIDENT, COMMERCIAL, LAND
48, 4th Floor, Amrapali Axion, Nr. Bopal Ring Road, Bopal, Ahmedabad-380058
Mo : +91 98795 32139 +91 98700 63481
E : primeproperty123@yahoo.com

**PRIME PROPERTY**
- Inspection of Property
- Evaluate Property
- Pricing of Property
- Goodwill of Developer
- Validation of Document
- Time of Delivery
- Tenant Screening
- Ultimate Properties

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)